RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 275 Dt. 28-1-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




## રાજનીતિમાં ભારત અવ્વલ

# માનસરોવર યાત્રાનો ફરી થશે પ્રારંભ

## ભારત- ચાઈનાએ સાધી સંમતિ: બંને દેશો વચ્ચે શરૂ થશે હવાઈ સેવા

નવીદિલ્હી, તા. ૨૭

વિદેશ સચિવ વિક્રમ મિસ્રી બે દિવસીય ચીનની મુલાકાતે છે. આ દરમિયાન તેમણે બંને દેશોની મહત્વપૂર્ણ બેઠકમાં ભાગ લીધો હતો. વિદેશ સચિવ અને ચીનના નાયબ વિદેશ મંત્રી વચ્ચે વાતચીત માટે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવામાં આવી હતી અને ભવિષ્યમાં સંબંધોને વધુ મજબૂત કરવા માટે કેટલાક જરૂરી પગલાં લેવા પર સહમતિ દર્શાવવામાં આવી હતી. વિદેશ મંત્રાલયએ સોમવારે આ જાણકારી આપી. વિદેશ મંત્રાલયે કહ્યું, ''વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે ઓક્ટોબરમાં કઝાનમાં થયેલી બેઠકમાં સંમત થયા મુજબ, બંને પક્ષોએ ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિની વ્યાપક સમીક્ષા કરી અને સંબંધોને સ્થિર અને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કર્યા.'' કેટલાક લોકો કેન્દ્રિત પગલાં લેવા સંમત થયા.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, બેઠક દરમિયાન બંને દેશોએ આ વર્ષે ઉનાળામાં કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. આ યાત્રા ફરી શરૂ કરવા માટે હાલના કરારો હેઠળ જરૂરી વ્યવસ્થાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, ભારત અને ચીન આબોહવા ડેટાના આદાનપ્રદાન અને સરહદી નદીઓ સંબંધિત અન્ય સહયોગ અંગે ચર્ચા કરવા બંને દેશો વચ્ચે નિષ્ણાત સ્તરની મિકેનિઝમની પ્રારંભિક બેઠક યોજવા સંમત થયા હતા.

બંને દેશો લોકો વચ્ચેના સંબંધોને પ્રોત્સાહન આપવા મીડિયા અને થિંક ટેન્કની ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહિત કરવાની યોજના ધરાવે છે. આ સાથે બંને દેશો વચ્ચે સીધી હવાઈ સેવા ફરી શરૂ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે બંને દેશોના ટેકનિકલ અધિકારીઓ ટૂંક સમયમાં બેઠક કરશે અને નવું માળખું તૈયાર કરશે. આ વર્ષે બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ હશે. આ અવસર પર બંને દેશોએ રાજદ્વારી પ્રયાસોને વધુ મજબૂત બનાવવા અને પરસ્પર વિશ્વાસ અને સમજણ વધારવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત સાંસ્કૃતિક અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. વિદેશ સચિવ મુલાકાત દરમિયાન ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના પોલિટબ્યુરોના સભ્ય અને વિદેશ મંત્રીને પણ મળ્યા હતા.

સંબંધો સુધારવાની પ્રક્રિયાએ તમામ સ્તરે વેગ પકડ્યો છે. બંને પક્ષોએ આ તકનો લાભ ઉઠાવવો જોઈએ.

આપણે એકબીજાને મળવું જોઈએ અને વધુ નક્કર ઉકેલો શોધવા જોઈએ. આપણે શંકા, એકલતા અને ઉપભોગને બદલે પરસ્પર સમજણ, સમર્થન અને સિદ્ધિ માટે પ્રતિબદ્ધ થવું જોઈએ, એમ તેમણે કહ્યું. દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો અને વિકાસ બંને બાજુના લોકોના હિતમાં છે. તે વૈશ્વિક દક્ષિણમાં દેશોના અધિકારો અને હિતોનું રક્ષણ કરવા માટે પણ અનુકૂળ છે. વાંગે કહ્યું કે ભારત અને ચીન વચ્ચેના સારા સંબંધો એશિયા અને વિશ્વની બે પ્રાચીન સંસ્કૃતિની શાંતિ, સ્થિરતા, વિકાસ અને સમૃદ્ધિમાં યોગદાન આપવા માટે પણ ફાયદાકારક છે.

## પાન મસાલાના વેપારીઓ પર GST ત્રાટક્યું

# શહેરના પી.કે પટેલ, રાજકમલ અકા અને જેની સેલ્સ પર SGSTના દરોડા

## રાજ્યવ્યાપી સરચ ઓપરેશનમાં અનેક ખુલાસાઓ થવાની સંભાવના : રાજકોટ દરોડામાં શંકાસ્પદ દસ્તાવેજો વિભાગને હાથ લાગ્યા હોવાની ચર્ચા

રાજકોટ, તા. ૨૭

છેલ્લા ઘણા સમયથી સમગ્ર રાજ્યમાં અને કહી શકાય કે દેશભરમાં સેન્ટ્રલ એજન્સી દ્વારા જે તપાસનો ધમધમાટ બોલાવવામાં આવ્યો છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે માર્ચ એન્ડિંગને ધ્યાને લઈને હાલ સમગ્ર કામગીરી કરવામાં આવી રહી છે કારણ કે દરેક દરોડામાંથી એજન્સીને ખૂબ મોટી સફળતા મળતી હોય છે મહત્વનું એ છે કે આજે જે પ્રશ્નો ઊભો થયો છે જીએસટીમાં તેની પાછળનું સૌથી મોટું કારણ જ એ છે કે જે ડર અને હાવ હોવો જોઈએ તે જોવા મળતો નથી. એટલું જ નહીં સત્ય હકીકત તો એ છે કે આજે કોઈપણ વ્યક્તિને ધંધો કરવો હોય તો જીએસટી નંબર મેળવવો અનિવાર્ય છે પરંતુ આ કિસ્સામાં પણ એનકેન પ્રકારે ગોલમાલ થતી હોવાનું માલુમ પડતા હવે વેપારી પણ પોતાનો આર્થિક વ્યવહાર અને વ્યવસાય અનેકવિધ ગેરરીતિયોથી ચલાવતા હોય છે ત્યારે ગઈકાલે સમગ્ર રાજ્યમાં સ્ટેટ જીએસટી દ્વારા પાન મસાલા ના વેપારીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ ૨૨ સ્થળો પર આ સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું.

જરૂરી એ છે કે જીએસટી વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી તેમાં અનેકવિધ ખુલાસાઓ થવાના છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી કારણ કે આ પાનના વેપારીઓ દ્વારા એનકેન ઠકારે ખોટા બીલો બનાવી અથવા તો જે વસ્તુનું વેચાણ કરવાનું હોય તેના બદલે અન્ય વસ્તુ ની હેરફેર કરવી તેવા અનેકવિધ કિસ્સાઓ સામે આવે છે અને તેમાં પાન મસાલા ના વેપારીઓની સંડોવણી પણ ખુલી છે ત્યારે ગઈકાલે હાથ ધરાયેલા દરોડામાં સ્ટેજ જીએસટીને ઘણી મોટી સફળતા મળે તેવું હાલ પ્રાથમિક ચિત્ર સામે આવ્યું છે.

રાજ્યના વિવિધ વેપારીઓને ત્યાં GST વિભાગ કાર્યવાહી કરી રહ્યું છે અને બિલ વગર વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલમાં રાજ્યમાં પાન મસાલાનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટમાં પાન મસાલાના હોલસેલ વેપારીઓની પેઢીમાં GST વિભાગે દરોડા પાડ્યા છે.

રાજ્ય GST વિભાગની એન્ફોર્સમેન્ટ બ્રાન્ચ દ્વારા મળેલી માહિતીના આધારે રાજકોટમાં તમાકુમાં વેપાર કરતા કરદાતા સામે સર્ચ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, રોકડ વ્યવહારો દ્વારા બિનહિસાબી વેચાણ અને બિનહિસાબી સ્ટોક જેવી અનેક ગેરરીતિઓ ધ્યાનમાં આવશે તો કડકમાં કડક કાર્યવાહી GST વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. મળતી માહિતી મુજબ, રાજકોટમાં વિવિધ પાન મસાલાના હોલસેલ વેપારીઓની પેઢીમાં GST વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટના મવડી વિસ્તારમાં પી પટેલ એજન્સી, કરણપરામાં રાજકમલ એજન્સી - અલ્કા સેલ્સ - જેનીશ સેલ્સ સહિતની એજન્સીઓમાં GST વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જીએસટી વિભાગની અલગ અલગ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

મહત્વનું છે કે સ્ટેટ GST વિભાગ અલગ અલગ બ્રાન્ડના પાન મસાલા હોય કે મોબાઈલ હોય કે બિઝનેસ ટુ કસ્ટમર સુધી વેચાણ કરતા વેપારીઓની અલગ અલગ વસ્તુઓ હોય તમામ વેપારીઓ મામલે અને તેમના દ્વારા કરવામાં આવતા આર્થિક વ્યવહારોની વિગતો તપાસવામાં આવે છે અને આવા વેપારીઓની જે બાતમી મળી આવે તેવા વેપારીઓને ત્યાં સર્ચ ઓપરેશન કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. GST વિભાગની આ કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી પકડાઈ તેવું વિભાગ્ય સૂત્રોનું માનવું

### ખૂબ મોટી સંખ્યામાં રોકડ મળી આવી હોવાની ચર્ચા

રાજકોટ ખાતે જે સ્ટેટ જીએસટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે તેમાં હાલ ચર્ચા એ જોડ પકડ્યું છે કે ખૂબ મોટી સંખ્યામાં રોકડ વ્યવહાર મળી આવ્યા છે એટલું જ નહીં ઘણા ખરા એવા શંકાસ્પદ દસ્તાવેજો પણ હાથ લાગ્યા હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે પ્રાથમિક તપાસમાં જીએસટી વિભાગને અનેક ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવ્યા હોવાનું માલુમ પડતા તેની તપાસ શરૂ કરી દીધી છે ત્યારે આ દરોડામાં વેપારી આલમ ઉપર જે રીતે તમારી બોલાવવામાં આવી છે તેને લઈ તેના સલગ્ન વેપારીઓમાં પણ ક્યાંકને ક્યાંક ફફડાટ જોવા મળે છે.

# ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા લાગુ

## UCCને અમલી બનાવનારું ઉત્તરાખંડ બન્યું દેશનું પહેલું રાજ્ય

દહેરાદૂન, તા.૨૭

ઉત્તરાખંડે આજે એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. ઉત્તરાખંડની પુષ્કર ધામી સરકારે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code- UCC) ધારો લાગુ કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉત્તરાખંડ યાત્રા પહેલા આજે બપોરે ૧૨.૩૦ કલાકે આ મહત્વપૂર્ણ કાયદો લાગુ કરવાની ઔપચારિક જાહેરાત કરી હતી. સરકારી અધિકારીઓએ જણાવ્યું છે કે આ કાયદો આખા રાજ્યમાં એકસમાન રીતે લાગુ કરવામાં આવશે. રાજ્યની બહાર રહેતા ઉત્તરાખંડના નાગરિકોને પણ આ કાયદો લાગુ પડશે. ઉત્તરાખંડમાં UCCની અધિસૂચના જારી કર્યા બાદ મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું હતું કે આ એક ઐતિહાસિક પગલું છે. આ કાયદો બનાવવા માટે રાજ્ય સરકારના અધિકારીઓએ દિવસ રાત મહેનત કરી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આજનો દિવસ સમગ્ર ભારત માટે ઐતિહાસિક છે.




લોકોમાં સમાનતા લાવવા માટે બનાવવામાં આવેલો UCC ઉત્તરાખંડ રાજ્યમાં લાગુ કરવામાં આવી રહ્યા છે. ગઈઈ કાનૂન લાગુ થયા બાદ રાજ્યના બધા રહેવાસીઓના અધિકાર એકસમાન થઇ ગયા છે. લોકોમાં સમાનતા લાવવા માટે અમલમાં મૂકવામાં આવેલા આ કાનૂનમાં દરેક ધર્મની મહિલાઓ માટે હવે એક જ કાનૂન હશે. આજનો દિવસ મારી માટે ઘણો ભાવનાત્મક છે. આ કાનૂન લાગુ થવાથી ટ્રિપલ તલાક, હલાલા, ઈદ્દત, લીવ ઈન રિલેશનશીપ્સ, બહુપત્નીત્વની પ્રથા પર સંપૂર્ણપણે રોક લાગી જશે.સીએમ ધામીએ એવી પણ સ્પષ્ટતા કરી હતી કે યુનિફોર્મ સિવીલ કોડ કોઇ ધર્મ કે સંપ્રદાયની વિરુદ્ધ નથી. આમાં કોઈને નિશાન બનાવવામાં આવ્યા નથી. સમાજમાં સમાનતા લાવવા માટે આ કાનૂન લાવવામાં આવ્યો છે. અમે કોઈ રિવાજ બદલવાનો પ્રયાસ કર્યો નથી. અમે માત્ર ખરાબ પ્રથાઓ દૂર કરી છે. ઉત્તરાખંડમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન સત્તાધારી ભાજપ દ્વારા UCCનો અમલ કરવાનું વચન આપવામાં આવ્યું હતું. ૨૦૨૨ના માર્ચમાં ફરીથી સત્તારૂઢ થયા બાદ પુષ્કર સિંહ ધામીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની પ્રથમ મીટિંગમાં જ UCCના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી અને તેનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવાને મંજૂરી આપવામાં આવી હતી. જસ્ટિસ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ UCC બિલને મંજૂરી આપી હતી. ત્યાર બાદ તેના અમલીકરણ માટે નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા, જેને રાજ્ય કેબિનેટે મંજૂરી આપી હતી.

# વકફ બિલ માટે JPCએ ૧૪ સુધારા સ્વીકાર્યા




## જેપીસીની બેઠકોમાં ૪૪ સુધારા પર ચર્ચા કરવામાં આવી : બિલ પર ૧૦૮ કલાક ચર્ચા થઈ અને ૨૮૪ હિતધારકો સાથે વાત કરવામાં આવી

નવીદિલ્હી, તા. ૨૭

વકફ બિલ પર બનેલી સંયુક્ત સંસદીય સમિતિએ બિલમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સાંસદો દ્વારા સૂચવવામાં આવેલા ઘણા સૂચનોને સ્વીકારી લીધા છે. જો કે, વિપક્ષી સાંસદોએ આક્ષેપ કર્યો હતો કે તેમના સૂચનોને ફગાવી દેવામાં આવ્યા હતા. વિપક્ષનો આરોપ છે કે તેમની વાત સાંભળવામાં આવી રહી નથી. મીડિયા સાથે વાત કરતી વખતે, સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે જણાવ્યું હતું કે સમિતિ દ્વારા સૂચવવામાં આવેલા ફેરફારો વધુ સારા અને અસરકારક કાયદામાં પરિણમશે. વિપક્ષી સાંસદોએ જેપીસીની બેઠકો પર લોકતાંત્રિક પ્રક્રિયાને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો હતો. ટીએમસી સાંસદ અને જેપીસી સભ્ય કલ્યાણ બેનર્જીએ આરોપ લગાવ્યો કે જેપીસીની બેઠક દરમિયાન તેમનું સાંભળવામાં આવ્યું ન હતું અને જગદંબિકા પાલ સરમુખત્યારશાહી રીતે વર્તી રહ્યા હતા. તેમણે સમગ્ર પ્રક્રિયાને હાસ્યાસ્પદ ગણાવી હતી. કલ્યાણ બેનર્જીએ કહ્યું કે 'તેણે જે નક્કી કર્યું હતું તે નક્કી કર્યું. લોકશાહીના ઈતિહાસમાં આ એક કાળો દિવસ છે. જોકે, જગદંબિકા પાલે વિપક્ષના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે સમગ્ર પ્રક્રિયા લોકતાંત્રિક રીતે કરવામાં આવી હતી અને બહુમતીના આધારે નિર્ણયો લેવામાં આવ્યા હતા.



જેપીસીના પ્રમુખ જગદંબિકા પાલે જેપીસીની બેઠક બાદ કહ્યું કે 'આ અમારી છેલ્લી બેઠક હતી. જેપીસીની બેઠકોમાં ૪૪ સુધારા પર ચર્ચા કરવામાં આવી હતી. અમે તમામ સભ્યો પાસેથી સૂચિત સુધારાઓ માટે કહ્યું હતું.

સમિતિએ બહુમતીના આધારે ૧૪ સુધારા સ્વીકાર્યા છે. વિપક્ષે પણ કેટલાક સુધારા સૂચવ્યા હતા, પરંતુ જ્યારે તેઓ મતદાન માટે મૂકવામાં આવ્યા હતા, ત્યારે બહુમતીના આધારે તે નામંજૂર કરવામાં આવ્યા હતા. જેપીસીના સભ્ય સાંસદ અપરાજિતા સારંગીએ જણાવ્યું હતું કે જેપીસીની બેઠકો સંપૂર્ણ લોકતાંત્રિક રીતે યોજાઈ હતી. દરેકને બોલવાની તક આપવામાં આવી. બિલ પર ૧૦૮ કલાક ચર્ચા થઈ અને ૨૮૪ હિતધારકો સાથે વાત કરવામાં આવી. કમિટીએ અલગ-અલગ રાજ્યોમાં જઈને એવા સંગઠનોના સભ્યો સાથે બિલ પર ચર્ચા કરી કે જેમના લોકો દિલ્હી આવી શક્યા નથી.

જેપીસીના સભ્ય અને કોંગ્રેસના સાંસદ નાસિર હુસૈને દાવો કર્યો હતો કે ૯૫-૯૮ ટકા હિસ્સેદારોએ બિલનો વિરોધ કર્યો હતો. તેમજ બિલના વિભાગોની ચર્ચા કરવામાં આવી ન હતી અને પક્ષકારોને સાંભળ્યા વિના સુધારા પર મતદાન કરવામાં આવ્યું હતું. કોઈ ચર્ચા થઈ ન હતી. શિવસેના યુબીટી સાંસદ અરવિંદ સાવંતે કહ્યું કે બિલની દરેક કલમો પર જેપીસીની બેઠકોમાં ચર્ચા થવી જોઈતી હતી, પરંતુ એવું થયું નહીં.

માત્ર સુધારા પર મતદાન થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે બિલનો અંતિમ ડ્રાફ્ટ ૨૯ જાન્યુઆરીએ રજૂ કરવામાં આવશે, અમે તેને વાંચીશું અને જોઈશું કે શું કરવું, પરંતુ અમૃત વર્ષમાં લોકશાહીની હત્યા કરવામાં આવી છે.

એનડીએના સાથીઓએ પણ બિલમાં સુધારા માટે નોટિસ આપી હતી પરંતુ અંતિમ યાદી તૈયાર થાય તે પહેલા સુધારાની નોટિસ પાછી ખેંચી લીધી હતી. જો કે એનડીએ ગઠબંધનના સહયોગી આ બિલ પર કેટલાક સૂચનો આપી શકે છે. ટેકનિકલી એ જરૂરી નથી કે તેમના સૂચનો રેકોર્ડમાં હોય. આ સૂચનો બિલ પર એનડીએના સહયોગી પક્ષો આપી શકે છે.

### યાર્ડના વેપારી પાસેથી માલ પોણા બે કરોડનો માલ ખરીદી તોંતેર લાખ ચુકવ્યા-બાકીની રકમનો ધૂંબો

# ફ્રોડના ત્રણ કિસ્સાઃ કરોડ, અડધો કરોડ અને બાર લાખ ગયા

## સાયકલની કંપનીને ત્રેપન લાખનો લગાવાયો ચુનોઃ ત્રીજા કિસ્સામાં સ્ક્રેપને ધંધાર્થી સાથે લાખોની છેતરપીંડી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

રાજકોટઃ ગામને છેતરવાના, ધૂંબા મારવાના અને ચૂનો લગાડવાના બનાવો અવિરત રહ્યા છે. વધુ ત્રણ ઠગાઇના કિસ્સાઓમાં યાર્ડના વેપારી સાથે એક કરોડની ઠગાઇ, સાયકલ બનાવતી કંપની સાથે અડધા કરોડની ઠગાઇ અને સ્ક્રેપના ધંધાર્થી સાથે બાર લાખની છેતરપીંડી થતાં પોલીસે તપાસ શરૂ કરી છે. રોજબરોજ બનતી આ પ્રકારની છેતરપીંડીની ઘટનાઓમાં પોલીસ એક તપાસ પુરી કરે ન કરે ત્યાં બીજી નવી ફરિયાદ સામે આવી જતી હોય છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં ભાવનગર ચિત્રા માર્કેટીંગ યાર્ડની પેઢીના સંચાલક સાથે એક કરોડથી વધુની ઠગાઇ થઇ છે. વિગતો જોઇએ તો ચિત્રા માર્કેટિંગ યાર્ડમાં આવેલ મહાકાળી કોટન નામની પેઢીમાંથી કટકે-કટકે કુલ રૂ.૧.૭૫ કરોડની કિંમતનો કપાસ ખરીદ્યા બાદ તળાજાની કોટન જીનના ભાગીદારોએ બાકી રકમ પૈકી રૂપિયા તોંતેર લાખ ચૂકવી બાકીના એક કરોડ બે લાખ નહીં ચૂકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા વેપારીએ કોટન જીનના ભાગીદારો વિરૂદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ માહિતી અનુસાર વિજયરાજનગરમાં શેરી નં.૦૩, પ્લોટ નં. ૮૦૨/૧ માં રહેતા અને માર્કેટિંગ યાર્ડ ચિત્રા ખાતે મહાકાળી કોટન નામની પેઢી ધરાવી કપાસની ખરીદી અને લે-વેચ કરતા વિનોદકુમાર ખીમજીભાઈ ભલાણીને ૧૨ વર્ષ પહેલા તળાજાના ગજાનન કોટન જીનના રાજુભાઈ ગોરધનભાઈ કુકડીયા (રહે. રોયલ તા. તળાજા) તથા તેમના ભાગીદારો સાથે ઓળખાણ થઈ હતી અને તેમની સાથે તેઓ કપાસનો વેપાર કરતા હતા. શરૂઆતમાં રાજુ કુકડીયા કપાસનો ઓર્ડર આપ્યા બાદ પદર દિવસમાં તેનું પેમેન્ટ કરી આપતા હતા. આથી તેમની સાથે વિશ્વાસ કેળવાતા વેપાર વધાર્યો હતો.

ત્યારબાદ કુલ બાવીસ વખત ગજાનંદ કોટન જીનને રૂ.૧,૭૫,૮૦,૨૫૭ની કિંમતનો કપાસ તેમના ઓર્ડર મુજબ મોકલ્યો હતો. જે પૈકી તેમણે કટકે-કટકે તોંતેર લાખ ચૂકવી આપ્યા હતા. અને બાકી રહેતી રકમ રૂ.૧,૦૨,૮૦,૨૫૭ની અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં બાકી રકમ નહીં ચૂકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા વિનોદકુમાર ખીમજીભાઈ ભલાણીએ ગજાનંદ કોટન જીનના



ભાગીદારો રાજુ ગોરધનભાઈ કુકડીયા, નરેશ ગોરધનભાઈ કુકડીયા, કિશોર વશરામભાઈ કુકડીયા, લક્ષ્મણ શામજીભાઈ કુકડીયા, તુલસી વશરામભાઈ કુકડીયા વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામમાં આવેલી સાયકલ અને તેના સ્પેરપાર્ટસ બનાવતી કંપનીને દેશભરના અલગ અલગ શહેરના વેપારીઓ દ્વારા ૫૩ લાખ રૂપિયાનો ચૂનો લગાડવામાં આવ્યો છે જેના કારણે આખરે કંપનીએ કંટાળીને આ વેપારીઓ સામે રખિયાલ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. દહેગામ તાલુકાના સુજાના મુવાડા ખાતે આવેલી અલ્ફા વેક્ટર -ઇવેટ લિમિટેડ કંપનીના લીગલ એડવાઇઝર પાર્થ સારથીએ ફરિયાદ નોંધાવી હતી કે કંપની ભારતભરમાં વિવિધ મોડલની સાયકલો અને સ્પેરપાટ્ર્સનું વેચાણ કરે છે.

હૈદરાબાદની શ્રીલક્ષ્મી સાયકલ કંપનીના માલિક શિવા -સાદ, પુણેની ટોયઝર કંપનીના માલિક કાદિર નાલબંધ, કાનપુરની શ્રીસાંઇ એન્ટરપ્રાઇઝના માલિક કુશાગ્ર રસ્તોગી, ચેન્નઈની લોક એન્ડ કી સાયકલના માલિક ટી. આકાશ, કેરળની એલ.સી બાઇક પ્રોડક્ટની માલિક સીમા વેનુગોપાલ, આંધ્ર-દેશની સ્માર્ટ લિવિંગના માલિક કોટીપલ્લી વામસી કિશોર અને મહારાષ્ટ્રના બાઇસિકલ સ્ટુડિયોના માલિક શાહરૂખ ખાને અલગ-અલગ સમયે કંપની પાસેથી સાયકલો અને સ્પેરપાટ્ર્સ મંગાવ્યા હતા.

આ તમામ વેપારીઓએ કંપનીને વિશ્વાસમાં લઈને માલ વેચાણ કરવાની અને પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી હતી. જો કે, માલની ડિલિવરી લીધા બાદ કોઈએ પણ નાણાં ચૂકવ્યા નથી. આ રીતે કુલ ૫૩ લાખથી વધુની રકમની છેતરપિંડી થઈ છે. કંપનીએ વારંવાર માંગણી કરવા છતાં પેમેન્ટ ન મળતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

હાલ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા દોડધામ શરૃ કરવામાં આવી છે.

ત્રીજા બનાવમાં ભાવનગર શહેરના મોતીતળાવ વીઆઈપી વિસ્તારમાં સ્ક્રેપનો ધંધો કરતા વેપારીએ દ્વારકા પાસે આવેલ મીઠાપુર ગામમાંથી ખરીદ કરેલ સ્ક્રેપ પેટે રૂા. ૧૧.૯૯ લાખ ચૂકવી દીધા હોવા છતાં માલ નહીં મોકલી વેપારી સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. ક્રેસન્ટ સર્કલ નજીક રહેતા અને મોતીતળાવ વીઆઈપી વિસ્તારમાં આવેલ પ્લોટ નં.સી. ૨૯૦ માં એમ.એસ. એન્ટરપ્રાઇઝ નામથી સ્ક્રેપનું વેચાણ કરતા સાદીકભાઈ બશીરભાઈ ચીરકલી જેવા જ સ્ક્રેપના ધંધા સાથે સંકળાયેલા મૂળ ઉત્તર-દેશના વતની અને મુંબઈમાં ધંધો કરતા અમરનાથભાઈએ મોબાઇલ ફોન દ્વારા દ્વારકા પાસે આવેલ મીઠાપુર ગામમાં સ્ક્રેપનો મોટો જથ્થો હોવાનું જણાવ્યું હતું અને માલ ખરીદવો હોય તો માલ વેચનારનો કોન્ટેક નંબર આપ્યો હતો.

સાદીકભાઈએ કોન્ટેક નંબર વાળા આલમ સાથે સ્ક્રેપના વેચાણ અંગે વાત કરી હતી અને રૂા. ૩૧ પ્રતિ કિલોના ભાવે સોદો મંજૂર કર્યો હતો અને માલ પેટે એડવાન્સ રૂા. એક લાખ બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. જે આલમએ પરત મોકલાવી બીજા એકાઉન્ટમાં જમા કરવા જણાવતા તેમણે અન્ય એકાઉન્ટમાં રૂ.૫૦,૦૦૦ મોકલ્યા હતા. આ ઉપરાંત, સ્ક્રેપનો માલ ચડાવવા માટે મજૂરી અને પરચુરણ ખર્ચ પેટે રૂ.૨૦,૦૦૦ મોકલ્યા હતા. ત્યારબાદ આલમએ ટ્રાન્સપોર્ટ માટેનો વે-બિલ મોકલી કુલ રૂ.૧૧,૫૯,૫૮૬ રૂપિયાનું બિલ મોકલાવેલ હતું. જે રકમ મળી સાદિકભાઈએ કટકે-કટકે કુલ રૂા. ૧૧,૯૯,૯૧૨ જેવી રકમ ચૂકવી આપી હતી. આમ છતાં, તેમને માલની ડિલિવરી ન મળતા તેમણે આલમને પૂછતા આલમ જણાવ્યું હતું કે કમલના ખાતામાં તમે જે પૈસા જમા કરાવ્યા છે, તે હજુ સુધી મને મળ્યા નથી. આથી તેમણે કમલ નામના વ્યક્તિને ફોન કરતા તેણે પણ ગોળ ગોળ વાતો કરતાં અંતે ઠગાઇની ફરિયાદ દાખલ કરાવી હતી.

---

# મચ્છરોના ઉપદ્રવને નાથવા ૩૨ હજારથી વધુ ઘરોમાં પોરાનાશક કામગીરી





## વધતી જતી તકલીફને ધ્યાને લઈને મહાનગરપાલિકા દ્વારા ખાસ કામગીરી : આરોગ્ય વિભાગ સજ્જ

રાજકોટ, તા. ૨૭

ડેન્ગ્યૂ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્યતંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૦ જાન્યુઆરીથી તા.૨૬ જાન્યુઆરી દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૩૨,૫૪૧ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૬૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૧૨ પ્રીમાઈસીસનો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૫૦ અને કોર્મશીયલ ૯૩ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

---

# જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક

## દિવ્યાંગો માટેના સાધન સહાય કેમ્પમા ઉમદા કામગીરી કરનાર ડોક્ટર્સને પ્રમાણપત્ર એનાયત કરાયા

રાજકોટ તા.૨૭

કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ તેમજ જિલ્લા આરોગ્ય સોસાયટી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરએ રાજકોટ જિલ્લામાં ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. ઉપરાંત રાજકોટ જિલ્લાના દિવ્યાંગ લોકોને સાધન સહાય વિતરણ અંગે એલિમ્કો દ્વારા કરાયેલ એસેસમેન્ટ કેમ્પ અન્વયે ઉમદા કામગીરી કરનાર સીડીએચઓ સહિત આરોગ્ય વિભાગના ૨૫ ડોક્ટર્સ, અધિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરી ભવિષ્યમાં પણ આવી જ રીતે સરાહનીય કામગીરી કરતા રહોવાની શુભેચ્છા પાઠવી હતી.ઉપરાંત જિલ્લામાં આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટેના જમીનના પ્રશ્નોના નિવારણ તેમજ દવાઓ, વાહન સહિતની બાબતે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કલેકરે પીડીયુ હોસ્પિટલમા કેમેરા, જરૂરી મશીનરી અંગે સમીક્ષા કરી હતી.આ બેઠકમાં ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીએ ઋતુજન્ય રોગો અંગે થયેલ કામગીરીની માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. આરોગ્ય કેન્દ્રમાં આવતા ૩૦ વર્ષથી વધુ ઉંમરના લોકોનું બ્લડપ્રેશર, ડાયાબિટીસ ચેક કરવા તેમજ ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકોના આયુષ્યમાન કાર્ડ, પીએમજેએવાય અને આભા કાર્ડ કઢાવવામાં મદદરૂપ થવા તાલુકા હેલ્થ ઓફિસર તેમજ ડોક્ટર્સને ક્યુએમઓ ડો.સિંગે સુચન કર્યુ હતુ. આ બેઠકમાં આર.ડી.ડી. ડો. મહેતા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ફુલમાલી, જિલ્લા આર.સી.એચ ઓફિસર જોશી, સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સ સહિત તાલુકા હેલ્થ ઓફિસરો અને મેડિકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

---

# પ્લાસ્ટિકનો ઉપયોગ હજુ પણ નથી છોડતા વેપારીઓ

## ૮૩ આસામીઓ પાસેથી ૧૮ કિલોથી વધુનો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત : ગંદકી કરતા આસામીઓ પાસેથી ૨૬,૦૦૦ થી વધુનો વસુલાયો દંડ

રાજકોટ, તા. ૨૭

હાલ સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો રાજકોટમાં વધી રહ્યા છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા સતત એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે જે જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોય તેને દૂર કરવામાં આવે અને તેને મુક્ત કરાવાય. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સતત પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાનો ઉપયોગ કરતા વેપારીઓ પર તપાસ બોલાવવામાં આવી રહી છે. મહત્વનું એ છે કે જ્યાં સુધી આ પ્લાસ્ટિકના ઉપયોગનો વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં નહીં આવે ત્યાં સુધી આદુષણ યથાવત રીતે ચાલતું રહેશે. એના માટે હાલ દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કાલે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ જે પગલાં લેવામાં આવ્યા તેનાથી એ વાત સ્પષ્ટ છે કે હવે મહાનગરપાલિકા પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાનો ઉપયોગ મહત્તમ રીતે ટાળવા માટે કામ કરશેરાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૩ આસામીઓ પાસેથી ૧૮.૮૯૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક



જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૬૨૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૭.૮૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૫૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૬.૬૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૮૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૪.૩૬ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

---

# ગણતંત્ર દિવસે ૬૨૪ મુલાકાતીઓએ ગાંધી મ્યુઝિયમની લીધી મુલાકાત

## ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના ૧૧૯ બાળકો રહ્યા હાજર

રાજકોટ, તા. ૨૭

મોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઇસ્કુલ)માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. નાના બાળકો ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નિર્ણય કરવામાં આવેલ. જેના અનુસંધાને પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં ૧૧૯ બાળકોએ નિઃશુલ્ક પ્રવેશ મેળવ્યો હતો.

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૧૯ બાળકો સહીત કુલ ૩૨૪ મુલાકાતીઓએ મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લીધી હતી તેમ, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.



આ મ્યુઝિયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઇ.ડી. સ્ક્રીન મારફત દર્શાવામાં આવ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં, ટિકિટ વિન્ડો, ક્લોકરૂમ, મુલાકાત માટે ગાઇડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઇબ્રેરી, વી.આઇ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે.

મહાત્મા ગાંધી મ્યુઝિયમના લોકાર્પણથી આજ સુધીમાં ૨૧૯૧ વિદેશી મુલાકાતીઓ, ૯૭૧૦૦ બાળકો સહીત કુલ ૩,૩૪,૮૭૮ મુલાકાતીઓએ મુલાકાત લઇ અભિભૂત થયા છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૩૦મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ અને ૨-જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

### છેતરપીંડીના કારસ્તાનમાં ગઠીયાને બેંકના પુર્વ કર્મચારીએ પણ સાથ આપ્યો: બંને દબોચાયા

# કાકાની કારીગીરી: દિવ્યાંગ ભત્રીજા નામે ૮૯ લાખની ઠગાઇ

## બેંકમાં જે ભત્રીજાના નામે નકલી ખાતુ ખોલાવી હેરાફેરી કરી લીધી એ ખાતા અંગે ભત્રીજાને ખબર પણ નહોતી

રાજકોટ: છેતરપીંડી કરનારાઓને કોઇની શરમ નડતી નથી. તેઓ ગમે ત્યારે ગમે તેના ગરીયા ફેરવીને પોતાના ગજવા કડકડતી નોટોથી ગરમ કરી લેવામાં જ સમજતાં હોય છે. એક પોણા કરોડની ઠગાઇનો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં એક ભેજાબાજ કાકાએ પોતાના દિવ્યાંગ ભત્રીજાના નામે બેંકમાં ખાતુ ખોલાવી નેવ્યાસી લાખની છેતરપીંડી કરતાં પોલીસે તેને અને કાવત્રામાં સાથ આપનાર બેંકના પુર્વ કર્મચારીને દબોચી લઇ રકમ કબ્જે કરવા તજવીજ આદરી હતી.

ઠગાઇ કરનારા અલગ અલગ અને નીતનવા નુસ્ખાઓનો ઉપયોગ કરતાં હોય છે. આવો વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં દાદરા અને નગર-હવેલીના સેલવાસમાં દિવ્યાંગના નામે થયેલા બેંકિંગ કૌભાંડનો ચોંકાવનારો કેસ સામે આવ્યો છે. સત્યોતેર ટકા દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિના નામે એક ખાનગી બેંકમાં નકલી ખાતું ખોલી ૮૯ લાખ રૂપિયાની હેરાફેરી કરવામાં આવી હતી. આ મામલે સેલવાસ પોલીસે બે આરોપી ધરપકડ કરી છે. સેલવાસના બેંક ફ્રોડ કેસમાં એક કાકાએ પોતાના દિવ્યાંગ ભત્રીજાના નામે એચડીએફસી બેંકમાં ખાતું ખોલી ૮૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે. સેલવાસ પોલીસે મુખ્ય આરોપી શત્રુંજય પાંડે અને બેંકના પૂર્વ કર્મચારી રાકેશ સિંહની ધરપકડ કરી છે.

પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર આ કૌભાંડમાં શત્રુંજય પાંડેએ આચર્યુ હતું. પોતાના દિવ્યાંગ ભત્રીજાના નામે બેંક ખાતું ખોલાવ્યું હતું, જેમાં તેણે પોતાનો મોબાઈલ નંબર અને ઈમેલ આઇડી જોડ્યા હતા. આરોપીએ આ ખાતામાંથી ક્રેડિટ કાર્ડ મેળવી ક્યુઆર કોડ મારફત રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. પોલીસ તપાસમાં આરોપીના ઘરેથી ૧૨૪ ક્યુઆર કોડ સ્કેનર, ૬૦ એટીએમ અને ક્રેડિટ કાર્ડ, ૨૧ બેંક ચેકબુક, ૮ પાસબુક, વિવિધ રબર સ્ટેમ્પ, સરકારી દસ્તાવેજોના રફ ડ્રાફ્ટ, ૧૪ મતદાર ત્ઝ કાર્ડ, ૧૨ સિમ કાર્ડ, ૨ મોબાઇલ ફોન અને અનેક ખાનગી લેટરહેડ મળ્યાં છે. આ કેસમાં બેંકના પૂર્વ કર્મચારી રાકેશ સિંહની ભૂમિકા પણ શંકાસ્પદ છે, જેણે મુખ્ય આરોપીને મદદ કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે એફઆઇઆર નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે દિવ્યાંગ વ્યક્તિને પોતાના નામે બેંક ખાતું હોવાની જાણ પણ નહોતી.



### કારનો સોદો કરવાના બહાને મિત્ર લઇ ગયો, પછી બારોબાર ગીરવે મુકી સાડાદસ લાખ ખાઇ ગયો!

પોલીસે એકસો ચોવીસ જેટલા ક્યુ-કોડ સ્કેનર, સાઇઠ જેટલા એટીએમ અને ક્રેડીટ કાર્ડ, એકવીસ ચેકબૂક, આઠ પાસબૂક, રબ્બર સ્ટેમ્પ, સરકારી દસ્તાવેજોના રફ ડ્રાફ્ટ ફોર્મેટ, ચૌદ મતદાર ઓળખ કાર્ડ અને બાર સિમ કાર્ડ તેમજ બે મોબાઈલ ફોન અને અનેક ખાનગી લેટરહેડ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ યથાવત રાખી છે. આ ભેજાબાજોએ અન્ય કારસ્તાન આચર્યાની પણ પોલીસને શંકા ઉપજી હોઇ ઝીણવટભરી તપાસ શરૂ થઇ છે.

ઠગાઇના અન્ય બનાવમાં ભાવનગરના ગઢડાના અડતાળા ગામના કારચાલકને તેના જ ગામમાં જ રહેતાં મિત્રએ કાર વેચવાના નામે કાર લઈ જઈ તેને અન્ય સ્થળોએ ગીરવે મુકી હોવાની જીપીએસ ટ્રેક મારફતે જાણ થતાં ખુલ કારચાલક ચોંકી ઉઠયા હતા. પોતાની કાર પરત લેવા કારચાલકે તપાસ કરતાં તેને કાર ન મળતાં આખરે ગામના જ શખ્સ સહિત ત્રણ સામે રૂા.૧૦.૪૦ લાખની કાર પરત ન આપી ઠગાઈ આચર્યાની તળઆજા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગઢડાના અડતાળા ગામે રહેતાં અને ખેતીકામ કરતાં નિર્મળસિંહ ગગજીભાઈ ડાભીએ સુરતમાં રહેતાં તેમના જ મિત્ર અને ગામના જ રહિશ જગદીશ હામાભાઈ માલકીયાને દિવાળી વેકેશન ટાણે મળ્યા ત્યારે પોતાની માલિકીની ફોક્સવેગન કંપનીની સ્કોડા કાર વેચવાની વાત કરી હતી.

દરમિયાન નિર્મળસિંહે તેમના ભાઈ સાથે ઘરે બેઠા હતા તે વખતે રાત્રિના સુમારે જગદીશ ઘરે આવ્યો હતો અને કારની કિંમત પુછી રૂા.૧૦.૭૦ લાખમાં કાર વેચાવી દેવાની ખાતરી આપી જીજે.૩૩.એફ.૫૦૬૯ હંકારીને સુરત લઈ ગયો હતો.બાદમાં તે શખ્સે અન્યના એકાઉન્ટથી ઓનલાઈન 30 હજાર ટ્રાન્સફર કરી અન્ય રકમ ઝડપી આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ, સતત એક માસ સુધી તેમની કાર કે નાણાં ન મળતાં તેમણે જગદીશને ફોન કરતાં તેનો ફોન સ્વીચઓફ આવ્યો હતો. જો કેકારમાં રહેલા જીપીએસ સિસ્ટમ મારફતે કારચાલકે કારને ટ્રેક કરવાનું શરૂ કરતાં તેમની કાર બરવાળાના ગુંદા ગામનું લોકેશન બતાવતા તેમણે આ સ્થળે તપાસ કરી હતી.

તપાસ દરમિયાન બોટાદ ખાતે રહેતા રામ ઉર્ફે જખરો લક્ષ્મણભાઈ જોગરાણા પાસેથી મંગળુએ રૂા.ત્રણ લાખ લઈને કાર ગિરવે મૂકી હતી.કારચાલક રામ ઉર્ફે જખરોને મળતાં તેણે પૈસા ન મળે ત્યાં સુધી કા તેની પાસે રહેશે તેમ જણાવતાં કારચાલકને પોતે છેતરાયા હોવાનું ભાન થયું હતું. બનાવને લઈ તેમણેત્ક્ત ત્રણેય શખસ વિરૂદ્ધ ગઢડા પોલીસ સ્ટેશનમાં રૂા.૧૦.૪૦ લાખની છેતરપિંડી ફરિયાદ દાખલ કરાવી હતી.

### મક્કમ ચોકમાં સિગ્નલ પર જગ્યા નહોતી છતાં માલવાહક રિક્ષાના ચાલકે અજડાઇ કરી અને બસનો મીરર તૂટ્યો

# રિક્ષાચાલકની દાદાગીરી: સીટી બસનો અરીસો તોડી માથે જતાં ચાલકને ફટકાર્યો

## ભાગી રહેલી રિક્ષાનો બસ ચાલકે દોટ મુકી પીછો કરી તેને આંતરતા ફોન કરી બીજા બે જણાને બોલાવી તૂટી પડ્યો: પોલીસે ચારેયને પકડી કાયદો સમજાવ્યો

રાજકોટ: શહેરમાં રિક્ષાચાલકો અને સિટી બસના ચાલકો વચ્ચે અનેક વખત કોઇને કાઇ કારણોસર બબાલ થતી રહે છે. ઘણીવાર મુસાફરોને બસમાં બેસતા અટકાવવા પણ અમુક રિક્ષાચાલકો દ્વારા પ્રયાસ થતો હોય છે અને એ કારણે માથાકુટ થતી હોય છે. દરમિયાન એક માલવાહક રિક્ષાચાલકે મક્કમ ચોકમાં માથાકુટ કરી સીટી બસના ચાલકને બીજા ત્રણ લોકો સાથે મળી લાકડીથી માર મારતાં દેકારો મચી ગયો હતો. પોલીસે ચારેયને પકડીને કાયદાનું ભાન કરાવવા કાર્યવાહી કરી હતી. સિગ્નલ ખુલ્યું ત્યારે નીકળવાની જગ્યા ન હોવા છતાં રિક્ષાચાલક અજડાઇ કરીને ભાગ્યો હતો અને તેના કારણે સીટી બસનો મીરર ભાંગી ગયો હતો. આથી બસ ચાલકે દોટ મુકી રિક્ષાને ઉભી રાખતાં ચાલક ઉશ્કેરાઇ ગયો હતો અને સાગ્રીતોને બોલાવી માથાકુટ પર ઉતરી આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ મક્કમ ચોકમાં ટ્રાફિક સિગ્નલ બંધ હોઇ સીટી બસના ચાલકે બસ ઉભી રાખી હતી. સિગ્નલ ખુલતાં બાજુમાં ઉભેલા માલવાહક રિક્ષાના ચાલકે જગ્યા ન હોવા છતાં રિક્ષા ભગાવતાં સીટી બસનો મીરર તૂટી જતાં બસ ચાલકે દોડીને પીછો કરી રિક્ષા ઉભી રખાવી ચાલકને ધ્યાન રાખવાનું કહેતાં તેણે ફોન કરી બીજા બે શખ્સને બોલાવી લાકડીથી હુમલો કરી માર મારતાં પોલીસે રિક્ષાચાલક સહિત ત્રણને પકડી લીધા હતાં. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે સંત કબીર રોડ પર રાજારામ સોસાયટી-૮માં અઠ્ઠાવીસ વર્ષના હિતેષભાઇ દથારીયાના મકાનમાં ભાડેથી રહેતાં બંટી સંદિપભાઇ કકૈયાની ફરિયાદ પરથી જીજે૦૨બીએક્સ-૨૭૯૩ નંબરની રિક્ષાના ચાલક અને બે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

બસ ચાલક બંટી કકૈયા સીટી બસ નં. જીજે૦૩બીઝેડ-૪૩૧૭ રૂટ નં. ૪૭માં ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. પચ્ચીસમીએ સાંજે તે આ બસ હંકારી કોઠારીયાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જવા રવાના થયેલ ત્યારે મક્કમ ચોકમાં પહોંચતા સિગ્નલ બંધ હોઇ બસ ઉભી રાખી હતી. આ વખતે જમણી બાજુ અતુલ શક્તિ લોડીંગ રિક્ષા ઉભી હતી. સિગ્નલ ખુલતાં જ તેના ચાલકે રિક્ષા તુરત જ જગ્યા ન હોવા છતાં ઘસીને હંકારતા રિક્ષાનું એંગલ બસમાં ડ્રાઇવર સાઇડના મીરરમાં ઘસાતા મીરર તૂટી ગયો હતો. જેથી મેં નીચે ઉતરી રિક્ષાની પાછળ દોડતાં આગળ ચાલકે રિક્ષા ધીમી પાડતાં હું એંગલ પકડી રિક્ષામાં ચડી ગયો હતો અને ચાલકને રિક્ષા ઉભી રાખવાનું કહેતા તેણે ઉભી રાખી હતી. બાદમાં મેં તેને જગ્યા નહોતી છતાં તમે રિક્ષા હંકારતા બસનો મીરર તૂટી ગયો છે, ધ્યાન રાખવું જોઇએ, હવે મારે સાહેબને શું જવાબ આપવો? તેમ કહેતાં તેણે ગાળો દઇ ઝપાઝપી કરી હતી.

આ પછી રિક્ષાવાળાએ ફોન કરતાં બીજા બે શખ્સો આવી ગયા હતાં. તરણેયએ મને ગાળો દઇ લાકડીથી ફટકારતાં કંડકટર અતુલભાઇ બઢીયા આવી ગયા હતાં અને તેણે ૧૦૦ તથા ૧૦૮માં ફોન કરી દીધો હતો. પોલીસ આવી જતાં ત્રણેયને પકડી લીધા હતાં અને મને હોસ્પિટલે સારવાર માટે ખસેડ્યો હતો. એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટની માર્ગદર્શન હેઠળ એએસઆઇ કે. કે. માઢકે એફઆઇઆર દાખલ કરી ત્રણેયને સકંજામાં લેવા કાર્યવાહી કરી હતી. દરમિયાન પોલીસે આ ગુનો આચરનારા ચાર લોકોને પકડ્યા છે. જેમાં બાપ-દિકરો પણ સામેલ છે. જેની ધરપકડ થઇ તેમાં રાજેન્દ્રસિંહ ભગવાનસિંહ જાદવ (ઉ.૫૪-રહે. ઉદ્યોગનગર કોલોની ક્વાર્ટર-૧૦૫), દેવેન્દ્રસિંહ હરદેવસિંહ જાદવ (ઉ.૨૩-રહે. ઉદ્યોગનગર કોલોની), તેના પિતા હરદેવસિંહ ભગવાનસિહ જાદવ (ઉ.૫૦-રહે. ઉદ્યોગનગર કોલોની ક્વાર્ટર-૧૦૫)નો સમાવેશ થાય છે.

### જીવલેણ અકસ્માતની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં વધુ એક બનાવનો ઉમેરો થયો

# કારખાનેદારને કાળ ભેટ્યો: માલવાહકની ઠોકરે ચડી જતાં મોત

## મવડીના છપ્પન વર્ષિય હિતેષભાઇ સોલગામા મિત્રના કારખાનેથી ઘરે જવા નીકળ્યા ત્યારે માલધારી ફાટક પાસે બનાવ: પાછળ આવી રહેલા મિત્ર ટોળુ જોઇ તપાસ કરવા જતાં તેમના મિત્ર જ લોહીલુહાણ મળ્યા: હોસ્પિટલે ખસેડ્યા પણ જીવ ન બચ્યો

રાજકોટ: વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારને નડી જતાં મોભીને ગુમાવી દીધા છે. શહેરના ગોંડલ રોડ પર માલધારી ફાટક પાસે ગોંડલ તરફ જતાં સર્વિસ રોડ પર કેરી નામના માલવાહક વાહનના ચાલકે મોટરસાઇકલને ઉલાળી દેતાં મવડી કણકોટ રોડ પર રહેતાં કારખાનેદારનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેઓ મિત્રના કારખાનેથી ઘરે જવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. ટોળુ જોઇ પાછળ આવી રહેલા મિત્ર શું થયું? તે જોવા જતાં તેમના જ મિત્રને અકસ્માત નડ્યાની જાણ થતાં તેઓ આઘાતમાં મુકાઇ ગયા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો મવડી કણકોટ રોડ પર શીવ ટાઉનશીપ બી-૨૦૫માં રહેતાં છપ્પન વર્ષના હિતેષભાઇ હરિલાલભાઇ સોલગામા છવ્વીસમી જાન્યુઆરીની રાતે પોણા સાડા આઠેક વાગ્યે પોતાનું ડિસ્કવર બાઇક જીજે૦૩એચબી-૮૪૫૪ લઇને માલધારી ફાટક પાસે આવેલા મિત્રના કારખાનેથી ઘરે જવા નીકળ્યા



ત્યારે માલધારી ફાટક નજીક રાજકોટથી ગોંડલ તરફના સર્વિસ રોડ પર કેરી ગાડી જીજે૧૩એડબલ્યુ-૭૧૨૬ની ઠોકરે ચડી જતાં બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ ત્યાં તેમનું મૃત્યુ થતાં નિપજ્યું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એચ.આર. સોલંકી સહિતે વોકહાર્ટ હોસ્પિટલે પહોંચી મૃતક હિતેષભાઇના મોટા ભાઇ ભરતભાઇ હરિલાલ સોલગામા (રહે. શાસ્ત્રીનગર અજમેરા મકાન નં. ઇ-૧૬૩)ની ફરિયાદ પરથી કેરી વાહનના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર હિતેષભાઇ છ ભાઇ અને એક બહેનમાં સૌથી નાના હતાં. તેમને સંતાનમાં એક પુત્રી છે. પોતે ભાઇઓ સાથે માલધારી ફાટક પાસે બુટ ભવાની ઇન્ડસ્ટ્રીઝ નામે ફેબ્રીકેશનના કારખાનામાં મજુરી કરતાં હતાં. રવિવારે સાંજે હિતેષભાઇતેમના મિત્ર રમેશભાઇ રાદડીયાના કારખાને માલધારી ફાટક નજીક આવેલુ છે ત્યાં ગયા હતાં. ત્યાંથી ઘરે જવા નીકળ્યા બાદ મિત્ર રમેશભાઇ પણ કારખાનુ બંધ કરી નીકળતાં માલધારી ફાટક નજીક સર્વિસ રોડ પાસે પહોંચ્યા ત્યારે માણસો ભેગા થયા હોઇ રમેશભાઇ ત્યાં જોવા જતાં તેમના જ મિત્ર હિતેષભાઇને અકસ્માત નડ્યાની ખબર પડતાં તુરત જ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. અકસ્માત સર્જનાર કેરી વાહનનો ચાલક પોલીસ સ્ટેશનમાં હાજર થઇ ગયો હતો. બનાવને પગલે પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# બે બેનડીના એકના એક માડીજાયાનું અકસ્માતે મોત

### ગીરગઢડાના થોરડી ગામનો યુવાનનું મોટરસાઇકલ સ્લીપ થતાં રાજકોટ હોસ્પિટલમાં મોત

રાજકોટ: જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની છે. જેમાં મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં બે બહેનના એકના એક મોટા ભાઇનું મૃત્યુ થયું હતું. બનાવ ગીર સોમનાથના ગીરગઢડાના થોરડી ગામે બન્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર થોરડી રહેતો શૈલેષભાઇ ભુપતભાઇ ચુડાસમા નામનો ત્રીસ વર્ષનો યુવાન ગત છઠ્ઠી જાન્યુઆરીના સાંજે સાડા સાતેક વાગ્યે ઘરેથી બાઇક લઇને નજીકના હરમડીયાની સીમમાં બળતણના લાકડા કાપવા ગયો હતો. ત્યાંથી પરત થોરડી આવતો હતો ત્યારે હરમડીયા પાસે બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં ગીરગઢડા, ઉના સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. અહિ છવ્વીસમી જાન્યુઆરીએ તેનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અશ્વિનભાઇ રાઠોડ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં ગીરગઢડા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર શૈલેષભાઇ હીરા ઘસી ગુજરાન ચલાવતો હતો. તે બે બહેનનો એકનો એક મોટો ભાઇ અને માતા-પિતાનો આધારસ્તંભ હતો. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં શોક છવાઇ ગયો હતો.

# બોરવેલ કર્મચારી ચા પીતા-પીતા ઢળી પડ્યા અને જિંદગીની સફરનો અંત આવ્યો

### મોરબી રોડ લાતી પ્લોટમાં બનાવ: મૃતક મુળ રાજસ્થાનના વતની

રાજકોટ: જિંદગીની સફર ક્યારે અને કેવી રીતે ખતમ થઇ જાય તેની કાળા માથાના માનવીને ખબર હોતી નથી. હૃદય બંધ પડી જવાની વધુ એક ઘટનામાં એક વ્યક્તિનું ચા પીતાં-પીતાં ઢળી પડવાથી મૃત્યુ થયું છે. મોરબી રોડ લાતી પ્લોટમાં આ બનાવ બન્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજસ્થાનના વતની ચોસઠ વર્ષના પરથીભાઇ ઉર્ફ પ્રતાપભાઇ શ્યામાભાઇ બનજારા દૂધસાગર રોડ રિધ્ધી સિધ્ધીના નાલા પાસે શ્રીનાથજી બોરવેલમાં આઠ દસ દિવસથી કામે રહ્યા હોઇ હાલમાં લાતીપ્લોટ-૫માં બોર કરવાનું કામ ચાલુ હોઇ રદ્દમીએ બપોરે ત્યાં હતાં ત્યારે ઝાડ નીચે બેઠા બેઠા ઢળી પડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં. બોરવેલ સંચાલકના કહેવા મુજબ બોરનું કામ ચાલુ હોઇ પરથીભાઇ ઉર્ફ પ્રતાપભાઇ ઝાડ નીચે બેઠા હતાં. ચા મંગાવવામાં આવી હોઇ તે આવતાં પરથીભાઇએ બે ઘૂંટડા ચા તેમણે પીધી હતી, અ પછી તે એકાએક ઢળી ગયા હતાં. સિવિલ હોસ્પિટલે અમે પહોંચાડ્યા હતાં પણ ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. મૃતકને સંતાનમાં બે પુત્રી અને ત્રણ પુત્ર છે. તેમના સગાને જાણ કરતાં તેઓ રાજસ્થાનથી રાજકોટ આવવા રવાના થયા હતાં. બી-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું.

### એસએમસીને વધુ એક મોટી સફળતા મળી: કુવાડવા પોલીસની હદમાં મોટી કાર્યવાહી

# અડધા કરોડનો ૬૦૦ પેટી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## પંજાબથી સપ્લયારે રવાના કરેલો દારૂ પોરબંદર સુધી પહોંચાડવાનો હતો: રેલમછેલ થાય એ પહેલા સપ્લાયરો, બૂટલેગરોના મનસુબાને સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે નાકામ કરી નાંખ્યો

રાજકોટ: સ્ટેટ મોનીટરીંગ સેલ કેટલાક દિવસથી રાજકોટ-મોરબી પંથકમાં સતત ત્રાટકી રહ્યો છે. વધુ એક વખત રાજકોટના કુવાડવા પોલીસ મથકની હદમાંથી અધધધ છસ્સો પેટીથી વધુ દારૂ ઝડપી લેવામાં એસએમસીને સફળતા મળી છે. બાતમીને આધારે આ દારૂનો જથ્થો ભરેલો ટ્રક પકડી લેવામાં આવ્યો હતો. આ ટ્રક પંજાબ તરથી પોરબંદર તરફ જઇ રહ્યો હતો. જો કે રેલમછેલ થાય એ પહેલા સ્ટેટ મોનીટરીંગ સેલે સપ્લાયરો, બૂટલેગરોના મનસુબાને નાકામ કરી નાંખ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો છેલ્લા કેટલાક દિવસથી સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાયની ટુકડીઓ દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાંથી કરોડોનો વિદેશી પ્રકારનો દારૂ



ઝડપી લેવામાં આવ્યો છે. ગઇરાત્રે શનાળાના એક ગોડાઉનમાં દારૂ કટીંગ થઇ રહયું હતું ત્યારે એસએમસીએ ત્રાટકી ૭૬ લાખનો દારૂ ઝડપી લીધા બાદ રાજકોટની ભાગોળેથી વધુ ૬૦૦ પેટી દારૂ ઝડપી લીધો હતો. ડીવાયએસપી કે.ટી. કામરીયાએ જણાવ્યા મુજબ પંજાબથી પોરબંદર જઇ રહેલો આ દારૂ ભરેલો ટ્રક માલીયાસણ નજીક ગોંડલ બાયપાસ તરફ જવા વળ્યો ત્યારે જ પુર્વ બાતમીના આધારે ત્યાં ગોઠવાયેલી પીએસઆઇ એ.વી.પટેલ સહીતની ટીમે ટ્રકને અટકાવી ઝડતી લેતા ૬૦૦ પેટી દારૂ મળી આવ્યો હતો.

જપ્ત કરાયેલો દારૂ આશરે સુડતાલીસ લાખનો થાય છે. ટ્રકના ડ્રાઇવરની અટકાયત કરી ટ્રક, મોબાઇલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. ડ્રાઇવરની પુછપરછ થતાં પ્રાથમીક તબક્કે પંજાબથી ટ્રકમાં લાદવામાં આવેલો દારૂ પોરબંદર ઉતારવાનો હોવાનું હતો. આ દારૂ કોણે મોકલ્યો, કોણે મંગાવ્યો હતો? એ સહિતની તપાસ થઇ રહી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ખુશામતખોરી

## નમન- નમન મે, ફેર હૈ બહોત નમે...



સમૃદ્ધિ-પ્રસિદ્ધિની હવામાં ઉડયા બાદ માણસ પોતાને શક્તિશાળી માનીને મન ફાવે ત્યાં જંગ આદરી દે અને લડવામાં ટાંટીયા ટૂંકા પડ્યા બાદ જેની સામે જંગ શરૂ કર્યો હતો તેના વખાણ કરવા લાગે. આ વખાણને ખૂશામત કહેવાય. ફિલ્મી હીરો અમીરખાન ખુશામતે ચડ્યો છે.

ગણતંત્ર દિન એ અમીરખાને ગુજરાત પ્રવાસ કર્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી જઈને ધ્વજવંદન પણ કર્યું હતું. ગુજરાતી મીડિયા અમીરને રાષ્ટ્રભક્ત તરીકે ઉપસાવીને લખ્યું છે કે, અમીરખાને મોદીજીના નેતૃત્વના ખૂબ વખાણ કર્યા..

આ સમાચારો જોતા વાંચતા સામાન્ય માણસને લાગે કે, અમીર રાષ્ટ્રભક્ત છે અને મોદીજીના આશિક છે. જોકે વાસ્તવિકતા થોડી જુદી છે.

નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત વડાપ્રધાન બન્યા ત્યારે આમીરખાનો હવામાં ઉડતા હતા. સમૃધ્ધિ- પ્રસિધ્ધી આળોટતા આમિરો પોતાને શક્તિશાળી માનવા લાગ્યા હતા. મોદી યુગ શરૂ થયો ત્યારે મોદીજી ને પાડી દેવા આમિર અને તેની ટોળકી મેદાનમાં આવી ગઈ હતી.


અમીરખાને ભારતને અસહિષ્ણું ગણાવીને મોદી શાસનનો તીવ્ર વિરોધ આદર્યો હતો. અસહિષ્ણું એટલે સહન ન થાય તેવો દેશ.... આ લડત ભારતના અને મોદીજીના શાસનના અપમાન જેવી હતી. અમીરખાન સાથે સલમાનો-શાહરુખો તથા અસંખ્ય લેખકો-કલાકારો વગેરે જોડાયા હતા. આ લોકોએ રાષ્ટ્રીય સ્તરના મળેલા એવોર્ડ પણ પરત કર્યા હતા. આમીરોને એવું હતું કે, અમારી લોકપ્રિયતા અને તાકાતથી સરકાર બેન્ડ વળી જશે અને અમને અનુકૂળ થઈને રહેશે.

અમીરોના ગણિત-વિજ્ઞાન ઊંધા પડ્યા હતા. દેશ અસહિષ્ણુ લાગતો હોય તો દેશ છોડીને અન્ય દેશમાં ચાલ્યા જવાના રિએક્શન લોકો તરફથી મળવા લાગ્યા. આ ઉપરાંત અમીર સલમાન શાહરૂખની ફિલ્મો પણ બોક્સ ઓફિસમાં પછડાવા લાગી. પડદા પરના હીરા દેશના વિલન તરીકે ઉપસવા લાગ્યા. પોતાનું સામ્રાજ્ય તૂટતું હોવાનો અણસાર આવી જતા લડત વિખેરાવા લાગી. હીરાઓની બ્રાન્ડ સાવ ડલ થઈ ગઈ.

મોદીજી ને વડાપ્રધાન પદની ત્રીજી ટર્મમાં પણ ઘણા કલાકારોની બ્રાન્ડ ડલ ચાલે છે. મોદીજીનો જેટલો વિરોધ થયો તેટલા મોદીજી વધારે મજબૂત બન્યા. મોદીજીને પાડી દેવામાં આમીરોના ટાંટિયા ટૂંકા પડ્યા.

આ ભૂતકાળ જાણ્યા બાદ ખ્યાલ આવશે કે, આમીર ગુજરાતમાં આવીને ધ્વજ વંદન કરીને મોદીજીના વખાણ કરે એ, તેમની લાચારી છે. પોતાની દુકાનો બંધ જેવી થઈ ગઈ છે. હવામાં ઉડતા આ કલાકારોને ધરતી પર પછડાવું પડ્યું છે. દુકાનો ચાલુ રાખવા આમિરખાનો ખુશામતે ચઢ્યા છે.

મોદીજીએ અસંખ્ય મહાનુભાવોને દેશભક્ત બનવા મજબૂર કર્યા છે. જેમાં અમીરોનો પણ સમાવેશ થાય છે. આવા નાટકિયાઓથી સાવધ રહેવું જોઈએ.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારતીય માનક સમય ફરજિયાત ઉપયોગ માટે વ્યાપક નિયમોનો મુસદ્દો તૈયાર

## માળખું IST ને કાયદાકીય, વહીવટી, વ્યાપારી અને સત્તાવાર દસ્તાવેજો માટે એકમાત્ર સમયના સંદર્ભ તરીકે ફરજિયાત કરે છે



રાજકોટ, તા. ૨૭

જ્યારે એક દેશમાં માત્ર એક જ ચૂંટણી યોજવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે સરકાર પણ સમાન તર્જ પર એક જ રાષ્ટ્રમાં સમાન સમયનો અમલ કરવાનું વિચારી રહી છે. આ સંદર્ભમાં, સમયને પ્રમાણિત કરવા માટે, સરકારે તમામ સત્તાવાર અને વ્યાપારી પ્લેટફોર્મ પર ભારતીય માનક સમય (IST) ના ફરજિયાત ઉપયોગ માટે વ્યાપક નિયમોનો મુસદ્દો તૈયાર કર્યો છે.

કાનૂની મેટ્રોલોજી (ભારતીય પ્રમાણભૂત સમય) નિયમો, ૨૦૨૪ નો ઉદ્દેશ્ય સમય જાળવણી પ્રથાઓને પ્રમાણિત કરવા માટે કાનૂની માળખું સ્થાપિત કરવાનો છે. આ માળખું IST ને કાયદાકીય, વહીવટી, વ્યાપારી અને સત્તાવાર દસ્તાવેજો માટે એકમાત્ર સમયના સંદર્ભ તરીકે ફરજિયાત કરે છે. આનો અર્થ એ છે કે સત્તાવાર અને વ્યાપારી હેતુઓ માટે IST સિવાયના કોઈપણ સમયના સંદર્ભો પ્રતિબંધિત રહેશે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે નેનોસેકન્ડની ચોકસાઈ સાથેનો ચોક્કસ સમય વ્યૂહાત્મક અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રો માટે જરૂરી છે. આ કારણોસર, ખગોળશાસ્ત્ર, નેવિગેશન અને વૈજ્ઞાનિક સંશોધન જેવા વિશેષ ક્ષેત્રો માટે અપવાદોને મંજૂરી આપવામાં આવશે જેના માટે પહેલા સરકારની મંજૂરી લેવી પડશે. નોંધનીય છે કે ગ્રાહક બાબતોનો વિભાગ, નેશનલ ફિઝિકલ લેબોરેટરી અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) સાથે મળીને એક મજબૂત સમય જનરેશન અને પ્રસારણ પદ્ધતિ વિકસાવી રહ્યું છે. મંત્રાલયે સ્ટેકહોલ્ડર્સને ડ્રાફ્ટ નિયમો પર ૧૪ ફેબ્રુઆરી સુધીમાં સૂચનો આપવા જણાવ્યું છે.

જેમાં કાયદાકીય, વહીવટી, વ્યાપારી અને સત્તાવાર દસ્તાવેજો માટે માત્ર સમયના સંદર્ભ તરીકે IST ફરજિયાત કરવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે સમય સંદર્ભ માટે માત્ર IST નો ઉપયોગ કરવામાં આવશે. સૂચિત નિયમોનું ઉલ્લંઘન દંડ આકર્ષિત કરશે. ડ્રાફ્ટ અનુસાર, વાણિજ્ય, પરિવહન, જાહેર વહીવટ, કાનૂની કરાર, નાણાકીય કામગીરી સહિતના તમામ ક્ષેત્રોમાં IST ફરજિયાત હશે. તેની મુખ્ય જોગવાઈઓમાં સત્તાવાર અને વ્યાપારી હેતુઓ માટે IST સિવાયના સમયના સંદર્ભો પર પ્રતિબંધ અને સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં ISTનું ફરજિયાત પ્રદર્શનનો સમાવેશ થાય છે.

તેમાં સાયબર સુરક્ષા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે સમય-સુમેળ પ્રણાલીની પણ જોગવાઈ છે. સમય સુમેળ એ સુનિશ્ચિત કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે કે બે સિસ્ટમો અથવા ઉપકરણો એક સામાન્ય સમય સંદર્ભને વહેંચે છે. એન્જિનિયરિંગ, સુરક્ષિત સંદેશાવ્યવહાર, ભૌતિક સિસ્ટમ્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં તે મહત્વપૂર્ણ છે. ગ્રાહક બાબતોનો વિભાગ નેશનલ ફિઝિકલ લેબોરેટરી અને ઈસરો સાથે મળીને એક મજબૂત સમય વિસ્તરણ સિસ્ટમ વિકસાવી રહ્યું છે.

# દિલ્હીના નવા ઉપમુખ્યમંત્રી બનશે મનીષ સિસોદિયા : કેજરીવાલ

## જંગપુરની રેલીમાં અરવિંદ કેજરીવાલે કરી જાહેરાત



નવીદિલ્હી, તા. ૨૭

મનીષ સિસોદિયાને આમ આદમી પાર્ટીના ડેપ્યુટી સીએમનો ચહેરો જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરાત અઅ૩ નેતા અરવિંદ કેજરીવાલે જંગપુરા વિધાનસભા ક્ષેત્રમાં એક ચૂંટણી રેલી દરમિયાન કરી હતી. તેઓ પહેલીવાર જંગપુરાથી ચૂંટણી લડી રહ્યા છે. મનીષ સિસોદિયા ૨૦૧૩ થી ૨૦૨૦ સુધી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પટપરગંજથી ચૂંટણી લડતા અને જીતતા આવ્યા હતા, પરંતુ અવધ ઓઝાને પટપરગંજથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર બનાવવામાં આવતા મનીષ સિસોદિયાને જંગપુરા જવું પડ્યું હતું. જંગપુરામાં, મનીષ સિસોદિયા ભાજપના તરવિંદર સિંહ મારવાહ સામે ચૂંટણી લડી રહ્યા છે, જેઓ ત્યાંથી ત્રણ વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે, પરંતુ ૨૦૨૨માં ભાજપ તરફ વળ્યા હતા. કોંગ્રેસે જંગપુરાથી ફરહાદ સૂરીને ટિકિટ આપી છે.

છતાં ચૂંટણી રેલીમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કહે છે કે, મેં મનીષ સિસોદિયાને તમારા લોકોને સોંપી દીધા છે, અને તેમને કહ્યું છે કે જંગપુરાનો ૧૦ ગણો વિકાસ કરો, તમામ અટકેલા કામો ઝડપથી પૂર્ણ કરો જે કરી શકાયું નથી તે કરવું પડશે. નવી વિકાસ યોજનાઓ શરૂ કરવી પડશે. અને તે જંગપુરાની જનતાને ભૂલથી પણ કોઈ ભૂલ ન કરવા ચેતવણી આપે છે. જણાવી દઈએ કે ભાજપના ૮ ધારાસભ્યોએ તેમના વિસ્તારના લોકોનું જીવન નરક બનાવી દીધું છે. કેજરીવાલનો દાવો છે કે ભાજપના ધારાસભ્યો કોઈ કામ કરતા નથી. તેઓ અમારી સરકાર વિશે કહે છે કે, અમે ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ કરાવી છે, જો તમારે ૨૪ કલાક વીજળી જોઈતી હોય તો સાવરણીનું બટન દબાવો, જો તમારે ૬ કલાક વીજળી કાપવી હોય તો કમળનું બટન દબાવો. મનીષ સિસોદિયાના વખાણ કરતા તેઓ કહે છે કે, મનીષ સિસોદિયા મારા કમાન્ડર, નાના ભાઈ અને મારા સૌથી પ્રિય છે, આમ આદમી પાર્ટીને ૨-૪ સીટો ઓછી મળે તો પણ સરકાર મનીષ સિસોદિયાની છે. આમ આદમી પાર્ટીની સરકારમાં ફરીવાર નાયબ મુખ્યમંત્રી બની રહ્યા છે.

સિસોદિયાના ડેપ્યુટી સીએમ બનવાથી જંગપુરાના લોકોને થયેલા ફાયદા વિશે જણાવતા અરવિંદ કેજરીવાલ કહે છે કે, સિસોદિયા ડેપ્યુટી સીએમ બનવાનો અર્થ એ છે કે તમે બધા ડેપ્યુટી સીએમ પણ બની જશો... કોઈ અધિકારી અવગણના નહીં કરી શકે... કામ થઈ શકે છે.

ફોન પર દોડીને અધિકારીઓ કરશે... જો તમારા ધારાસભ્ય નાયબ મુખ્યમંત્રી છે, તો બધા અધિકારીઓ ફોન પર તમારા માટે કામ કરશે. ડેપ્યુટી સીએમના એસેમ્બલી મેમ્બરનો ફોન ન ઉપાડવાની કોઈ અધિકારીની હિંમત નહીં હોય. લોકો કેજરીવાલની વાતો ખૂબ ધ્યાનથી સાંભળે છે, પરંતુ ઘણાના મનમાં સ્વાભાવિક પ્રશ્ન પણ હોય છે, જેના જવાબ માટે તેઓ તેમના મનમાં સંઘર્ષ કરે છે. શું ખરેખર આવું થાય છે? તો પછી આમ આદમી પાર્ટીની ચૂંટાયેલી સરકાર શું કહે છે તેની દિલ્હી સરકારના અધિકારીઓને કોઈ પરવા નથી એવું આખું વર્ષ કેમ સાંભળવા મળે છે!

ઓફર અંગે મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે ભાજપે તેમને કહ્યું હતું કે જો તેઓ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને તોડી નાખશે તો તેમને દિલ્હીના મુખ્યમંત્રી બનાવવામાં આવશે. અરવિંદ કેજરીવાલ પહેલા પણ ધારાસભ્યોને તોડવાનો આરોપ લગાવી ચૂક્યા છે અને તાજેતરની ચૂંટણીમાં જ્યારે આમ આદમી પાર્ટીને ઓછી બેઠકો મળી ત્યારે પણ આવી આશંકા વ્યક્ત કરી છે.

# ચીન-ભારત સંબંધો સુધારવાની પ્રક્રિયાને મળ્યો વેગ

## બેઈજિંગ પહોંચ્યા બાદ વિક્રમ મિસ્રીએ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી

નવીદિલ્હી, તા. ૨૭

વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ સોમવારે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી. ભારત-ચીન સંબંધો સુધારવા માટે ચીનના અધિકારીઓ સાથે વાટાઘાટો કરવા ઈજિપ્તની બે દિવસીય મુલાકાતે છે. વિદેશ પ્રધાન હોવા ઉપરાંત, વાંગ શાસક સામ્યવાદી પક્ષના શક્તિશાળી રાજકીય બ્યુરોના સભ્ય અને ભારત-ચીન સરહદ પ્રણાલી માટે ચીનના વિશેષ પ્રતિનિધિ છે. એ જ રીતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ ભારતીય પક્ષના વિશેષ પ્રતિનિધિ છે. મિસરીની ચીનની મુલાકાત ગયા મહિને વિશેષ પ્રતિનિધિ મિકેનિઝમ હેઠળ વાંગ અને ડોભાલ વચ્ચેની વાટાઘાટોને પગલે છે. મિસ્રી સાથેની તેમની મુલાકાતમાં વાંગે જણાવ્યું હતું કે ગયા વર્ષે રશિયાના કાઝાનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની બેઠક બાદથી, બંને પક્ષોએ બંને દેશોના નેતાઓ વચ્ચે પહોંચેલી મહત્વપૂર્ણ સહમતિને ગંભીરતાથી અમલમાં મૂકી છે, તમામ સક્રિય વાટાઘાટો હાથ ધરવામાં આવી છે. તમામ સ્તરે યોજાઈ હતી. ચીન-ભારત સંબંધો સુધારવાની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવામાં આવી છે. બેઈજિંગ પહોંચ્યા બાદ વિક્રમ મિસ્રી ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય વિભાગના વડા લિયુ જિયાનચાઓને પણ મળ્યા હતા. બંને પક્ષોએ નેતાઓ વચ્ચે થયેલી સમજૂતીઓનો અમલ કરવા, વાતચીતને મજબૂત કરવા અને ભારત-ચીન સંબંધોમાં સ્થિરતા અને સુધારણાને પ્રોત્સાહન આપવાના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ઈજિપ્તની મુલાકાત ચીનના વસંત ઉત્સવ અને ચાઈનીઝ નવા વર્ષની પૂર્વે આવે છે, જે ૨૯ જાન્યુઆરીથી શરૂ થતાં એક અઠવાડિયા માટે ઉજવવામાં આવશે. રવિવારે ચીન પહોંચ્યા બાદ વિદેશ સચિવ વિક્રમ મિસ્રી સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય વિભાગના વડા લિયુ જિયાનચાઓને મળ્યા હતા. આ બેઠકમાં, બંને પક્ષોએ બંને દેશોના નેતાઓની સહમતિને સંયુક્ત રીતે અમલમાં મૂકવા, આદાનપ્રદાન અને સંવાદને મજબૂત કરવા, ચીન-ભારત સંબંધોના વિકાસને સુધારવા અને પ્રોત્સાહન આપવા તેમજ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરવા પર પણ સંમતિ દર્શાવી હતી . મિસ્રી ચીનમાં ભારતના રાજદૂત રહી ચૂક્યા છે.

વાંગ યીએ કહ્યું કે ભારત અને ચીને એકબીજાને મળવું જોઈએ અને વધુ નક્કર ઉકેલ શોધવો જોઈએ. આપણે પરસ્પર શંકા, પરસ્પર અલગતા અને પરસ્પર ઉપભોગને બદલે પરસ્પર સમજણ, પરસ્પર સમર્થન અને પરસ્પર સિદ્ધિ માટે પ્રતિબદ્ધ થવું જોઈએ. વાંગે કહ્યું કે ચીન-ભારત સંબંધોમાં સુધારો અને વિકાસ બંને દેશો અને તેમના લોકોના મૂળભૂત હિતમાં છે. વૈશ્વિક દક્ષિણમાં દેશોના કાયદેસરના અધિકારો અને હિતોનું રક્ષણ કરવા માટે અનુકૂળ. વાંગે કહ્યું કે ભારત અને ચીન વચ્ચેના સારા સંબંધો એશિયા અને વિશ્વની બે પ્રાચીન સંસ્કૃતિની શાંતિ, સ્થિરતા, વિકાસ અને સમૃદ્ધિમાં યોગદાન આપવા માટે પણ અનુકૂળ છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# શાંતિ એ આપણો શાશ્વત સ્વભાવ છે, પણ એ પવિત્રતા વગર પ્રાપ્ત થતી નથી



મિત્રો- શુભ સવાર.

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વિદેશની ધરતી પર ૭૬ મો પ્રજાસત્તાક દિન ઉજવ્યો, જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા યે ભારત દેશ હૈં મેરા! તેમજ મેરા રંગ દે બસંતી ચોલા, એ ગીત સાંભળીને, મેરા ભારત મહાન એ ઉક્તિ ખરેખર વિદેશમાં અને ત્યાં જે લાગણી અનુભવાય એ કંઈક અલગ જ હોય, રાષ્ટ્ર ગીત ગાતાં ગાતાં આંખો ભીની થઈ ગઈ. એટલે જ કહેવાયું છે કે માતૃભૂમિ માતૃભાષા અને માતા પિતાનું મૂલ્ય એનાથી દૂર જવાથી જ થાય છે. લગભગ ૨૦૦ જણાં હતાં, બધાં જ યંગ, વયસ્કમાં તો લગભગ અમે બે જ! પણ આપણા જેવી સંસ્કૃતિ જેવી સંસ્કૃતિ વિશ્વમાં કદાચ ક્યાંય નહીં હોય એવું અહીં આવતા અનુભવાયું, જર્મન પ્રજા પ્રમાણમાં ઓછી ફ્રેન્ડલી છે, અને સામાન્ય રીતે એકબીજા સામે હસતા પણ નથી, જ્યારે આપણે તો હસવું, બોલવું, મસ્તી મજાક એ બધું જ સહજ. પણ છતાં દેશના આર્થિક તંત્રને મજબૂત બનાવવા પોતાની પ્રોડક્ટનો જ ઉપયોગ કરે છે, જે આપણે શીખવા જેવું છે. ૧૪૦ કરોડ માંથી ૪૦ કરોડ લોકો જો સ્વદેશીનો સંકલ્પ લે તો આપણું અર્થ તંત્ર મજબૂત બને, બાકી તો એક યુરોના ૯૦ દેવાં પડે. ટેકનોલોજીની રીતે ભારતમાં પણ આજકાલ માનવ યાંત્રિક બનતો જાય છે! એટલે કે વિજ્ઞાનના વિકાસને કારણે, કેટલીય પ્રકારની યાંત્રિક શક્તિ માનવીની જરૂરિયાત બની ગઈ છે, અને સુખ સુવિધા માટેનાં અધ્યતન સાધનો બજારમાં ઉપલબ્ધ છે, અને એ પણ લોનથી, એટલે કહેવું શું! જો વિદેશી કંપનીનો માલ ખરીદ્યો હોય તો આ બધાં જ નાણાં વિદેશમાં ઠલવાય! વધતી જતી યાંત્રિક જરુરીયાત પર કાપ મુકવા માટે એક જ મંત્ર યાદ રાખવો કે યંત્ર આપણને સુખ આપી શકે શાંતિ નહીં ! કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે. માટે શાંતિ માટે આપણે સુખનાં ડાયરામાંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતાં નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ. જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે! આપણને સવાલ થાય કે મનનો આહાર શું હોય શકે! મનનો આહાર એટલે મનોરંજન! મનને ગમતી ક્રિયા એ મનનો આહાર છે! પણ આ મનોરંજનનું સાધન આપણાં એકની ખુશીને લઈ ને હોય તો પણ, અન્યને નુકસાન કર્તા તો ન જ હોવું જોઈએ! આપણી ખુશી અન્યના ગમ કે દુઃખનું કારણ બનતું નથી ને ! જે જોવું હવે નિરર્થક હોય એમ કોઈ જોતું નથી, અને માટે ખુશી લાંબો સમય ટકતી નથી, અથવા તો ખુશીમાં પણ બેચીની એટલે કે અશાંતિ પડઘાતી હોય એવું લાગે છે, કે પછી લાખ સુખો ભોગવવા છતાં અસંતોષ રહે છે. કોઈની આહ નીકળવી કે આંસુ સરવા આ બંને હિંસા છે, અને એટલે શાંતિ પહેલા અહિંસાને આજીવન વ્રત બનાવવું પડે, અને પેટા પગથિયાં રૂપે આપણે તેને આત્મસાત કરીએ તો શાંતિ મળે.

અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે. સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી, તે ભાવ એટલે અહિંસા. બાકી અન્ય જીવ શ્રેણીમાં જોઈએ તો ઉપભોગ અને ઉપભોક્તાની આ સાયકલમાં કોઈનાં જીવન માટે કોઈનું મૃત્યુ નિશ્ચિત છે. પણ માનવી માટે હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. હિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી પહોંચાય. કારણકે મારવાં કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસોશ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય, એ રીતે નાના જીવને ક્રૂરતાથી મારીને વિકૃત આનંદ લેતા હોય તો એ હિંસાનો ભાવ છે.

શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિ થી બચી શકાય, અને એ રીતે શાંતિ. વિદ્યા એટલે કે અહંકાર શૂન્ય થઈ જ્ઞાનની ગરિમા જળવાય તો મનુષ્ય જીવનનું મહત્વ સમજાય, અને પોતાની લાક્ષણિકતા માટે તત્વતઃ ઈશ્વર તરફ આભાર વ્યક્ત થાય, કે પછી કંઈક વિશેષ મળવાથી ખુશ પણ થાય. સૌ સમાનની સમજ સંવેદના અને મૈત્રી ભાવને કારણે સૌ સાથે જોડાય અને એ રીતે સાથ સહકારથી ખુશી બેવડાય છે.

અહીં કર્તા હર્તા ને સમાહર્તા ઈશ્વર છે એ જ્ઞાન સૌને ક્ષમા કરવાની ઉદારતા બતાવે, અને પોતાની ભૂલ વખતે ક્ષમા માંગવાની પણ તૈયારી બતાવી સૌનાં દિલમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમ હ્રદયમાં ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ ભક્ત ને ભક્તિની શક્તિ પ્રદાન કરે છે, અને ધીરે ધીરે ઉદારતા, દયાળું, માયાળુ, પ્રેમાળ, અને કરુણાનાં ભાવોથી હ્રદય ભરાય જાય છે, જ્યાં હિંસાનો ભાવ સાવ નાબૂદ થઈ જાય છે, અને હવે સ્વભાવમાં જે જવલ્લે જ જોવા મળતા હતાં, એ આક્રમકતા, ક્રોધ, કામ, વાસના, જેવા તમામ દૂષણોનું નિવારણ થતાં જીવ શાંત થાય છે. આમ એક એક પગથિયે ૧૦% ૧૦% શાંતિ મેળવતા મેળવતા ૧૦૦% શાંતિ સુધી પહોંચાય છે, આમાં કોઈ શોર્ટકટ નથી! હાં સદગુરુ શરણે જઈને, જેવા છીએ એવા આત્મનિવેદન કરીએ તો કંઈ પણ કર્યા વગર માત્ર સદગુરુના વચનો પર ભરોસો રાખીને શક્તિથી શાંતિ સુધીના દરેક શક્તિ કવચે પહોંચી શકાય છે. સુખ નહીં પણ શાંતિ સુધી પહોંચવું હોય તો આપણી પાસે બે જ માર્ગ છે! એક ક્રમશઃ પગથિયાં ચડીએ! અને બીજું ક્યાંય પણ ગયા વગર સદગુરુ ચરણે મૌન થઈ બેસી જઈએ તો પહોંચી શકાય.

ગીતામાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણ માર્ગ બતાવ્યાં છે! પણ સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય ! બાકી બધું થાય તો પણ એ દેખાડો, એટલે કર્મ એટલું થતું નથી. સંસારી જીવ જ્ઞાન માટે વ્રત સંયમ નિયમ એ બધું કેટલું પાળી શકે? એટલે સાચું જ્ઞાન પણ ક્યાંથી મળે? ભક્તિ, હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે! એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે, એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, લોભ લાલચ હિંસા જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે, એ સૂત્રનો યથાર્થ પ્રયોગ કરી શાંતિ કે જે આપણો શાશ્વત સ્વભાવ છે એને સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પ્લાન પરફેક્ટ હતો પણ એક ભૂલ થઇ ગઇ: ત્રિપૂટી હાથમાં આવતાં બહાર આવી ચોંકાવનારી વિગતો

# એક કરોડ લૂંટી 'સક્સેસ'નો મેસેજ કર્યો અને ઝડપાયા

## આર્થિક ભીંસ દૂર કરવા કર્મચારીએ જ કાવત્રુ ઘડી બે સાગ્રીતો સાથે મળી શેઠના એક કરોડ લૂંટ્યા હતાં: પોલીસે મોટા ભાગની રકમ રિકવર કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

રાજકોટ: ચોરી, લૂંટના અમુક ગુનાઓ પોલીસ ઉકેલે ત્યારે ચોંકાવનારી વિગતો ખુલતી હોય છે. તાજેતરમાં થયેલી એક કરોડની લૂંટનો ભેદ ઉકેલી પોલીસે ત્રિપુટીને દબોચી લેતાં સંપુર્ણ વિગતો સામે આવી હતી. સુત્રધાર સહિત ત્રણને દબોચીલઇ પોલીસે મોટા ભાગની રોકડ રીકવર કરી હતી. સુત્રધાર જે ઓફિસમાં કામ કરતો હતો તેના માલિકને જ લૂંટવાનો પ્લાન ઘડી તેને પાર પણ પાડ્યો હતો.. આર્થિક ભીંસ દૂર કરવા માટે થઈને તેણે સાગ્રીતો સાથે મળી આ લૂંટ કરી હતી. લૂંટ કર્યા બાદ કોડવર્ડ સાથેનો મેસેજ તેણે સાગ્રીતને કર્યો હતો એ સાથે જ સર્વેલન્સમાં ફોન રખાયો હોઇ પોલીસને મહત્વની ટીપ મળી જતાં તપાસનો દોર સુત્રધાર સુધી પહોંચી ગયો હતો.

ગુનેગારો ગમે તેવા સાતીર દિમાગ લગાવીને ગુનો આચરે છતાં કોઇને કોઇ ભુલ રાખી દેતાં હોય છે. ખેડા નજીક થયેલી એક કરોડ રૂપિયાની લૂંટનો ભેદ પણ પોલીસે ગુનેગારની આવી જ એક ભુલને કારણે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો હતો. પોલીસે આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે રિમાન્ડ પર લીધા છે. મુખ્ય આરોપી રાહિદમીયા રીયાઝમીયા સૈયદ



અમદાવાદ એએમપીસીમાં જોગેશ ઉર્ફે મેહુલ બોડાણાની ઓફિસમાં કર્મચારી તરીકે કામ કરતો હતો. આર્થિક તંગીમાંથી બહાર નીકળવા તેણે લૂંટનું કાવતરૂ રચ્યું. લૂંટનો પ્લાન ઘડી લૂંટ માટે રાહિદે બે મોબાઈલનો ઉપયોગ કર્યો હતો. જેમાં એક પોતાની પાસે અને બીજો સાથી આરોપી મુબસ્સિરહુસેન ઉર્ફે રાજા (ધોળકા) પાસે રાખ્યો. રાહિદે રિક્ષાચાલક પાસેથી પૈસા લઈ જવાની માહિતી મુબસ્સિરને આપી, જેના આધારે લૂંટ થઈ હતી.

જો કે લૂંટ બાદ મુબસ્સિરે રાહિદનેઓપરેશન સક્સેસનો મેસેજ કર્યો હતો. પોલીસને શરૂઆતથી જ રાહિદ પર શંકા હતી. પૂછપરછમાં તેણે સમગ્ર કાવતરૂ કબૂલ્યું. લૂંટમાં વપરાયેલો મોબાઈલ રાહિદે ધોળકા જતા રસ્તામાં ફેંકી દીધો હતો, જે પોલીસે કબજે કર્યો છે. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે. રિક્ષા ચાલક અને આ કેસના ફરિયાદી હસમુખભાઈને કોઈ જાતની શંકા ન પડે એટલા માટે ધોળકાથી નીકળતી વખતે રાહિદે પોતાની પત્નિને ધોળકાથી ખેડા લાવ્યો હતો. ધોળકામાં પોતાની પત્નિના કોઈ સંબંધી ત્યાં પતિનને રાખી બાદમાં હસમુખ રિક્ષા લઈને આવતા તે તેની સાથે બેસીને નડિયાદ આવ્યો હતો અને પછી પરત ધોળકા જવા માટે નીકળ્યો હતો પત્ની સાથે હોય એટલે આ કારસ્તાન રાહિદએ કર્યું છે તેવી કોઈને શંકા ન પડે.

જોકે પોલીસે તેની હિલચાલ અને જવાબ આપવાના ગભરાટ લઈ તેને પકડી લીધો હતો. આ કેસમાં મુખ્ય સૂત્રધાર આરોપી મુબસ્સીરહુશેન ઉર્ફે રાજા મકબુલહુસેન મલેક વિરૂધ્ધ અગાઉ જુદાજુદા પોલીસ મથકે ૧૧ ગુનાઓ નોંધાયેલા છે, તો શાહિદ ઉર્ફે હૈદો સામે અગાઉ ત્રણ અને નિયામત ઉર્ફે ભુરો સામે ત્રણ ગુનાઓ નોધાયેલા છે. આમ આ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જ્યારે પકડાયેલા ઈસમોની વાત કરીએ તો મુજીબહુસેન મકબુલહુસેન મલેક સામે અગાઉ વિવિધ કલમ હેઠળ ગુનાઓ નોધાયા છે. જ્યારે ઈલ્યાસભાઇ સાબીરભાઇ મન્સુરી પશુ ચોરીના ગુનાઓ આચરેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. જિલ્લા પોલીસવડા રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, રાહીદ કે જે ધોળકાના છે તેમના નામનું એક્સિસ બેન્કમાં એકાઉન્ટ હતું.

જ્યાથી રૂપિયા એક કરોડ લઈને આ રીક્ષા ચાલક અમદાવાદ જઈ રહ્યા હતા. રહિદનું એકાઉન્ટ નડિયાદમાં કોણે ખોલાવ્યું અને શા માટે ખોલાવ્યું તે તપાસમાં બહાર આવશે. ટિપ્સ આપનાર રાહિદની કડક પુછપરછ કરવા માટે રિમાન્ડ મેળવાયા છે. આગામી દિવસોમાં ફરાર આરોપીઓને ઝડપી લેવામાં આવશે. રાહીદ દેણામાં હોઇ લૂંટારૂઓને ટીપ્સ આપી હતી અને ઘર તેમજ લાખોનું દેવું ઉતરી જવાની લાલચમાં રાહીદ જ ગુનામાં સંડોવાયો હતો.

# વસુલાતનો ટાર્ગેટ પૂરો કરવા RMC માટે કપરા ચડાણ

## વેરા વસુલાત વિભાગે ત્રણ મિલકતોને સીલ કરી ૩૩ લાખની કરી આવક

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા ના વેરા વસુલાત વિભાગની જો વાત કરવામાં આવે તો હાલ આ વિભાગ દ્વારા ઘણાખરા અંશ છે જે કામગીરી કરવામાં આવી રહી છે તે અકલ્પનીય છે . કારણ કે મહત્વનું એ છે કે જયાં સુધી નક્કર કામગીરી કરવામાં નહીં આવે ત્યાં સુધી મહાનગરપાલિકાની આવકને ઘણી માઠી અસર પહોંચશે. મહત્વનું છે કે ગઈકાલે મહાનગરપાલિકા દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારોમાં જે તપાસ ચલાવવામાં આવી તેમાંથી અનેકવિધ મિલકતોને સીલ કરવામાં આવી છે તો સામે અનેકવિધ નળ કનેકશન પણ કાપવામાં આવ્યા છે. ત્યારે ૪૧૦ કરોડના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી:

૩-મિલકતોને સીલ મારેલ તથા ૯-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૧-નળ કનેક્શન કપાત થતાં રીકવરી થયેલ. આજના દિન ની રીકવરી રૂા.૩૨.૯૮ લાખ થઈ છે. અત્યાર સુધી અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે છતાં પણ જે ટાર્ગેટ સુધી પહોંચવામાં આવવું જોઈએ તે થઈ શક્યું નથી. ત્યારે હવે જરૂરી એ છે કે મહાનગરપાલિકા ની વેરા વસુલાત શાખા દરેક સંભવત પ્રયત્નો કરે જેથી ટાર્ગેટની નજીક તેવો પહોંચી શકે. કારણ કે હાલ જે સ્થિતિ જોવા મળી રહી છે તેને ધ્યાને લઇ એ વાત તો સ્પષ્ટ છે કે આગામી દિવસોમાં જો ટાર્ગેટ પૂરો કરવો હોય તો રિકવરી તીવ્ર કરવી પડશે.

હાલ એ માટે મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ દ્વારા અનેકવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે છતાં પણ જે વેગ તેઓને મળવો જોઈએ રિકવરી માટે તે હજુ સુધી મળી શક્યો નથી જેને લઈને મહાનગર પાલિકાનું જે બજેટ છે તે ખોળવાયું છે. હાલ અનેકવિધ પ્રશ્નો પણ થઈ રહ્યા છે ત્યારે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને વેરા વસુલાત વિભાગ માટે હાલ દરેક સંભવત પ્રયત્નો વિભાગ્ય અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

# હિંડનબર્ગ કેસની વધુ સુનાવણી નહિ કરાય : સુપ્રીમ કોર્ટ

## તપાસની માંગણી કરતી વિશાળ તીવારીની અરજી ૫ મી ઓગસ્ટ-૨૦૨૪ ના દિવસે જ સુપ્રીમ કોર્ટના રજીસ્ટ્રારે સ્વીકારી નહોતી

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે હિંડનબર્ગ અને અદાણી ગ્રુપ સંબંધિત કેસની વધુ સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં સુનાવણી માટે દાખલ કરવામાં આવેલી અરજીને પણ ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ આ મામલાની તપાસની માંગણી કરતી અરજી દાખલ કરી હતી, પરંતુ ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રારે તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.



હિંડનબર્ગ દ્વારા અદાણી ગ્રુપ સામે લગાવવામાં આવેલા આરોપો પર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાને તેનો નિર્ણાયક તપાસ અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપવા માટે એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ આ અરજીને સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રારે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. જો કે, હવે કોર્ટે આ આ કેસમાં આગળની સુનાવણી કરવા ઈનકાર કરી દીધો છે અને રજિસ્ટ્રારના નિર્ણયને સાચી ગણાવીને કોર્ટે આ મામલે વધુ સુનાવણી કરવાનો ઇનકાર કર્યો અને અરજી ફગાવી દીધી છે. એટલું જ નહીં, કોર્ટે અરજદારને એ પણ પૂછ્યું કે તેના પર કેટલો દંડ લાદવો જોઈએ. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા અમેરિકા સ્થિત શોર્ટ સેલર કંપની હિંડનબર્ગ રિસર્ચને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ વાતની જાહેરાત તેના સ્થાપક નેટ એન્ડરસને પોતે કરી હતી. નેટ એન્ડરસને હિન્ડનબર્ગ વેબસાઈટ પર એક નોંધ લખીને કહ્યું કે મેં હિંડનબર્ગ રિસર્ચને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. અમે જે વિચારો પર કામકાજ કરી રહ્યા હતા તે પૂર્ણ કર્યા પછી પ્રોજેક્ટ બંધ કરવાની યોજના છે.

### શું થયો હતો વિવાદ?

અમેરિકા સ્થિત હિંડનબર્ગ રિસર્ચે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અદાણી ગ્રુપ પર એક રિપોર્ટ બહાર પાડ્યો હતો. રિપોર્ટમાં અદાણી ગ્રુપ સામે મની લોન્ડરિંગથી લઈને શેરના ભાવ વધારવા સુધીના અનેક આરોપો મૂકવામાં આવ્યા હતા. આ રિપોર્ટ બહાર આવ્યા બાદ તેની ખરાબ અસર અદાણી ગ્રુપના શેરમાં જોવા મળી હતી

### રાજ્યભરમાં રોજબરોજ બની રહેલા છેડતી-દૂષ્કર્મના કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો

# બાળા સાથે દૂષ્કર્મનો પ્રયાસ, યુવતીને બથ ભરી કિસ કરી

## ઢગો સાત વર્ષની બાળકીને રૂમમાં પુરી ચાળા કરતો'તો ત્યાં જ પરિવારજનો આવી ગયા: ધક્કો દઇ ભાગી ગયો: ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં ઉભેલી યુવતિને વિકૃતીયાએ બથમાં લઇ બકી ભરી બિભત્સ હરકતો કરી: દેકારો મચતાં ભાગી ગયો: બંનેની શોધખોળ

રાજકોટ: રાજ્યભરમાં વિકૃતિ, હવસખોરી, છેડતી, પજવણી, દૂષ્કર્મના કિસ્સાઓ રોજબરોજ બની રહ્યા છે. વધુ આવા બે બનાવમાં શૈતાનોએ કરતૂતો આચરી હતી. જેમાં એક સાત વર્ષની બાળકી ચાલીમાં રમતી હતી તેને એક હવસખોર ઢગો રૂમમાં ખેંચી ગયો હતો અને અડપલા કરી દૂષ્કર્મનો પ્રયાસ આદર્યો હતો. સદ્નસિબે પરિવારજનો બાળકીને શોધતા શોધતા પહોંચી જતાં અને દરવાજો ખખડાવતાં હવસખોર દરવાજો ખોલી ધક્કો દઈ ભાગી ગયો હતો. બીજી ઘટનામાં ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં ઉભેલી યુવતિને એક હવસખોરે બથ ભરી લઈ બિભત્સ હરકતો કરી લીધી હતી. દેકારો થતાં તે ભાગી ગયો હતો. બંને ઘટનામાં વિકૃતીયાઓને શોધવા પોલીસે દોડધામ શરૂ કરી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વલસાડ જિલ્લાના વાપી શહેરના છીરી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક મજૂર પરિવારની ૭ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મનો -યાસ થયો છે. રવિવારે બપોરે ચાલી બહાર રમી રહેલી બાળકીને પાડોશમાં રહેતો એક યુવક પોતાના રૂમ નંબર ૩માં ખેંચી ગયો હતો. બાળકી ઘરેથી રમવા માટે નીકળ્યા બાદ થોડા સમય પછી તેના પિતાએ તેને શોધવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન પરિવારના સભ્યોએ આરોપીના રૂમનો દરવાજો ખખડાવ્યો હતો, જ્યાં આરોપીએ બાળકી ન હોવાનું જણાવ્યું હતું.

પરંતુ પકડાઈ જવાના ડરથી આરોપીએ બાળકીને રૂમની બહાર મોકલી દીધી અને પોતે ફરાર થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે નરાધમે બાળકીના કપડાં ઉતારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સમયસર પરિવારના સભ્યોના હસ્તક્ષેપને કારણે બાળકી બચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પરિવારે ડુંગરા પોલીસને જાણ કરી હતી. પોલીસે બાળકીનું મેડિકલ પરીક્ષણ કરાવ્યું છે અને તેનું નિવેદન નોંધ્યું છે. આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ જત્ર નોંધવામાં આવી છે અને પોલીસે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને લઈને નરાધમ સામે બાળકીના પરિવાર જનોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

બીજી ઘટના સુરતના પુણા વિસ્તારમાં રેશ્મા



ચોકડી પાસે બસ પાર્કિંગમાં બની છે. અહિ બનેલા છેડતીના બનાવે સ્થાનિકોમાં ચકચાર મચાવી છે. મુસાફરી દરમિયાન એકલો સમય પસાર કરતી યુવતી પર શારીરિક છેડતીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવતીને બાથમાં ભરી બીભત્સ હરકતો કરનાર માનસિક વિકૃત વ્યક્તિની શોધખોળ પોલીસે શરૂ કરી છે. આ મામલો પુણા શિવનગર નજીક ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં બન્યો હતો. જ્યાં ઝુંપડામાં રહેતા સંજય કાળુભાઈ પલાસ નામના શ્રમજીવી યુવકે એકલી બેસેલી યુવતીને પકડી તેની સાથે અશ્લીલ વર્તન કર્યું હતું. યુવતીના વિરોધ છતાં સંજયે યુવતીને બાથમાં પકડી કિસ કરીને શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોતાની સાથે આવી હરકતો થઇ છતાં યુવતીએ હિંમતપૂર્વક બુમો પાડતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેને કારણે સંજય પલાસ તુરંત જ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે યુવતીએ પુણા પોલીસ સ્ટેશનમાં પહોંચી આરોપી વિરુદ્ધમાં છેડતીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે સંજય પલાસ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે અને તેની શોધખોળ માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટના બાદ વિસ્તારમાં સુરક્ષા અંગે ચર્ચાઓ સાથે લોકોમાં રોષ સર્જાયો છે. સ્થાનિક લોકોએ વિસ્તારમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવે નિરાશા વ્યક્ત કરી છે અને આવા બનાવોને રોકવા કડક પગલાં લેવાની માંગ કરી છે. પોલીસે ઘટનાના તમામ પાસાઓની તપાસ શરૂ કરી છે અને આરોપીને ઝડપવા માટે ચક્ર ગતિમાન કર્યા છે.

તમારા ઘરમાં તમે બહુ ઝઘડા કરો છો એ અમને ગમતું નથી...કહી પડોશી ગાળાગાળી પર ઉતરી આવ્યા ને થયો બખેડો

# પડોશીઓ વચ્ચે તલવાર-છરીઓ ઉડી અને પાંચ ઘાયલ થયા

## ધરમનગર ક્વાર્ટરની ઘટનાઃ એક શખ્સે બે હાથમાં છરી-તલવાર સાથે ધમાલ મચાવીઃ બીજાએ તેને તલવાર ઝીંકીઃ એક મહિલાએ બીજીને વાળ પકડી પછાડીઃ બીજીએ તેને મોઢા પર ધોકો ફટકાર્યોઃ છેલ્લે એક આરોપીએ ફિનાઇલ પીવાનો પોલીસ સ્ટેશન પાસે પ્રયાસ કર્યોઃ બે એફઆઇઆર દાખલ થઇ



રાજકોટઃ શહેરમાં ગમે ત્યારે ગમે તે લોકો કોઇની ને કોઇની સાથે બાખડી પડતાં હોય છે. નહિ જેવી વાતે લોકો મગજ ગુમાવી દેતાં હોય છે. દરમિયાન ગાંધીગ્રામ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ ધરમનગર આવાસ ક્વાર્ટરમાં રહેતાં બે પડોશી પરિવારો વચ્ચે તલવાર, છરીઓ ઉડતાં પાંચ લોકો ઘાયલ થતાં પોલીસે બંને પક્ષની એફઆઇઆર નોંધી હતી. એક પરિવારના વડીલ પોતાના ઘરમાં પોતાના જ સભ્યો સાથે માથાકુટ કરતાં હોઇ તે વાત પડોશી પરિવારને પસંદ ન હોઇ ગાળાગાળી કરતાં આ મામલે મોટો બખેડો થઇ ગયો હતો અને તેમાં ધીંગાણુ ખેલાયુ હતું. કારના કાચ પણ ફોડવામાં આવ્યા હતાં અને એક બીજાને ધમકીઓ પણ અપાઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ ધરમનગર આવાસ ક્વાર્ટર નં. ૨/૪૫માં રહેતાં ચોવીસ વર્ષના ફાલ્ગુનીબેન ઉર્ફ નિધીબેન ઉત્સવભાઇ ટાકોદરાની ફરિયાદ પરથી તેના પડોશી રૂબીનાબેન અને અનિરૂધ્ધસિંહ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફાલ્ગુનીબેને જણાવ્યું હતું કે હું પતિ, પરિવાર સાથે રહુ છું. અમારી સાથે મારા સસરા, જેઠ, દિયર પણ રહે છે. મારા પતિ સ્કૂલવેન ચલાવે છે. પચ્ચીસમીએ ઇસંજે હું ઘરે હતી ત્યારે મારા જેઠ નયનભાઇ ઉપર મારા નણંદ માનસીનો ફોન આવ્યો હતો કે ઉત્સવભાઇને આપણા બાજુવાળા અનિરૂધ્ધસિંહ અને તેના પત્નિ રૂબીનાબેન ગાળો આપે છે.તેણીએ આગળ કહ્યું હતું કે આ વાતની ખબર પડતાં હું, મારા સસરા મુકેશભાઇ, દિયર ભાર્ગવભાઇ, જેઠ નયનભાઇ એમ બધા ત્યાં જતાં ઝઘડો ચાલુ હોઇ અમે છોડાવવા વચ્ચે પડતાં અનિરૂધ્ધસિંહના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં છરી જોવા મળી હતી. રૂબીનાબેને કહેલુ કે તમે તમારા ઘરમાં અંદરો અંદર ઝઘડા કરો છો તે અમને પસંદ નથી. તેમ કહી ગાળો દઇ મને ધોકાનો ઘા મોઢા પર મારી દીધો હતો. તેના પતિએ મારા પતિ ઉત્સવને કપાળના ભાગે આંખ પાસે ઉંધી તલાવર મારી દીધી હતી. તેમજ સસરા મકુેશભાઇને પણ હાથના ભાગે છરીનો ઘા મારી દીધો હતો. ઝઘડો થતાં મારા કાકાજી સહિતના બીજા રહેવાસીઓ ભેગા થઇ જતાં અમને છોડાવ્યા હતાં.તયારબાદ મને, મારા પતિ અને સસરાને ઇજા થઇ હોઇ અમે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. અમારા ઘરમાં મારા સસરા ઘરના સભ્યો સાથે જેમતેમ બોલતાં હોઇ તે બાબત પડોશી રૂબીનાબેન અને તેના પતિને ન ગમતાં તેણીએ તેના પતિ સાથે મળી ઝઘડો કરી હુમલો કરી મારા પતિની સ્કૂલવેનના કાચ પણ ફોડી નાંખ્યા હતાં તેમજ મારી નાખવાની ધમકી આપી હતી.આ બટાઝટીમાં સામા પક્ષે રૂબીનાબેન અનિરૂધ્ધસિંહ વાઘેલાએ પણ એફઆઇઆર દાખલ કરાવી હતી. તેની ફરિયાદ પરથી નયનભાઇ, ભાર્ગવભાઇ, ઉત્સવભાઇ, નિધીબેન વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. રૂબીનાબેને કહ્યું હતું કે હું પતિ, બાળકો સાથે રહુ છું. મારા પતિ ડ્રાઇવીંગ કામ કરે છે. પચ્ચીસમીએ મારી દિકરી રીવાબાનો જન્મદ્વિસ હોઇ હું વસ્તુ લેવા બહાર ગઇ હતી. એ પછી ઘરે આવતાં પડોશી લત્તાબેન ઘરમાં શણગાર કરવા મદદ માટે આવ્યા હતાં. આ વખતે ઘર બહાર ભીડ હોઇ દેકારો થતાંત્યાં જોવા જતાં મારા પતિ અનિરૂધ્ધસિંહ સાથે પડોશી નયનભાઇ, ઉત્સવભાઇ, ભાર્ગવભાઇ, નિધીબેન સહિતના ઝઘડો કરી કહેતા હતાં કે તમે કેમ અમારા વિરૂધ્ધ અરજી કરો છો? હવે તમને જોઇ લેવા છે. ત્યારપછી ભાર્ગવ તેના ભાઇ નયનને કહેવા લાગેલ કે-હવે અહિ પડ્યા છે તો એક બેને પતાવી દઇએ. એ પછી નિધીએ મારી પાસે આવી મારા વાળ પકડી ઢીકાપાટુનો માર મારી ઝપાઝપી કરી હતી. નયને તલવારથી મારા પતિ અનિરૂધ્ધસિંહ પર ઘા કર્યો હતો પણ તેને લાગ્યો નહોતો. ટોળુ ભેગુ થઇ જતાં અમને છોડાવ્યા હતાં. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં એએસઆઇ એ. વી. બકુતરાએ બંને ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. બીજી તરફ પોલીસ બંને પક્ષના આરોપીઓને અટકાયત કરી પોલીસ સ્ટેશને લઇ ગઇ હતી. જ્યાં અનિરૂધ્ધસિંહે ફિનાઇલ પી લેવાનો પ્રયાસ કરતાં જરાક ફિનાઇલ મોઢામાં જતી રહ્યાનું લાગતાં સારવાર અપાવાઇ હતી. આમ નહિ જેવી વાતે પડોશીઓએ ધીંગાણુ ખેલતાં પાંચ ઘવાયા હતાં. બંને પક્ષને પડોશી મટી આરોપી બનવાની વેળા આવી ગઇ હતી.

# જયરાજપ્લોટમાં કારડીયા રાજપૂત સમાજના ઉપપ્રમુખની કારમાં પથ્થરમારો કરી તોડફોડ

## ભરતભાઇ ડોડીયા રામનાથપરાના ઘરે હતા ત્યારે બાજુમાં રાહિલ સહિતના ગાળો બોલતાં હોઇ ના પાડતાં ડખ્ખો કર્યોઃ પછી જયરાજપ્લોટમાં જઇને પાણાવી કરી

રાજકોટઃ શહેરમાં ઠેકઠેકાણે અમુક શખ્સો નહિ જેવી વાતે માથાકુટ કરી લેતાં હોય છે અને કાયદાને હાથમાં લઇ લેતાં હોય છે. વધુ એક વખત આવી ઘટના બની છે. જેમાં શહેરના જયરાજ પ્લોટમાં રહેતાં કારડીયા રાજપૂત સમાજના ઉપપ્રમુખે ઘર પાસે રાતે પાર્ક કરેલી કાર પર રાહીલ સહિતના શખ્સોએ પથ્થરમારો કરી કાચ ફોડી નાંખતા આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. ગાળો બોલવા મામલે આ ડખ્ખો થયો હતો.

વિગતો પર નજર કરીએ તો ભરતભાઇ ડોડીયાએ જણાવ્યું હતું કે હું જયરાજપ્લોટમાં રહુ છું અને અમારુ બીજુ મકાન રામનાથપરા-૧૧માં છે. અહિ અમે ગાયો બાંધીએ છીએ અને ગોડાઉન તરીકે ઉપયોગ કરીએ છીએ. રાતે અમે ઓનલાઇન પ્રયાગરાજની ટિકીટ બૂક કરાવતાં હતાં ત્યારે બાજુમાં રાહીલ સહિતના શખ્સો ગાળો બોલતાં હોઇ તેને મહિલાઓ પણ હાજર હોઇ ગાળો બોલવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને તારે શું છે? કહી ઝઘડો કર્યો હતો. આ પછી હું મારી કાર લઇને જયરાજપ્લોટના મારા ઘરે જતો રહ્યો હતો. કાર પાર્ક કરી હું ઘરમાં ગયો અને કાર પાર્ક કરી અંદર ગયો હતો.

થોડીવાર બાદ કંઇક ફુટવાનો અવાજ સંભળાતા બહાર નીકળીને જોતાં મારી કારના કાચમાં પાણાના ઘા કરીને રાહીલ સહિતના પાંચ શખ્સો ભાગી રહેલા જોવા મળ્યા હતાં. પથ્થરમારો કરનારા આ શખ્સો પોલીસ ચોપડે ચડી ચુક્યા છે. તેની સામે આકરી કાર્યવાહી કરવા અમારી માંગણી છે. તેમ વધુમાં ભરતભાઇ ડોડીયાએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ અને સ્ટાફે તપાસ શરૂ કરી હતી.

# દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં જોડાતા જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી



રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા મળેલા નિમંત્રણ થકી કર્તવ્યપથ દિલ્હી ખાતે મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ની ગરિમામય ઉપસ્થિતિમાં ૭૬ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી થવાનો અવિસ્મરણીય અવસર પ્રાપ્ત થયો હતો. .આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી ના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીની મુલાકાત અને માર્ગદર્શનનો અવસર મળ્યો હતો.

300 કલાકારો સાથે,આ પરેડમાં ૧૮ માર્ચિંગ ટુકડી, ૧૫ બેન્ડ અને 31 ટેબ્લો સામેલ હતા.આ દરમિયાન કુલ ૫,000 કલાકારો દ્વારા કર્તવ્ય પથ પર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. પ્રજાસત્તાક દિવસ ૨૦૨૫ ના અવસરે, પોલીસ, ફાયર, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધારાત્મક સેવાઓના ૯૪૨ કર્મચારીઓને શૌર્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા,૯૫ સૈનિકોને શૌર્ય ચંદ્રક, ૧૦૧ ને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક, ૭૪૬ ને પ્રશંસનીય સેવા માટે ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

સણોસરામાં રહેતાં ચેતનભાઇ કથીરીયા ધ્વજવંદન કરી શાળાએથી ઘરે જવા નીકળ્યા ત્યારે ગ્રામ પંચાયતના ગેઇટ પાસે ઇલ્યાસે આંતર્યા અને હુમલો કર્યો

# ખાર ઉતાર્યોઃ રાજકોટ તાલુકા પંચાયતના પ્રમુખ પર પાઇપના ઘા

## એક વર્ષ પહેલા ઇલ્યાસ વિરૂધ્ધ છેડતી સહિતની ફરિયાદ નોંધાવી હતીઃ તેનું મનદુઃખ રાખી ડખ્ખો કર્યોઃ કુવાડવા પોલીસે કરી કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**



રાજકોટઃ માણસના મગજમાં જુનો ખાર ઘર કરી ગયો હોય તો તે ગમે ત્યારે બીજા માટે પરેશાનીનું કારણ બની જતો હોય છે. આવી જ એક ઘટના રાજકોટના કુવાડવા તાબેના સણોસરા ગામે બની છે. અહિ રહેતાં રાજકોટ તાલુકા પંચાયતના ચેરમેન પર તેઓ પ્રજાસત્તાક પર્વની સવારે ધ્વજવંદન કરીને પ્રાથમિક શાળાએથી ઘરે જવા નીકળ્યા ત્યારે ગ્રામ પંચાયતના ગેઇટ પાસે જ તેમના પર ગામના જ એક શખ્સે લોખંડના પાઇપથી હુમલો કરી માર મારી ગાળો દઇ ધમકી આપતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. હુમલામાં તેમને પગમાં ઇજા થઇ હતી તેમજ હાથના અંગુઠામાં ફ્રેકચર થઇ ગયું હતું. યુવાન તરવરીયા ચેરમેન પર એક વર્ષ જુની ફરિયાદનો ખાર રાખી આ વિધર્મી શખ્સે હુમલો કર્યો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટ તાલુકા પંચાયતના ચેરમન ઉપર ૨૬મી જાન્યુઆરીના દિવસે જ ગામના મુસ્લિમ શખ્સે લોખંડના પાઇપથી હુમલો કરી પગમાં ઇજા પહોંચાડી તેમજ હાથનો અંગુઠો ભાંગી નાખી મારી નાખવાની ધમકી આપતાં ગામમાં દેકારો મચી ગયો હતો. કુવાડવા પોલીસે એફઆઇઆર દાખલ કરી હુમલો કરી ભાગી ગયેલા શખ્સની શોધખોળ હાથ ધરી હતી. પોલીસ સુત્રોમાંથી જાણવા મળેલી માહિતી અનુસાર સણોસરા ગામે રહેતાં રાજકોટ તાલુકા પંચાયતના ચેરમેન પાંત્રીસ વર્ષિય ચેતનભાઇ ચંદ્રેશભાઇ કથીરીયા-પટેલ ૨૬મી જાન્યુઆરીએ સવારે ગામની પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હોઇ તેમાં હાજરી આપવા ગયા હતાં.

ધ્વજવંદન કાર્યક્રમ પુરો થયા બાદ કરીને તેઓ ઘરે જવા સાડા દસથી અગિયાર વચ્ચે રવાના થયા હતાં. આ વખતે તેઓ ગામના જ વતની એવા પોતાના પરિચીત ડાયાભાઇ ધનજીભાઇ ફાંગલીયાના બાઇક પાછળ બેઠા હતાં. બંને ગ્રામ પંચાયતના ગેઇટ પાસે પહોંચ્યા ત્યાં સામેથી સણોસરાનો ઇલ્યાસ રહીમભાઇ શેરસીયા બાઇક લઇને આવ્યો હતો અને પોતાનું બાઇક ઉભુ રાખી લોખંડનો પાઇપ લઇ સામે આવ્યો હતો. અચાનક જ તેણે પાઇપથી હુમલો કરી ચેતનભાઇને આડધેડ મારવાનું ચાલુ કરતાં દેકારો મચી ગયો હતો. ઇલ્યાસે ગાળો પણ ભાંડી હતી અને પાઇપથી જમણા પગમાં મુંઢ ઇજા પહોંચાડી હતી. તેમજ જમણો હાથ આડો રાખતાં અંગુઠામાં પાઇપનો ઘા આવતાં અંગુઠો ભાંગી ગયો હતો. માણસો ભેગા થઇ જતાં તે ભાગી ગયો હતો. ચેતનભાઇને ઇજા થઇ હોઇ કુવાડવા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં સારવાર લીધી હતી. કુવાડવા પોલીસને જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી. પી. રજયા, પીએસઆઇ આઇ. એ. ભટ્ટી સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી કરી હતી. તાલુકા પંચાયતના ચેરમેન ચેતનભાઇ કથીરીયા પર હુમલો થયાની જાણ થતાં ભાજપ આગેવાનો પણ પહોંચ્યા હતાં. ચેતનભાઇએ જણાવ્યું હતું કે મારા પર ઓચીંતો જ હુમલો કરી ઇજા પહોંચાડાઇ હતી. આ વખતે મારા સગા દર્શીતભાઇ કથીરીયા, હાર્દિકભાઇ અજાણી, મહેશભાઇ સંખાવરા, સાગરભાઇ કથીરીયા, સાગરભાઇ અજાણી, બાબુભાઇ ડાભી, બાબુભાઇ ફાંગલીયા સહિતે વચ્ચે પડી મને વધુ મારથી બચાવ્યો હતો. આ બધા ભેગા થઇ જતાં ઇલ્યાસ ભાગી ગયો હતો. ચેતનભાઇએ વધુમાં કહ્યું હતું કે આ હુમલાનું કારણ એવુ છે કે ઇલ્યાસ સાથે અગાઉ મારે માથાકુટ થઇ હતી અને મારા ભાઇના પત્નિએ પોલીસ ફરિયાદ કરી હતી. તેનો ખાર રાખી અવાર-નવાર તે અમારા ઘર પાસે આવી તેના બાઇકનું હોર્ન વગાડી, ટોર્ચ કરી ભાગી જતો હતો. દરમિયાન ૨૬મી જાન્યુઆરીએ તેણે ખાર રાખી હુમલો કરી દીધો હતો. હેડકોન્સ. લક્ષ્મણભાઇ મહાજને ગુનો દાખલ કરાવતાં આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી. આરોપીને પકડી લેવા પોલીસે દોડધામ આદરી હતી.

# બટાઝટીઃ પોલીસ ફરિયાદનો ખાર રાખી વિનાયકનગરમાં ટોળકીના યુવાન પર ધોકા-પાઇપના ઘા

## સ્ટર્લિંગ હોસ્પિટલના કર્મચારી સિધ્ધરાજસિંહ પોતાની ભત્રીજીને મુકવા મોટા ભાઇના ઘરે ગયા ત્યારે ભત્રીજી સાથે પડોશી મહિલાએ ડખ્ખો કરી પોતાના પતિ સહિત સાથે મળી હુમલો કર્યો



રાજકોટઃ શહેરમાં પ્રજાસત્તાક પર્વના દિવસે બટાઝટીની વધુ એક ઘટના બની હતી. જેમાં રૈયાધાર સ્લમ ક્વાર્ટર નં. ૨૩૮માં રહેતાં અને સ્ટર્લિંગ હોસ્પિટલમાં કેન્ટીન વિભાગમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં સિધ્ધરાજસિંહ બહાદુરસિંહ તલાટીયા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનનેનવલનગર મુરલીધર ચોક ખાતે હતાં ત્યારે સોનલબેન, અર્જુન, રોનક આહિર, વિક્રમ રાણા, સાગર રાણા અને રાહુલ બવ સહિતે ટોળકી રચી લોખંડના પાઇ, ધોકાથી ફટકારી લોહીલુહાણ કરી નાખતા હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો સિધ્ધરાજસિંહ હોસ્પિટલમાં પહોંચતા સિવિલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ સહિતે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. સિધ્ધરાજસિંહ તલાટીયાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને નાણાવટી ચોક પાસે સ્ટર્લિંગ હોસ્પિટલમાં કેન્ટીન વિભાગમાં નોકરી કરુ છું. અમે ચાર સગા ભાઇઓ છીએ જેમાં હું સૌથી નાનો છું. મારાથી મોટા ભાઇ વિક્રમસિંહ તલાટીયા વિનાયકનગર-૧૮માં મુરલીધર ચોકમાં રહે છે. ૨૬મી જાન્યુઆરીના બપોરે સાડા ત્રણેક વાગ્યે હું મારી ભત્રીજીને મુકવા મારા બાઇકમાં બેસાડી મારા ભાઇના ઘરે ગયો હતો. બીજી ભત્રીજી અને મારા માતા રંજનબેન બંને રિક્ષા મારફત મારા ભાઇના ઘરે આવ્યા હતાં. મેં વિક્રમસિંહના ઘર બહાર મારુ બાઇક ઉભુ રાખતા જ મારા ભાઇ વિક્રમસિંહના કૌટુંબીક સંબંધી અર્જુનના પત્નિ સોનલબેન આવેલ અને મારી ભત્રીજી દેવીકાને કહેવા લાગેલ કે તે મારા પતિ અર્જુનનું નામ કેમ પોલીસ સ્ટેશનમા લખાવ્યું છે? આથી દેવકિાએ કહેલુ કે-મારા પપ્પા વિક્રમસિંહ સાથે કેમ ઝઘડો કર્યો? આ પછી સોનલબેન મારી ભત્રીજી દેવિકા અને દિવ્યા સાથે બોલાચાલી કરવા માંડ્યા હતાં. હું ત્યાં હાજર હોઉ સોનલબેનને તથા દેવિકા અને દિવ્યાને સમજાવીને અલગ પાડ્યા હતાં. આ પછી સોનલબેને ઘરમાં જઇ ફોન કરી તેના પતિ અર્જુનને બોલાવેલ. અર્જુન સાથે રોનક, વિક્રમ રાણા, સાગર રાણા, રાહુલ બવ પણ આવ્યા હતાં. ત્યારબાદ આ બધાએ મારી સાથે ઝપાઝપી કરી મને માર માર્યો હતો. અર્જુનના હાથમાં લોખંડનો પાઇપ અને રાહુલના હાથમાં લાકડી હતી. હું કંઇ બોલુ એ પહેલા મને અર્જુને માથા પાછળ પાઇપનો ઘા મારી દીધો હતો. તેમજ રાહુલે લાકડીથી મારકુટ કરી હતી. વિક્રમ, સાગર, રોનકે પણ ઝપાઝપી કરી મુંઢ માર માર્યો હતો. મને લોહી નીકળતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. આ પછી બધા ભાગી ગયા હતાં. મારા મોટા ભાઇ વિક્રમસિંહ સાથે અગાઉ પડોશી અર્જુને માથાકુટ કરી હોઇ તે બાબતે ફરિયાદ કરી હોઇ ખાર રાખી અર્જુનની પત્નિ સોનલબેને મારી ભત્રીજી સાથે ઝઘડો કરતાં હું છોડાવવા વચ્ચે પડતાં અર્જુન સહિતે મંડળી રચી હુમલો કર્યો હતો. તેમ વધુમાં સિધ્ધરાજસિંહે જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં હેડકોન્સ. કે. જી. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી ટોળકીની શોધખોળ શરૂ કરી હતી.

સામા કાંઠાના ઓળખીતાએ ભલામણ કરી એ અજાણ્યા પરનો આંધળો વિશ્વાસ પેઢી સંચાલકને ભારે પડી ગયો

# દિલ્હીના ઠગનો રાજકોટની આંગડિયા પેઢીને પોણા કરોડનો ડામ

## સામા કાંઠાના વિજયભાઇ જાગાણીએ ઇશ્વર સોમા આંગડીયાના સંચાલક જૈમીનભાઇને ફોન કરી કહ્યું-મારા પરિચીતનું સંતોષકારક કામ કરી આપજોઃ એ પછી પૃથ્વીરાજ નામના શખ્સે દિલ્હી ૭૨ લાખ મંગાવ્યા, પણ તેનો માણસ રાજકોટ રૂપિયા આપવા આવ્યો જ નહિઃ એ-ડિવીઝન પોલીસે તપાસ આરંભી



રાજકોટઃ લેભાગુ ઠગ કેવા કેવા નુસ્ખાઓનો ઉપયોગ કરીને લોકોને છેતરી લેતાં હોય છે તેની પ્રતીતિ કરાવતી વધુ એક ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. જેમાં રાજકોટની જાણીતી સોની બજારની આંગડીયા પેઢીના સંચાલકને પરિચીતે કરેલી ભલામણ બાદ અજાણ્યા શખ્સ પર આંધળો વિશ્વાસ મુકવાનું ભારે પડી ગયું હતું. આ ગઠીયા અને તેના બે સાગ્રીત મળી ત્રિપુટીએ આંગડીયા પેઢીના સંચાલક પાસેથી દિલ્હી ખાતે ૭૨ લાખ રોકડા મંગાવી લઇ બાદમાં રાજકોટની પેઢી ખાતે આ રકમ ન મોકલી ફોન સ્વીચ ઓફ કરી છેતરપીંડી કરી લીધી હતી. તપાસ થતાં મુંબઇમાં ઓફિસ ધરાવતાં સુત્રધારે આ રીતે અનેકનો ગરીયો ફેરવી નાંખ્યાની વિગતો ખુલી હતી.

સોની બજારમાં ચકચાર જગાવનારી ફ્રોડની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે સોની બજાર દરબારગઢ ચોક ઓનર્મિન્ટ આર્કેડ-૧૦૫, પહેલા માળે રહેતાં મુળ મહેસાણાના બલોલ ગામના વતની અને રાજકોટ સોની બજારમાં ઇશ્વર સોમા આંગડીયા પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતાં સડસઠ વર્ષના મોરારભાઇ ગોરધનદાસ પટેલની ફરિયાદ પરથી પૃથ્વીરાજ કોઠારીયા, વિશાલ અને રમેશ મહેતા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મોરારભાઇ પટેલે જણાવ્યું છેકે હું દસ વર્ષથી ઇશ્વર સોમા આંગડીયા પેઢીમાં નોકરી કરુ છું. ૨૧/૧/૨૫ના સાંજેચ ારેક વાગ્યે હું તથા મારા શેઠ જૈમીનભાઇ અમારી પેઢીએ હાજર હતાં ત્યારે શેઠના જાણીતા વિજયભાઇ જાગાણી કે જે સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે અને તેની સાથે મારા શેઠને ધંધાકીય સંબંધ છે તેનો ફોન આવ્યો હતો. તેણે મારા શેઠ જૈમીનભાઇને કહેલુ કે મારી એક જાણીતી પાર્ટીનો ફોન આવ્યો હતો, તેમને દિલ્હી રૂપિયા ટ્રાન્સફર કરવા છે.

બાદમાં વિજયભાઇએ કહ્યું કે તેમનું કામ તમે કરી આપજો અને કમિશન તથા ખર્ચો ઓછો લેજો, તેમનું કામ સંતોષકારક રીતે કરી આપજો. તેવું વિજયભાઇ જાગાણીએ ફોનમાં મારા શેઠને કહ્યું હતું. ત્યારબાદ વિજયભાઇએ મારા શેઠને પાર્ટીના નંબર વ્હોટ્સએપમાં મોકલ્યા હતાં. એ પછી મારા શેઠે ફોન કરી સામેવાળાનું નામ પુછતાં તેણે હિન્દીમાં વાત કરી પોતે પૃથ્વીરાજ કોઠારી છે તેમ કહ્યું હતું. તેમજ તેણે કહેલુ કે-મારે દિલ્હી ચાંદની ચોક ખાતે રૂા. ૭૨ લાખ મોકલવાના છે. આ શખ્સે દિલ્હીમાં રકમ લેનાર તરીકે વિશાલનું નામ અને ફોન નંબર મોકલી સાથે રૂા. ૧૦ની નોટનો ફોટો મોકલ્યો હતો.

**મુંબઇના ઠગ પૃથ્વીરાજ કોઠારીએ આ રીતે અનેકના ગરીયા ફેરવી નાંખ્યાનું ખુલ્યુંઃ તેના સાગ્રીતો વિશાલ, રમેશ મહેતા સહિતની શોધખોળઃ મોબાઇલ નંબર સતત બંધ**

તેમજ પૃથ્વીરાજે કહ્યું હતું કે તમે આ કામ કરી દેશો પછી મારો માણસ રમેશ મહેતા તમારી ઓફિસે આવી રોકડા રૂપિયા જમા કરાવી જશે, તેમ કહી રમેશ મહેતાના ફોન નંબર પણ પૃથ્વીરાજે આપ્યા હતાં. ત્યારબાદ મારા શેઠ જૈમીનભાઇએ દિલ્હીની વિગત અમારી દિલ્હી ખાતેની ઇશ્વર સોમા આંગડીયા પેઢીમાં લખાવી દીધી હતી. ત્યારબાદ અમારી દિલ્હી ખાતેની ઓફિસથી મારા શેઠને ફોન આવ્યો હતો કે પૃથ્વીરાજ કોઠારીનું રૂા. ૭૨ લાખનું આંગડીયુ વિશાલ નામનો માણસ દિલ્હીની ઓફિસેથી સાજે સાડા પાંચ વાગ્યે લઇ ગયો છે. જેનું સીસીટીવી રેકોર્ડીંગ પણ છે. આ રોકડ રકમનો વ્યવહાર થઇ ગયા બાદ મારા શેઠ જૈમીનભાઇએ પૃથ્વીરાજ કોઠારીને વ્હોટ્સએપ કોલ કરી કહેલુ કે મેં તો તમારા રૂપિયા ૭૨ લાખ દિલ્હી ખાતે તમે કહ્યા મુજબ તમારા માણસ વિશાલને આપી દીધા છે, પણ રાજકોટ મારી ઓફિસે આ રકમ આપવા માટે તમારો માણસ રમેશ મહેતા હજુ આવ્યો નથી.

આ સાંભળી પૃથ્વીરાજે કહ્યું-રમેશ મહેતા નીકળી ગયા છે, તમારી ઓફિસે આવતા જ હશે, તેમ કહી તેણે ફરીથી રમેશ મહેતાના મોબાઇલ નંબર મોકલ્યા હતાં. પરંતુ અમારી પેઢીઓ કોઇ રમેશ મહેતા ન આવતાં પૃથ્વરાજે આપેલા રમેશ મહેતાના નંબર પર મારા શેઠે ફોન કરતાં ફોન રિસીવ કરનારે હું થોડીવારમાં તમારી આંગડીયા પેઢીએ આવુ જ છું તેમ કહી ફોન મુકી દીધો હતો. પરંતુ લાંબો સમય વીતવા છતાં રમેશ મહેત આવ્યો નહોતો. આથી મારા શેઠે ફરીથી પૃથ્વીરાજ કોઠારીને ફોન જોડતાં તેનો ફોન બંધ આવતો હતો. દિલ્હીથી નાણા લઇ જનાર વિશાલનો ફોન પણ સ્વીચ ઓફ થઇ ગયો હતો.

આ પછી મારા શેઠ જૈમીનભાઇએ તેના ઓળખીતા વિજયભાઇને ફોન કરેલો અને રૂબરૂ રણછોડનગરમાં તેની ઓફિસે મળવા ગયા હતાં. બાદમાં વિજયભાઇએ પૃથ્વીરાજ કોઠારી વિશે તપાસ કરતાં તેની ઓફિસ મુંબઇ હોઇ ત્યાં તપાસ કરાવતાં આ શખ્સે અગાઉ પણ આ રીતે ઘણા લોકો સાથે ઠગાઇ કર્યાનું જણાયું હતું. મોરારભાઇએ વધુમાં કહ્યું હતું કે મારા શેઠ જૈમીનભાઇ બહારગામ ગયા હોઇ તેમના વતની હું ફરિયાદ નોંધાવવા પહોંચ્યો હતો. આ રીતે પૃથ્વીરાજ, વિશાલ અને રમેશ મહેતાએ કાવત્રુ રચી મારા શેઠના ઓળખીતા વિજયભાઇ મારફત મારા શેઠનો સંપર્ક કરી વિશવસ આપી ૭૨ લાખ રોકડા અમારી દિલ્હી ખાતેથી મેળવી લઇ રાજકોટ ખાતે જમા ન કરાવી ઠગાઇ કરી હતી. એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શનમાં પીએસઆઇ જી. કે. રાઠવા, અજયભાઇ બસીયાએ એફઆઇઆર દાખલ કરી ફોન નંબરોને આધારે તપાસ શરૂ કરી છે. સોની બજારના અનેક વેપારીઓ સાથે અગાઉ પણ લાખો કરોડોની ઠગાઇ થઇ ચુકી છે. હવે તેમાં આંગડીયા પેઢીના સંચાલક પણ સામેલ થયા છે.

વાહ જમાવટઃ આખુ વર્ષ નોંધપાત્ર ડિટેક્શન અને રમતગમતમાં પોલીસનું નામ રોશન કરનારાઓને મળ્યું બહુમાન

# ૧૪ પોલીસ અધિકારી-કર્મચારીઓને પોલીસ કમિશનરે બીરદાવ્યા

## પ્રજાસત્તાક પર્વની પરેડ બાદ તમામને સન્માન પત્ર-મોમેન્ટો અર્પણ કરી વધુ સારી કામગીરી કરવા પ્રોત્સાહીત કરાયા



રાજકોટઃ શહેર પોલીસમાં નિષ્ઠાપુર્વક અને નોંધપાત્ર ફરજ બજાવવાની સાથે નોંધપાત્ર ડિટેક્શન તેમજ રમત ગમત ક્ષેત્રે પણ પોલીસનું નામ રોશન કરનારા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓના દર વર્ષે પ્રજાસત્તા પર્વના દિવસે પોલીસ હેડક્વાર્ટર ખાતે સન્માન કરવામાં આવે છે. આ વર્ષે પણ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ આવા ૧૪ પોલીસ અધિકારી, કર્મચારીઓની પીઠ થબથબાવી તેમને વધુ સારી કામગીરી કરવા ઉત્સાહીત કર્યા હતાં. જેમનું સન્માન થયું તેમાં એક પીએસઆઇ, એક એએસઆઇ, તેમજ હેડકોન્સ્ટેબ, કોન્સ્ટેબલ સામેલ છે.

વિગતો પર નજર કરીએ તો પોલીસ હેડક્વાર્ટર ખાતે પ્રજાસત્તાક દિનની પરેડ બાદ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા ખાસ પ્રમાણપત્ર, મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું. જેમનું સન્માન થયું તેમાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, હેડક્વાર્ટરના એએસઆઇ દિલાવરસિંહ ગનતાનસિંહ (લાઇન જમાદાર), ક્રાઇમ બ્રાંચના એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, હેડકોન્સ. સંજયભાઇ રૂપાપરા, સુભાષભાઇ ઘોઘારી, કોન્સ. પ્રદિપસિંહ જાડેજા તથા આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ. મહેશભાઇ કોઠીવાળ, ભક્તિનગરના હેડકોન્સ. પ્રભાતભાઇ લક્ષમણભાઇ, ગાંધીગ્રામના હેડકોનસ. રવિભાઇ તુલસીદાસ સામેલ છે. આ ઉપરાંત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના કોન્સ. શિલ્પાબેન વાલજીભાઇ, તાલુકા પોલીસ સ્ટેશનના કોન્સ. મહાવીરસિંહ ધીરૂભાઇ, માલવીયાનગરના હેડકોન્સ. જયદેવસિંહ રણજીતસિંહ પરમાર, એલસીબી ઝોન-રના રાહુલભાઇ ગોહેલ, ટ્રાફિક શાખાના કોન્સ. જીતેશભાઇ માધાભાઇનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત તમામે કેવી કેવી કામગીરી કરી? તેના પર નજર કરીએ તો પીએસઆઇ મહેશ્વરીએ વર્ષ ૨૦૨૪માં સર્વેલન્સ સ્ક્વોડમાં ચોરીના ગુનામાં ૧૮.૫ લાખનો મુદ્દામાલ રીકવર કરી ૭ આરોપીઓને ટુંકા સમયમાં પકડી લીધા હતાં. ડીસીબીના જલદિપસિંહે ઘરફોડ ચોરીના ૬ અનડિટેક્ટ ગુના, ૧૯ વાહન ચોરી, ૩ સાદી ચોરીના ગુના, દારૂના બે ગુના શોધી કાઢ્યા હતાં. નાસતા ફરતાં ૮ આરોપીઓને પકડ્યા હતાં. સંજયભાઇએ મર્ડર, લૂંટ, ચોરીના ગુનામાં ફરાર આઠ આરોપીને શોધી કાઢવા ટેકનીકલ એનાલીસીસથી વિશીષ્ટ કામગીરી કરી હતી. સુભાષભાઇએ ઘરફોડ ચોરીના-૧૧, મર્ડર લૂંટના ગુનામાં ફરાર ૧૭ આરોપીઓને પકડી લેવાની કામગીરી તથા પ્રદિપસિંહે ચોરીના ૨૨, લૂંટના ૩, સાદી ચોરીના ૧૩, મર્ડરના ૪ અનડીટેક્ટ ગુના તથા દારૂના ૧૦ અને જુગારના ૯ ગુનાઓ શોધી કાઢ્યા હતાં. તેમજ નાસતા ફરતાં ૯ આરોપીઓને પકડ્યા હતાં.

આ ઉપરાંત કોન્સ. મહેશભાઇએ આજીડેમમાં દાખલ ચોરી, વાહનચોરીના ૧૩ આરોપીઓને પકડ્યા હતાં. પ્રભાતભાઇએ મોબાઇલ ચોરીના ૧૯૬ ગુના ઉકેલી ૨૧ લાખના મોબાઇલ અરજદારોને પરત અપાવ્યા હતાં, એટીએમ ફ્રોડના આરોપીને શોધી કાઢ્યો હતો. રવિભાઇએ ડીજીપી કપ સ્પર્ધામાં સતત બે વર્ષ હોકી ટીમમાં કેપ્ટનશીપ કરી ટીમને ચેમ્પીયન બનાવી હતી. શિલ્પાબેને પાવર લિફ્ટીંગમાં ડીજીપી કપમા ગોલ્ડ મેડલ, બાસ્કેટ બોલમમાં સારી રમત દાખવી હતી. મહાવીરસિંહે તાલુકા પોલીસના ચોરી-લૂંટના ગુના ઉકેલી લાખોનો માલ રીકવર કર્યો હતો.

જ્યારે માલવીયાનગરના હેડકોનસ. જયદેવસિંહ પરમારે રિક્ષામાં મુસાફરોને બેસાડી ચોરીઓ કરતી ગેંગને પકડી હતી, બાઇક, મોબાઇલ ચોરીના ગુનાઓ ઉકેલી ૫.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રાહુલભાઇએ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ચોરી, લૂંટના ગુનાઓમાં રૂા. ૩૬.૬૮ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો હતો. દિલાવરસિંહે પોલીસ હેડકવાર્ટરમાં રોડ રસ્તા સાફ સફાઇની નોંધપાત્ર કામગીરી કરાવી હતી. જીતેશભાઇએ વાહન અકસ્માતમાં મૃત્યુ પામનાર ૨૬ હતભાગીઓના સ્વજનોને મળવા પાત્ર રૂા. ૪૧,૫૦,૦૦ની રકમ તેમના બેંક ખાતાઓમાં જમા કરાવડાવી નોંધપાત્ર કામગીરી કરી હતી. આ તમામને પોલીસ બેડા તરફથી શુભેચ્છાઓ મળી રહી છે.

# રૈયા રોડ શિવપરાના મટનનો ધંધાર્થી ઇરફાન ઉર્ફે રોમિયો એમડી ડ્રગ્સ સાથે પકડાયો

## કુવાડવા વાંકાનેર ચોકડીએથી એસઓજી પોલીસ ઇન્સ.સંજયસિંહ જાડેજા અને ટીમે પકડ્યોઃ કાર પણ કબ્જેઃ પીવા માટે રાખ્યાંનું, પડતર હોવાનું રટણ

રાજકોટ, તા.૨૭

શહેરમાં દારૂની જેમ ડ્રગ્સનું દુષણ ઘર કરી ગયું છે. અનેક બંધાણીઓ વધ્યા છે તો પેડલરો પણ વધ્યા છે. સમયાંતરે પોલીસ ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ કરતી રહે છે. વધુ એક વખત શહેર એસઓજીની ટીમે માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સ સાથે રૈયા રોડ વિસ્તારના મટનના ધંધાર્થીને પકડી લીધો છે.

વિગતો પર નજર કરીએ તો શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ન ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકે તે માટે ''સે નો ટુ ડ્રગ્સ'' મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના મળી હોઇ શહેર એસઓજી ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા તથા દિગ્વિજયસિંહ ગોહિલની સંયુકત બાતમી આધારે રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર કુવાડવા વાંકાનેર ચોકડી પાસે અમદાવાદથી રાજકોટ તરફના રોડ ઉપર અજમેરી ટાયર સર્વિસ નામની દુકાન સામેથી માદક પદાર્થ મેફેડ્રોન સાથે ઇરફાન ઉર્ફે રોમીયો હનીફભાઇ ચાનીયા (ધંધો- નોનવેજની દુકાન રહેવાસી- રૈયા રોડ શીવપરા શેરી



નં-૫ દરજીની વાડીની સામે મંજુરે ઇલાહી રાજકોટ)ને પકડી લીધો છે. આ શખ્સની ઉંમર બત્રીસ વર્ષ છે અને શાપરમાં તેને મટનની દુકાન છે. આ શખ્સ પાસેથી ૯૮૮૦૦નો ૯.૮૯ ગ્રામ એમડી પદાર્થ મળી આવતાં કબ્જે કરી ધરપકડ કરી છે.

આ ઉપરાંત ટચ સ્ક્રીન વાળો મોબાઇલ ફોન ૫ હજારનો અને ગ્રે કલરની સ્વીફ્ટ કાર નંબર જી.જે.૦૩.એન.પી.૩૫૩૬ પણ કબ્જે કરી વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીની વધુ તપાસ કુવાડવા પોલીસ કરશે. ઇરફાને પ્રાથમિક પુછતાછમાં પોતે ડ્રગ્સનો બંધાણી હોઇ પીવા માટે રાખ્યાંનું અને જૂનો પડતર માલ હોવાનું રટણ કર્યું હતું.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ ડો. શ્રી પાર્થરાજસિંહ ગોહિલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાની સૂચના અનુસાર પીઆઇ સંજયસિંહ એમ.જાડેજા, એ.એસ.આઇ. ધર્મેશભાઇ ખેર તથા વિરેન્દ્રસિંહ ઝાલા તથા હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા, મૌલિકભાઇ સાવલીયા, દિગ્વિજયસિંહ ગોહીલ, ફિરોઝભાઇ રાઠોડ, અરૂણભાઇ બાંભણીયા તથા કોન્સ. હાર્દીકસિંહ પરમાર, હરદેવસિંહ વાળા, મહિલા કોન્સ. મોનાબેન બુસા તથા ડ્રા. હેડકોન્સ ધર્મેન્દ્રસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. પદાર્થનું પ્રાથમીક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી શ્રી. કે. એમ. તાવીયાએ કર્યું હતું. વિશેષ પુછતાછ માટે રિમાન્ડ મેળવવામાં આવશે.

# ગોડાઉન સંચાલકના મહિલા મિત્રનો સોનાનો હાર ઓશીકા નીચેથી ચોરાઇ ગયો

## કર્મચારી તરીકે કામ કરતો ભાયાવદરનો શખ્સ હાર ચોરી ગયાનું ખુલતાં ફરિયાદ નોંધાવાઇ મોટા મવાના ડેકોરેશનના ગોડાઉનમાં બનાવઃ યુનિવર્સિટી પોલીસે આદરી તપાસ

રાજકોટઃ ચોરીના અમુક બનાવોમાં જ જાણભેદુ જ હાથફેરો કરી જતાં હોય છે. આવા વધુ એક બનાવમાં મોટા મવા ખાતે ડેકોરેશન કામનું ગોડાઉન ધરાવતાં મિત્ર સાથે રહેતી યુવતિનો એક લાખનો સોનાનો હાર તેણી ગોડાઉનના રૂમમાં સુતી હતી ત્યારે ઓશીકા નીચે મુક્યો હોઇ તે હાર ગોડાઉનમાં કામ કરતો ભાયાવદર રહેતો એક કર્મચારી ચોરી જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો ચોરીની આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે મોટા મવા મટુકી રેસ્ટોરન્ટ પાછળ ક્રિષ્ના વાયરીંગવાળી શેરીમાં બાલાજી ડેકોરેશન ગોડાઉન ખાતે રહેતાં ચોવીસ વર્ષના ચાંદનીબેન વિનોદભાઇ રાઠોડની ફરિયાદ પરથી મુળ ઉપલેટાના ભાયાવદરના રાજ પરમાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ચાંદનીબેને જણાવ્યું છે કે હું મારા મિત્ર દર્પણ રાજેન્દ્રભાઇ કથરેચા સાથે રહુ છું. મિત્ર દર્પણ બાલાજી ડેકોરેશન નામે કામ કરી ગુજરાન ચલાવે છે. તેની સાથે ત્રણ છોકરા પગારથી કામ કરે છે અને ગોડાઉન ખાતે જ રહે છે.

તેણીએ આગળ કહ્યું હતું કે હું દર્પણ સાથે રહું છું તેની મારા માતા-પિતાને ખબર છે. અમે ગોડાઉન ખાતે સાથે જ રહીએ છીએ. ગત તા.૩/૧૨/૨૪ના રાતે રાજકોટ કંકોત્રી પાર્ટી પ્લોટ ખાતે ડેકોરેશનનું કામ દર્પણે રાખ્યું હોઇ તેની સાથે કામ કરતાં છોકરાઓ રાજ પરમાર, રોનક વઘેરા અને અશ્વિન વઘેરા પણ કંકોત્રી પાર્ટી પ્લોટ ખાતે ડેકોરેશન કરવા ગયા હતા. દર્પણ રાતે દસેક વાગ્યે ઘરે આવ્યો ત્યારે ત્રણેય છોકરા પાર્ટી પ્લોટ ખાતે રોકાયા હતાં. હું અને દર્પણ સુઇ ગયા તે વખતે મેં પહેરેલો સોનાનો હાર ઓશીકા નીચે મુકી દીધો હતો. તા. ૪/૧૨ના રોજ અઢી વાગ્યે રાજ, રોનક અને અશ્વિન એમ ત્રણેય ગોડાઉન ખાતે આવ્યા હતાં.

દર્પણે બીજુ ડેકોરેશનનું કામ ગોલ્ડન પાર્ટી પ્લોટ ખાતે રાખ્યું હોઇ અમે સવારે પાંચ વાગ્યે જાગી ગયા હતાં. દર્પણ કામે જવા નીકળી ગયેલ. એ પછી મેં ઓશીકા નીચે જોતાં મારો સોનાનો હાર જોવા મળ્યો નહોતો. મેં શોધખોળ કરવા છતાં ન મળતાં દર્પણને જાણ કરી હતી. એ પછી અમારી સાથે કામ કરતો રાજ પરમાર સવારે દસેક વાગ્યે અમને કીધા વગર કામ મુકી જતો રહ્યો હતો. તેને ફોન જોડતાં તે રિસીવ કરતો ન હોઇ હાર તે લઇ ગયાની શંકા ઉપજી હતી. એ પછી બીજા છોકરા અશ્વિન અને રોનકને તેણે કહેલુ કે રાજ પરમાર રાતે તમારા ઓશીકા પાસેથી કંઇક વસ્તુ લઇને પોતાના ખિસ્સામાં રાખતો હતો. આથી અમને ખબર પડી હતી કે રાજ સોનાનો હાર લઇ ગયો છે.

ત્યારબાદ અમે તેને સમજાવીને હાર પરત મેળવી લઇશું એમ વિચારી ફરિયાદ કરી નહોતી.

પણ હવે તે ફોન ઉપાડતો બંધ થઇ જતાં ફરિયાદ કરવી પડી હતી. હારની કિંમત એક લાખ થાય છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળં હેડકોન્સ. કે. એસ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

# રાજકોટનો ભારત-ઈંગ્લેન્ડ ટી-૨૦ મેચ બનશે હાઈ વોલ્ટેજ



## ભારત શ્રેણી જીતવા ઉતરશે મેદાને જ્યારે ઈંગ્લેન્ડ પોતાની ઈજ્જત બચાવવા કરશે મથામણ



રાજકોટ, તા. ૨૭

થ્રી લાયન્સ માટે ઈંગ્લેન્ડના ભારત પ્રવાસની શરૂઆત ઓછામાં ઓછી સુખદ રીતે થઈ છે. પાંચ મેચોની ઝ૨૦ શ્રેણીમાં બે મેચો પછી, તેઓ મેન ઇન બ્લુ સામે ૦-૨થી પાછળ છે અને હવે શ્રેણીની બાકીની મેચો માટે કરો યા મરોની સ્થિતિમાં છે. જો કે, તમામ આંચકો હોવા છતાં, ઈંગ્લિશ ટીમે બીજી ઝ૨૦ઈ માંથી તેમની પ્લેઈંગ ડઈ પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે કારણ કે તેઓએ મંગળવારે રાજકોટમાં ત્રીજી ઝ૨૦ઈ માટે અપરિવર્તિત ડઈની જાહેરાત કરી હતી. ઈંગ્લેન્ડે રમતના એક દિવસ પહેલા તેમની ટીમની જાહેરાત કરવાનું વલણ ચાલુ રાખ્યું, કારણ કે તેણે અનુક્રમે કોલકાતા અને ચેન્નાઈમાં પ્રથમ બે ઝ૨૦ઈ માટે કર્યું હતું. પ્રથમ મેચની આપત્તિ પછી, ઈંગ્લેન્ડે બે ફેરફારો કર્યા, કારણ કે ગુસ એટકિન્સન અને જેકબ બેથેલ માટે બ્રાઈડન કાર્સ અને જેમી સ્મિથ આવ્યા. અચાનક, તેઓ ચેન્નાઈમાં બીજી ઝ૨૦ દરમિયાન વધુ સારી ટીમની જેમ દેખાવા લાગ્યા. પ્રથમ બેટિંગ કરતા, કેટલીક પ્રારંભિક વિકેટો ગુમાવવા છતાં, તેઓ બોર્ડ પર ૧૬૫ રનનો પડકારજનક સ્કોર બનાવવામાં સફળ રહ્યા અને પીછો દરમિયાન ભારતને તેમની મર્યાદાઓનું પરીક્ષણ કરવાની ફરજ પડી. એક સમયે એવું લાગતું હતું કે ઈંગ્લેન્ડ આ મેચ જીતવા માટે સૌથી મોટી દાવેદાર છે, કારણ કે તેણે ૧૪૬ રનમાં ભારતની આઠ વિકેટ હટાવી દીધી હતી. પરંતુ, ડાબોડી બેટ્સમેન તિલક વર્માએ અણનમ ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી અને ભારતને બે વિકેટ અને ચાર બોલ બાકી રાખીને જીત અપાવી. હવે, ટીમે રાજકોટમાં યોજાનારી ત્રીજી ટી-૨૦ માટે એ જ પ્લેઈંગ ઈલેવન પસંદ કરવાનું નક્કી કર્યું છે, જેથી આખરે જીત મેળવી શકાય અને શ્રેણી જીવંત રાખી શકાય.

ભારતના સ્પિનરો અને ઈંગ્લેન્ડના ઝડપી બોલરોએ મોટાભાગે ઝ૨૦૧ શ્રેણી માટે ટોન સેટ કર્યો છે, પરંતુ જ્યારે બંને ટીમો રાજકોટમાં ત્રીજી ઝ૨૦૧ મેચ રમશે ત્યારે તે ગતિશીલતા બદલાઈ શકે છે. આ મહિનાની શરૂઆતમાં ભારતની મહિલાઓએ આયર્લેન્ડ સામે ૫ વિકેટે ૩૭૦ રન બનાવ્યા હતા અને ૫ વિકેટે ૪૩૫ રન બનાવ્યા હતા, જે ઘઉઈમાં ભારતનો સર્વોચ્ચ સ્કોર હતો. બંને તરફથી આક્રમક સ્ટ્રોક-મેકર્સ, આક્રમણ કરવાની સ્વતંત્રતા અને બેટિંગ-ફ્રેન્ડલી પિચને જોતાં, નિરંજન શાહ સ્ટેડિયમમાં થોડા વધુ વિક્રમો બની શકે છે, જેમ કે તાજેતરમાં બન્યું હતું. અને તે પછી ઈંગ્લેન્ડ માટે શ્રેણીનો દાવ છે, જે ૦-૨થી પાછળ છે.

શ્રેણીમાં ભારતની અત્યાર સુધીની બે અડધી સદી અલગ-અલગ શૈલીની રહી છે. અભિષેક શર્માનો આક્રમક, નો-હોલ્ડ-બેરર્ડ અભિગમ અને તિલક વર્માના સીમલેસ ગિયર-શિફ્ટિંગે ભારતને સફળ રન-ચેઝમાં આગળ ધપાવ્યું છે. પરંતુ અન્ય ખેલાડીઓએ હજુ સુધી વધુ અસર કરી નથી, ખાસ કરીને સૂર્યકુમાર યાદવ અને સંજુ સેમસન જેવા ખેલાડીઓ કે જેઓ મિડલ ઓર્ડરમાં પોતાને સાબિત કરવા માટે મક્કમ હશે. એ જ રીતે ઈંગ્લેન્ડ પણ તેના ટોપ ઓર્ડરના બેટ્સમેનો આગળ આવે અને સારું પ્રદર્શન કરે તેવી અપેક્ષા રાખશે. જોસ બટલર સિવાય ટોપ ઓર્ડર પર બહુ ઓછા રન થયા છે. છેલ્લી મેચમાં નીચલા ક્રમમાં જેમી સ્મિથ અને બ્રાયડન કાર્સના મહત્વપૂર્ણ યોગદાન વિના, મેચ એટલી સ્પર્ધાત્મક ન બની શકી હોત.

### બંને ટીમોએ કરી આકરી નેટ પ્રેક્ટિસ : આજના મેચમાં મોહમ્મદ શમી રમે તેવા ઉજળા સંજોગો



## ભારતીય ટીમનું બેટિંગ વધુ વિકસિત બને તે મારું લક્ષ્ય : સિતાંશુ કોટક

ભારતીય ક્રિકેટ ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભારતીય ટીમના દરેક ખેલાડીઓનું બેટિંગ ખૂબ જ સારું છે ત્યારે તેઓને જે જવાબદારી સોંપવામાં આવી છે તે મુજબ તેઓ ખેલાડીઓનું બેટિંગ વધુ વિકસિત બનાવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેઓએ મોહમ્મદ સમી વિશે પણ જણાવ્યું હતું કે હાલ તે સંપૂર્ણપણે ફીટ છે પરંતુ તે આજનો મેચ રમશે કે કેમ તે અંગેનો નિર્ણય કોચ અને કેપ્ટન દ્વારા લેવામાં આવશે. વધુમાં તેઓ ઉમેર્યું કે, દરેક ખેલાડીની અલગ-અલગ યોજનાઓ હોય છે અને તે બધા પાસે અલગ-અલગ ક્ષેત્રો અને રમવાની અલગ-અલગ રીતો હોય છે. તેથી, મારે માત્ર એ જોવાનું છે કે તેઓ (તેમની રમતમાં) આરામદાયક છે કે નહીં અને પછી હું તેમને કેવી રીતે મદદ કરી શકું કે જ્યાં તેનાથી તેમને ફાયદો થાય છે



## ટી ટ્વેન્ટી ફોર્મેટ અનિશ્ચિત , એક ઓવર આખી ગેમ બદલી શકે છે : માર્ક વુડ



ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર માર્ક વુડે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે ટી ટ્વેન્ટી ફોરમેટ અનિશ્ચિત છે ત્યારે એક ઓવરમાં આખી ગેમ બદલાય જતી હોય છે હા એ વાત સાચી છે કે ભારતીય ટીમ અત્યારે ખૂબ સારા ફોર્મમાં છે અને તેના દરેક બેટ્સમેનો જે રીતે બેટિંગ કરે છે તેનાથી ટીમનું મનોબળ ખરા અર્થમાં ઊંચું આવ્યું છે કારણ કે આ ભારતની જે ટીમ છે તે યુવાઓથી ભરેલી છે ત્યારે રાજકોટની વિકેટ બેટિંગ પેરેડાઇઝ તરીકે માનવામાં આવે છે જેથી ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલરો માટે પણ મહેનત કરવી એટલી જ જરૂરી છે હા પરંતુ આજના મેચમાં ઈંગ્લેન્ડની ટીમ એક અલગ જ રણનીતિ સાથે ઉતરશે. અહીં બેસીને 'મને લાગે છે કે તે છે' એવું કહેવું સારું નથી. અમારી પાસે રમવા માટે ત્રણ ગેમ છે અને જીતવાની ત્રણ તક છે. પહેલી ગેમમાં ઘણો તફાવત હતો, પરંતુ છેલ્લી રમતમાં તે ખૂબ જ ટૂંકી અને મનોરંજક હતી, જો આપણે ફરીથી ગેપને બંધ કરી શકીએ, તો આશા છે કે અમે આ રમત જીતી શકીશું



તું ભાવનગર રોડ પર સ્ત્રી સાથે વાત કરતો'તો અમે જોયો છે, હવે થોરાળા પોલીસ સ્ટેશને લઇ જવો પડશે, કેસ થશે કહી નાણા પડાવ્યા

# અમુલ સર્કલ પાસે નકલી પોલીસે યુવાનનો કર્યો 'તોડ'

**લાખણકાનો ભાવેશ રાજકોટ ભાભીને દાખલ કર્યા હોઇ ખબર કાઢવા આવ્યા બાદ અમુલ સર્કલ તરફથી ભાઇના ઘરે જતો હતો ત્યારે નંબર વગરના વાહન પર આવેલા બે શખ્સે પોલીસના નામે રોફ જમાવી પચ્ચીસ હજાર પડાવ્યાઃ યુવાને દવાખાનાના કામે આવ્યો છે તેમ કહેતાં દયા ખાઇને બે હજાર પાછા દઇ દીધા!**

## થોરાળા પોલીસે વર્ણનને આધારે બે શકમંદને ઉઠાવી લઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર નકલી પોલીસ રોફ જમાવી લોકોને ડરાવી ધમકાવી તોડ કરી જતી હોય છે. તાજેતરમાં બસ સ્ટેશન પાછળની હોટેલમાંથી યુવતિ સાથેનીકળેલા યુવાનનો પીછો કરી તેને બ્લેકમેઇલ કરી કેસ કરવાની ધમકી દઇ તોડ કરનાર નકલી પોલીસ ઝડપાઇ ગયો હતો. ત્યાં વધુ એક વખત બે નકલી પોલીસે ભાવનગર રોડ અમુલ સર્કલ પાસે ચોટીલાના લાખણકાના યુવાનને આંતરી તું અહિ શું રખડે છે? તું ભાવનગર રોડના મકાને સ્ત્રી સાથે વાત કરતો હતો એટલે તને પકડ્યો છે, હવે કેસ થશે તેમ કહી ડરાવી તેની પાસેથી પચ્ચીસ હજાર પડાવી લઇ તેમાંથી બે હજાર પાછા આપી દીધા હતાં. થોરાળા પોલીસ સુધી વાત પહોંચતા બંને લેભાગુ નકલી પોલીસ બનેલા શખ્સને શોધી કાઢી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ચોટીલાના લાખણકાના યુવાનને તે રાજકોટ તેના ભાભીને ડિલીવરી આવી હોઇ રૈયા રોડની હોસ્પિટલમાં દાખલ કર્યા હોઇ હોસ્પિટલે રોકાયા બાદ ગ્રીનલેન્ડ ચોકડીએ આવેલા ભાઇના ઘરે એક્ટીવા પર જતો હતો ત્યારે ભાવનગર રોડ અમુલ સર્કલ નજીક તેને નંબર વગરના ટુવ્હીલર પર આવેલા બે શખ્સે આંતરી અહિ શું રખડે છે, તું ભાવનગર રોડ પર એક મકાને સ્ત્રી સાથે વાત કરતો હતો એટલે અમે તને પકડ્યો છે, હવે કેસ થશે, પોલીસ સ્ટેશને આવવું પડશે તેમ કહી ડરાવી પૈસા માંગી ડેકીમાંથી ૨૫ હજાર કાઢી લીધા હતાં. યુવાને પોતે દવાખાનાના કામે આવ્યો છે તેમ કહેતાં નકલી પોલીસે દયા દાખવતા હોય તેમ પચ્ચીસમાંથી બે હજાર પાછા પણ આપી દીધા હતાં!

ઘટનાની જાણ થતાં થોરાળા પોલીસે ચોટીલાના લાખણકા ગામે સિમેન્ટ ફેક્ટરી પાસે રહેતાં અને ખેતી કામ કરી ગુજરાન ચલાવતાં ત્રીસ વર્ષના ભાવેશભાઇ વિઠ્ઠલભાઇ ખોરાણી નામના યુવાનની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી બંને શકમંદને સકંજામાં લઇ તપાસ હાથ ધરી છે. ભાવેશભાઇએ જણાવ્યું હતું કે મે બીકોમ સુધી અભ્યાસ કર્યો છે. હું પરિવાર સાથે રહુ છું અને મારા મોટ ાભાઇ કેતનભાઇ રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીએ ભાડાના મકાનમાં રહે છે. મારા ભાભી ધરણીબેનને ડિલીવરી આવી હોઇ તેમને રૈયા રોડની પાયલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

ભાવેશભાઇએ આગળ જણાવ્યું હતું કે ૨૫/૧ના બપોરે બે વાગ્યે હું અને મારા કાકા વાલજીભાઇ તથા કાકી જસુબેન અને મારા બહેન અર્ચનાબેન ગામડેથી રાજકોટ હોસ્પિટલે આવ્યા હતાં. અહિ સાંજ સુધી રોકાયા હતાં. બાદમાં મારે ભાઇ કેતનના ઘરે આરામ કરવા જવું હોઇ સાંજે સાતેક વાગ્યે હોસ્પિટલેથી નીકળ્યો હતો. મેં ખર્ચ માટે જરૂર પડે એ માટે રૂા. ૨૫ હજાર એક્ટીવાની ડેકીમાં રાખ્યા હતાં. ફરતો ફરતો હું ચુનારાવાડ ચોકમાં પહોંચતા ત્યાંથી ભાવનગર રોડ અમુલ સર્કલ તરફથી ૮૦ ફુટ રોડ પર જતાં સાંજે સાડા આઠેક વાગ્યે મારા વાહનની પાછળ ડબલ સવારીમાં નંબર વગરના બ્લુ કલરના એક્સેસ પર બે શખ્સ આવ્યા હતાં અને મને રોકીને 'તું અહિ શું રખડે છે?' તેમ પુછ્યું હતું.

આથી મેં તેને હું હોસ્પિટલેથી મારા ભાઇના ઘરે જાઉ છું તેમ કહેતાં મજબૂત બાંધાવાળા શખ્સે-અમે પોલીસમાં છીએ, તું ચુનારાવાડ ચોકમાં આવેલા એક મકાનની ડેલી પાસે ઉભેલી સ્ત્રી પાસે ગયો હતો, જેથી તારી પાછળ આવીને તને પકડ્યો છે, હવે તારા પર કેસ કરવાનો છે, તારે અમારી સાથે પોલીસ સ્ટેશને આવવું પડશે. તેમ કહેતાં હું ગભરાઇ ગયો હતો અને કહેલુ કે-મારા ભાભી હોસ્પિટલમાં દાખલ છે, મારે ત્યાં જવું પડે તેમ છે. તમારી રીતે જે થતું હોય તે પુરુ કરો. ત્યાર પછી બંનેએ મને કહેલુ કે તારા ગૂગલ પે એકાઉન્ટમાં કેટલા રૂપિયા છે તેમ પુછતાં મેં તેને ૪૫૦૦ જેવા છે તેમ જણાવતાં પાતળા બાંધાવાળા શખ્સે મારા એક્ટીવાની ડેકી ખોલીને જોતાં અંદર ૫૦૦ની નોટોનું ૨૫ હજારનું બંડલ હોઇ તે ઉઠાવી લીધુ હતું અને કહ્યું હતું કે જો કેસ થવા દેવો ન હોય તો આ રૂપિયા અમને આપી દે.

જેથી મેં તેને આ રકમ મારા ભાભીની સારવાર માટે જરૂર પડશે તેમ કહી પાછા આપી દેવાનું કહેતાં બંનેએ મને ઢીકાપાટુનો માર માર્યો હતો અને પોલીસ સ્ટેશને લઇ જવાનું કહેતાં હું ડરી જતાં તેને પૈસા લઇ જવાનું કહેતાં તેણે ડેકીમાંથી રૂપિયા લઇ લીધા હતા. એ પછી મજબૂત બાંધાના શખ્સે તારે દવાખાનાનું કામ છે તો આ બે હજાર પાછા રાખ તેમ કહી બે હજાર આપી ૨૩ હજાર લઇ લીધા હતાં. હું ત્યાથી નીકળી ગયા બાદ સર્વિ રોડ પર જઇને એક અજાણ્યા ભાઇ ઉભા હતાં તેને વાત કરતાં એ ભાઇએ કહેલુ કે પોલીસની ખોટી ઓળખ આપી તારી પાસેથી કદાચ પૈસા લઇ ગયા હશે તું પોલીસને ફોન કર અથવા ચુનારાવાડ ચોકમાં થોરાળા પોલીસ સ્ટેશને જઇને ફરિયાદ કર.

ભાવેશે આગળ જણાવ્યું હતું કે ત્યારબાદ મેં ૧૦૦ નંબરમાં ફોન કરતાં ગાડી આવી હતી અને મને પોલીસ સ્ટેશને લઇ જતાં મેં બંને શખ્સનું વર્ણન પોલીસને જણાવ્યું હતું. પણ મારા ભાભી હોસ્પિટલમાં હોઇ મારે ત્યાં પહોંચવું હોઇ મેં ફરિયાદ નોંધાવવાની ના પાડી હતી. બીજા દિવસે મે ફરીથી પોલીસને જાણ કરતાં ફરિયાદ નોંધાઇ હતી. થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન.આર. ડોબરીયા, પીએસઆઇ સી. વી. ચુડાસમાએ ગુનો નોંધતા ડી. સ્ટાફ ટીમે બે શકમંદ શખ્સને સાણસામાં લઇ પુછપરછ શરૂ કરી છે. વધુ ભેદ ખુલવાની પણ શક્યતા છે.

અકિલાના મોભી કિરીટભાઈ ગણાત્રાને જ્યારે ડખ મોદીજીએ ગુજરાતીમાં પૂછ્યું

# કેમ છો કિરીટભાઈ... કેમ ચાલે છે બધુ બરાબરને ?

## રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજીત 'એટ હોમ' રિસેપ્શનમાં સહભાગી થવાનું 'અકિલા'ને સૌભાગ્ય પ્રાપ્ત થયું



પ્રજાસત્તાક દિન નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન ખાતે ૨૬ જાન્યુઆરીના સાંજે ૪ વાગ્યે યોજાયેલ ''એટ-હોમ'' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મળી પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા આપી રહેલા અકિલાના મોભી અને મેનેજિંગ એડિટર કિરીટભાઈ ગણાત્રા નજરે પડે છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ , ફિલિપિન્સના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરનું પણ અભિવાદન કર્યું હતું.. આ પ્રસંગે દેશભરના વિવિધ ક્ષેત્રોના ૩૫૦ થી ૪૦૦ અગ્રણી મહાનુભાવો ઉપરાંત વિવિધ દેશોના રાજદૂત, લશ્કરની ત્રણે પાંખના વડાઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મિરર, તા.૨૮

ગઈકાલે દેશભરમાં ૭૬મો ગણતંત્ર દિવસ હર્ષોલ્લાસ અને દેશભકિતના રંગે ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે રાષ્ટ્રપતિ ભવનમાં ''એટ હોમ'' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ દેશના વીઆઇપી અતીથીઓનું સ્વાગત કરાયું હતું. યજમાનપદ નિભાવ્યું હતું. ''એટ હોમ'' રિસેપ્શન દક્ષિણ ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાની જીવંત ઉજવણી હતી. આ યાદગાર કાર્યક્રમમાં આ પ્રદેશની સમૃધ્ધ કલા, સંગીત, કાપડ, રાંધણકક્ષાનો અનુભવ કરવા દેશભર માંથી પસંદગીના દરેક ક્ષેત્રના મહાનુભાવોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે ઈન્ડોનેશીયાના રાષ્ટ્રપતિ, પીએમ નરેન્દ્રભાઈ મોદી, કેબીનેટના પ્રધાનો સહિત રાજકીય હસ્તીઓ પણ ખાસ ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં સહભાગી થવાનું ''અકિલા'' ને પણ ખાસ આમંત્રણ પ્રાપ્ત થયું હતુ અને ''અકિલા''ના મોભી અને મેનેજીંગ તંત્રી કિરીટભાઈ ગણાત્રાએ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવન માં યોજાયેલ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમ્યાન વડાપ્રધાન મોદી કે જેઓ કિરીટભાઈ ગણાત્રાના વર્ષો જુના પરમ મિત્ર છે તેમને મળવાનું અને પ્રજાસતાક પર્વની શુભેચ્છા અર્પણ કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું હતું. આ કાર્યક્રમ દરમ્યાન વડાપ્રધાને દેશભરમાંથી આવેલ વિશેષ મહેમાનોનું અભિવાદન કર્યુ હતું. જેમાં ''અકિલા''ના મેનેજીંગ તંત્રી કિરીટભાઈ ગણાત્રાનું પણ અભિવાદન કર્યુ હતું. જે દરમ્યાન વડાપ્રધાને કિરીટભાઈને ગુજરાતી ભાષામાં જ પુછયું હતું કે કેમ છો કિરીટભાઇ ? .કેમ બધુ બરાબર ચાલે છે ને...?

અત્રે એ નોંધનીય છે કે છેલ્લા પાંચ દાયકાઓથી સવારે ચા અને સાંજે ''અકિલા''ના રૂપકડા સુત્ર સાથે આ સાંધ્ય દૈનિક લોક હૃદયના શિખર પર વટથી બીરાજમાન છે. વાંચકોના અભુતપુર્વ પ્રેમને કારણે ''અકિલા'' માત્ર દેશ-પ્રદેશ પુરતુ જ સીમિત નથી રહયું પણ વિદેશોમાં પણ પોતાની લોકપ્રીયતાના ડંકા વગાડી રહયું છે. પોતાના વિશાળ વાંચકોના પ્રેમ થકી સફળતાની ગાડી પર પુરપાટ દોડી રહયું છે. અત્રે એ પણ નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જયારે પહેલી ટર્મનો કાર્યભાર સંભાળ્યો ત્યારે પણ તેમણે પોતાના નિવાસે કિરીટભાઇ ગણાત્રાને આમંત્રિત કરી ''અકિલા''ની શોભા વધારી હતી. એટલું જ નહિ રાજકોટના રેસકોર્ષમાં યોજાયેલી એક વિશાળ સભામાં પણ તેમણે કિરીટભાઇ ગણાત્રાને યાદ કરી તેઓ સાથે આત્મીય સબંધો હોવાનું પ્રતિપાદીત કર્યુ હતું તેમણે અનેક વખત સૌરાષ્ટ્રના રાજકારણ અંગે કિરીટભાઇ ગણાત્રા પાસેથી તટસ્થ અભિપ્રાય પણ પ્રાપ્ત કર્યા હતાં. વડાપ્રધાન મોદીએ જે મિત્રતા નિભાવી છે તે સમગ્ર ''અકિલા'' પરિવાર માટે આદર અને ગૌરવની બાબત ગણી શકાય. ''અકિલા'' પરિવાર પણ વડાપ્રધાનનો આજીવન ઋણી રહેશે તેવું કહેવું ઉચિત છે.

રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ આ ''એટ હોમ'' રિસેપ્શન કાર્યક્રમમાં દક્ષિણ ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાની જીવંત ઉજવણી હતી. પ્રજાસત્તાક દિને આયોજિત આ કાર્યક્રમમાં આ પ્રદેશની સમૃદ્ધ કલા, સંગીત, કાપડ અને રાંધણકળાનો અનુભવ કરવા દેશભરના મહેમાનોને એકસાથે લાવવામાં આવ્યા હતા. રિસેપ્શનને સમાવિષ્ટ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું હતું, જેમાં અલગ-અલગ-વિકલાંગ મહેમાનોની સહાય માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં એક અનોખો સ્વાગત સમારોહ દર્શાવવામાં આવ્યો હતો, જયાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને કેરળ સહિતના પાંચ દક્ષિણ રાજયોમાંથી દરેક યુગલોએ પરંપરાગત પોશાક પહેરીને મહેમાનોનું તેમની માતૃભાષામાં સ્વાગત કર્યું હતું.

આ ઈવેન્ટમાં પ્રદેશના અનન્ય સાંસ્કૃતિક તત્વોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં દક્ષિણના રાજયોના કલાકારો દ્વારા સંગીતમય પ્રદર્શન અને પ્રદેશની અનન્ય ફેબ્રિક પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરતા કાપડના પ્રદર્શનનો સમાવેશ થાય છે. ઉચ્ચ ચા દરમિયાન ઉપસ્થિતોને દક્ષિણ ભારતીય વાનગીઓની વિવિધતા પણ આપવામાં આવી હતી. રિસેપ્શનમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિઆન્તો, જેઓ આ વર્ષની પ્રજાસત્તાક દિવસની પરેડના મુખ્ય અતિથિ હતા, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય પ્રધાનો, ટોચના નાગરિક અને લશ્કરી અધિકારીઓ અને રાજદ્વારીઓ સહિત અનેક અગ્રણી મહાનુભાવોએ હાજરી આપી હતી. .

મહેમાનોને દક્ષિણના રાજયોના કલાકારો દ્વારા સંક્ષિપ્ત પરંતુ જીવંત સંગીતમય પ્રદર્શન માટે સારવાર આપવામાં આવી હતી, જે સાંસ્કૃતિક વાતાવરણમાં ઉમેરો કરે છે. આ પ્રદેશોની અનોખી ફેબ્રિક પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરતા કાપડનું પ્રદર્શન પણ હતું. હાઈ ટી પર પીરસવામાં આવતી વાનગીઓમાં દક્ષિણ ભારતીય રાંધણકળાનું આહલાદક મિશ્રણ હતું, જે મહેમાનોને આ પ્રદેશના વૈવિધ્યસભર રાંધણ વારસાનો સ્વાદ પ્રદાન કરે છે.

### ડ્રોન દીદીઓ ખાસ આમંત્રિત હતા


રિસેપ્શન માટે ડિઝાઇન કરવામાં આવ્યું હતું, જેમાં ''દિવ્યાંગજન'' મહેમાનોને મદદ કરવા, સમગ્ર ઈવેન્ટ દરમિયાન તેમના આરામની ખાતરી કરવા માટેની જોગવાઈઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્ટાર્ટ-અપના સ્થાપકો અને વિવિધ વ્યવસાયોના અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, જે સમાજમાં વિવિધ યોગદાનના મહત્વને પ્રતિબિંબિત કરે છે. રિસેપ્શનની ખાસિયત એ હતી કે 'ડ્રોન ડીડીસ' (કૃષિ ડ્રોન ટેક્નોલોજીમાં પ્રશિક્ષિત ગ્રામીણ મહિલાઓ), મહિલા સિદ્ધિઓ, કુદરતી ખેતીના કૃષિકારો અને 'દિવ્યાંગ' જન(વિવિધ રીતે-વિકલાંગ) સિદ્ધિઓ સહિત વિશેષ આમંત્રિતોની હાજરી હતી. તેમનો સમાવેશ સિદ્ધિના વિવિધ ક્ષેત્રો અને જીવનના તમામ ક્ષેત્રોની વ્યક્તિઓને સશક્તિકરણ કરવાની થીમને પ્રતિબિંબિત કરે છે.

### પરંપરાગત દીવાનું પ્રદર્શન

ઈવેન્ટની મુખ્ય વિશેષતા પરંપરાગત દીવાઓનું પ્રદર્શન હતું, જેમ કે નાચીઆર્કોઈલ કુથુવિલાક્કુ, તમિલનાડુના તંજાવુર જિલ્લાના ઐતિહાસિક શહેર નાચિયાર્કોઈલનો પિત્તળનો દીવો. કમલાર સમુદાય દ્વારા બનાવવામાં આવેલ આ દીવાઓ પ્રદેશની સમૃદ્ધ કારીગર પરંપરાનું પ્રતીક છે. લેમ્પની ડિઝાઈનમાં 'પ્રભાઈ'નો મુગટ પહેરેલ કેન્દ્રિય સ્તંભનો સમાવેશ થાય છે, જે ઘણીવાર હંસ અથવા હંસા જેવો આકાર ધરાવે છે. નીલાવિલાક્કુ, કેરળમાં સામાન્ય રીતે જોવા મળતો સમાન સુશોભન દીવો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ દીવાઓ, સામાન્ય રીતે કેરળના ઘણા ઘરોમાં જોવા મળે છે, તે રાજયની સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથાઓ માટે અભિન્ન છે. સત્કાર સમારંભમાં સમાજમાં વિવિધ વ્યક્તિઓના યોગદાનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં કૃષિ ડ્રોન ટેક્નોલોજીમાં પ્રશિક્ષિત ગ્રામીણ મહિલાઓ, મહિલા સિદ્ધિઓ, પ્રાકૃતિક ખેતીના કૃષિકારો અને વિવિધ રીતે વિકલાંગ સિદ્ધિઓનો સમાવેશ થાય છે. એકંદરે, રાષ્ટ્રપતિ ભવનમાં 'એટ હોમ' રિસેપ્શને માત્ર દક્ષિણ ભારતની જીવંત સંસ્કૃતિની જ ઉજવણી કરી ન હતી, પરંતુ સમગ્ર દેશમાં પ્રતિભાને ઓળખવા અને પ્રશંસા માટે એક મંચ પ્રદાન કરીને વિવિધ ક્ષેત્રોમાં પ્રદેશની સિદ્ધિઓનું પ્રદર્શન પણ કર્યું હતું. પાંચ દક્ષિણ રાજયો (તેલંગણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને કેરળ) ના યુગલો દ્વારા પરંપરાગત પ્રાદેશિક પોશાક પહેરીને મહેમાનોનું તેમની પોતાની ભાષાઓમાં સ્વાગત કરવામાં આવ્યું.

# ચૈન્નઈ એરપોર્ટ પરથી ઝડપાયો નકલી નોટોનો યુવાન સપ્લાયર

દેશભરમાં બનાવટી ચલણી નોટોના કાળા કારોબારમાં કરતો હતો ફાઈનાન્સ, SOGની તપાસ દરમિયાન સિલસિલાબદ્ધ વિગતો આવી બહાર : અગાઉ ચેન્નઈમાં સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને મળેલા વિશેષ ઈનપુટ આધારે પાંચ આરોપી પકડાઈ ગયા હતા



રાજકોટ મિરર, તા.૨૭

ચેન્નાઈમાં કરોડો રૂપિયાની નકલી નોટો છાપીને ગુજરાત સહીત દેશભરમાં નકલી નોટોના ચાલતા કારોબારમાં સંડોવાયેલા અને આવા રેકેટમાં પરદા પાછળ રહીને જરૂરી ફાઈનાન્સ કરવાની ભૂમિકા ભજવતા મુખ્ય સુત્રદ્ધારને સુરતની સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ પોલીસે ચેન્નાઈ ઓપરેશન હાથ ધરીને દબોચી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. મંગેશવરન પોન પાંડિયન નામના ૨૯ વર્ષના યુવાનની ચૈન્નઈ એરપોર્ટેથી ધરપકડ કરી સુરત લાવી પૂછપરછનો ધમધમાટ શરૂ થયાનું એસઓજી પીઆઈ અશોક ચોધરીએ ''રાજકોટ મિરર''સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આરોપીઓની સઘન પુછપરછમાં એક પછી એક પાંચ આરોપી સાથે ફાઈનાન્સ કરતા ૨૯ વર્ષના યુવાનનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ખુલ્યું હતું અને યોગાનુયોગ આઈબી વડા તરીકેના અનુપમસિહ ગેહલોતનાં કાર્યકાળ દરમિયાન કેન્દ્રીય એજન્સીઓ વિગેરે સાથેના સંકલન કારણે પણ આજ પ્રકારની મોડેસ ઓપરેન્ડી બહાર આવી છે. સૌ પ્રથમ હૈદરાબાદના માઈકલ રાઈવનનું નામ સામે આવ્યું હતું. જેમાં એસઓજીએ હૈદરાબાદથી માઈકલ રાઈવનની પરપકડ કરી હતી. આ કેસમાં વધુ તપાસ કરાતા ચેન્નાઈનો સુર્યા સેલ્વારાજ નકલી ચલણી નોટો છાપી સપ્લાય કરતો હતો. આથી એસઓજીએ ચેન્નાઈમાં સુર્યાને ત્યાં દરોડો પાડ્યો હતો. જેમાં ૧૭ લાખની નકલી નોટો મળી આવી હતી. પછી એસઓજીએ સુર્વાની સાથે કોણ સંડોવાયેલુ છે. તેની તપાસ શરૂ કરી હતી

જેમાં મંગેશ્વરનનું નામ સામે આવ્યું હતું. નકલી નોટોમાં મંગેશ્વરનને પોલીસ શોધતી હોવાની ખબર પડી જતા તે ૨ વર્ષથી ઘરે ગયો ન હતો. આરોપી મંગેશ્વરન ચેન્નઈમાં હેલોવીન રેસ્ટોરન્ટ ચલાવતો હતો. જેમાં એસઓજીએ ચેન્નાઈથી મુખ્ય સૂત્રધાર મંગેશ્વરનને ઝડપી પાડ્યો હતો. ટૂંકમાં એસઓજીએ આ ગુનામાં ટોપ ટુ બોટમ સુધીના તમામ આરોપીને પકડી પાડી આખા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

# મેફેડ્રોન ડ્રગ્સનાં જથ્થાનાં ગુન્હામાં નાસતી ફરતી મહીલા ઝડપાઈ



ગોંડલ, તા. ૨૭

મેફેડ્રોન ડ્રગ્સ નાં જથ્થાનાં ગુન્હામાં એકમાસ થી નાશતી ફરતી મહીલાને ગોંડલ બી'ડીવીઝન પોલીસે રાજકોટ કટારીયા ચોકડી થી ઝડપી લઇ રીમાંન્ડ માટે કોર્ટ રજુ કરતા કોર્ટે રીમાંન્ડ નામંજુર કરી જેલ હવાલે કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એસઓજી પોલીસે ગત તા.૨૩/૧૨/૨૪ નાં ગોંડલ ની આશાપુરા ચોકડી પાસેથી જેતપુર નાં ધીરજસીંગ અને સમીર દલ ને રુ.૨૯૩૦૦ ની કીંમત નાં ૨.૯૩ ગ્રામ મેફેડ્રોન નાં જથ્થા સાથે જડપી લઇ બી'ડીવીઝન પોલીસ ને સોંપ્યા હતા.પોલીસ પુછપરછ માં ડ્રગ્સ નો જથ્થો રાજકોટની પુજા નરેન્દ્રભાઈ ભાડજા પટેલે મોકલ્યાંનું જણાવતા પોલીસે પુજાની શોધખોળ શરુ કરી હતી.પુજાએ રાજકોટ ની એનડીપીએસ કોર્ટ માં આગોતરા જામીન અરજી મુકી હતી.જે કોર્ટે ફગાવી દેતા પુજા એક મહીનાથી નાશતી ફરતી હોય પીએસઆઇ જાડેજા,એએસઆઇ પ્રભાતસિહ, મહીલા કોન્સ.અંકીતાબેન સહિત નાએ બાતમીનાં આધારે રાજકોટની કટારીયા ચોકડી પાસેથી ઝડપી લીધી હતી.

# જામવાડી GIDCમાં કારખાનામાંથી ડિજિટલ લોક તોડી .૫.૩૫ લાખ રોકડની ચોરી

**સીસી કેમેરાના ફૂટેજના આધારે તપાસ શરુ કરતી પોલીસ**

ગોંડલ તા.૨૭

ગોંડલનાં જામવાડી જીઆઈડીસીમાં રાત્રીના વાંદરા ટોપી પહેરી આવેલા તસ્કરે કારખાનાંની બારીના સળિયા તોડી અંદર પ્રવેશ્યો હતો. અહીં ઓફિસમાં ડિજિટલ લોક તોડી . ૫.૩૫ લાખની રોકડ ચોરી કરી હતી.જે અંગે કારખાનેદારની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ગોંડલમાં રામનગર સોસાયટી માધવ સ્કૂલ પાસે ગુંદાળા ફાટક નજીક રહેતા જીતુભાઈ પોપટભાઈ જસાણી(ઉ.વ ૪૨) દ્વારા ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને જામવાડી જીઆઈડીસીમાં પ્રાઈમ એગ્રો ફડ પ્રોડકટ નામનું કારખાનું આવેલું છે.

ઓફિસમાં રોકડ ૪,૫૦,૦૦૦ તથા એકાઉન્ટની ઓફિસમાં બાજુમાં આવેલ પ્લાન્ટ મેનેજરની ઓફિસમાં ૮૫ હજાર રોકડા રાખ્યા હતા. ઓફિસમાં કામ કરનાર આશિષભાઈ હિરપરાનો ફોન આવ્યો હતો કે ઓફિસના તાળા તૂટેલા છે અને ચોરી થઈ હોય તેવું જણાય છે જેથી તેઓ તુરતં અહીં પહોંચ્યા હતા.તપાસ કરતા ઉપરોકત રકમ ચોરાઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું.

ડીજીટલ લોક તોડીને થયેલી ચોરી બાબતે ફરિયાદ નોંધાવતા ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફટેજના આધારે તપાસ હાથ ધરી છે.

અમોને સેવા કરવા દો, હવનમાં હાડકા ના નાખો,

# સમાજના જ અમુક ટપોરીઓને સમય આવ્યે જવાબ અપાશે : જયેશ રાદડિયા

જામકંડોરણા ૫૧૧ દીકરીના સમૂહ લગ્નોત્સવ વખતે જ ધારાસભ્ય જયેશ રાદડિયાએ બતાવ્યા આકરા તેવર, રાજકારણ રહેવા દો, ઈચ્છા હોય તે આવી જાય રાજનીતિમાં



જામકંડોરણા ખાતે યોજાયેલા ૫૧૧ દીકરીના સમૂહલગ્નોત્સવ વખતે મુખ્ય આયોજક અને જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ આકરા તેવર બતાવી સેવાના કામોમાં સમાજના જ અમુક ટપોરીઓ આડો પગ કરી, હવનમાં હાડકા સમાન પ્રેરવી કરતા હોવાનું જણાવ્યું હતું.

૨ લાખથી વધુ જનમેદની વચ્ચે જયેશભાઈ રાદડીયાએ તમામ દીકરીનું કન્યાદાન કરીને પોતાનું અહોભાગ્ય વ્યક્ત કર્યું હતું.

જેતપુરના ધારાસભ્ય અને લેઉવા પટેલ સમાજના શ્રેષ્ઠી જયેશ રાદડિયાના યજમાન પદે રજવાડી ઠાઠથી ૯મો શાહી લગ્નોત્સવ યોજાયો હતો. જેમા ૫૧૧ લેઉવા પટેલ દીકરીઓનુ જયેશ રાદડિયાએ કન્યાદાન કર્યુ હતુ. આ લગ્ન સમારોહમાં ૨ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને અનેક રાજકીય અગ્રણીઓએ હાજરી આપી દીકરીઓને આશિર્વચન આપ્યા હતા.

જો કે આ સમારોહ દરમિયાન પણ જયેશ રાદડિયાનો તેમના વિરોધીઓ પર ફરી એકવાર આક્રમક અંદાજ જોવા મળ્યો હતો અને નામ લીધા વિના તેમણે વિરોધીઓને ઝાટકી નાખ્યા હતા તેમણે એવા શબ્દનો પ્રયોગ કર્યો હતો કે, સમાજના વિરોધીઓ પર નિશાન તાકતા કહ્યુ સમાજના ૨ ટકા ટપોરીઓ હવનમાં હાડકાં નાખી રહ્યા છે, રાદડીયા પરિવાર પર સોશિયલ મીડિયામાં બેફામ લખે છે

વધુમાં તેમણે કહ્યુ કેટલાક લોકો રાજનીતિમાં નથી તો પણ સમાજમાં રાજનીતિ કરે છે. રાજનીતિમાં નથી તેવા લોકો રાદડીયાને પાડવાના પ્રયાસમાં લાગ્યા છે. રાદડીયા સમાજનું કામ કરે છે એટલે આ લોકોના પેટમાં તેલ રેડાય છે

જયેશ રાદડિયાએ નામ લીધા વિના કહ્યુ સમાજ મારી પાસે આવે તો તમને વાંધો શું છે ? મારી ઓપન ચેલેન્જ છે, તમે બધું મુકીને એકવાર રાજનીતિમાં આવી જાવ, રાજનીતિનું મેદાન ખૂલ્લું છે, અહીં કોઇના સર્ટિફિકેટ લેવાની જરૂર નથી, વિઠ્ઠલ રાદડિયા અને જયેશ રાદડિયા સમાજને પૂછીને રાજનીતિમાં નથી આવ્યા. ત્રેવડ હોય તો રાજનીતિમાં આવો, સમાજ સ્વીકારીને બેસાડી દેશે, દર વખતે સમાજને વચ્ચે રાખીને કેમ રાજનીતિ કરો છો. આવા ટપોરીઓને સમય આવ્યે બતાવી દેવાનો પણ હુંકાર જયેશ રાદડીયાએ વ્યક્ત કર્યો હતો.

# હિટ એન્ડ રનમાં સત્યાવીસ વર્ષના યુવાનની જિંદગી ખતમ

## મોરબીના રાજપર ગામ પાસે બનાવઃ પરિવારમાં શોક

રાજકોટઃ હિટ એન્ડ રનની ઘટનામાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું. જાણવા મળેલી વિગતો અનુસાર મોરબીના રાજપર ગામ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં એક યુવાનનું મોત થયું છે. રાજપર ગામે રહેતો સત્યાવીસ વર્ષનો મુકેશભાઇ સખીલાલભાઇ સાદા નામનો યુવાન ચાલીને જતો હતો ત્યારે કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસડવામાં આવ્યો હતો. પરંતુ મોત નિપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી.

વાહન અકસ્માતમાં મૃત્યુ પામનાર યુવાન ચાર ભાઈમાં વચેટ હતો અને મજુરી કામ કરતો હતો. તે ચાલીને જતો હતો ત્યારે કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇને ભાગી ગયો હતો. અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલક અંગે પોલીસે તપાસ શરૂ કરી હતી.

# ઈંગ્લેન્ડ-ભારતના T-20 ક્રિકેટ મેચમાં ૫૦૦ પોલીસનો કાફલો તૈનાત

## એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ ૪ ડીવાયએસપી સહિત ૫૦૦ નો પોલીસનો ગોઠવાયો લોખંડી પહેરો : સ્ટેડીયમમાં એક વાર પ્રવેશ કર્યા બાદ પ્રેક્ષક બહાર નિકળશે તો ફરી પ્રવેશી શકશે નહિ

રાજકોટ મિરર, તા.૨૭

આજે ખંઢેરી ક્રિકેટ સ્ટેડીયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનાર ત્રીજા ટી-ટવેન્ટી ક્રિકેટ મેચ પ્રેક્ષકો શાંતિપુર્વક નિહાળી શકે તે માટે રૂરલ એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે.



મેચમાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે રૂરલ એસપી હિમકરસિંહ દ્વારા ૪ સેકટરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ચારેય સેકટરમાં એક-એક ડીવાયએસપીના માર્ગદર્શનમાં ૫૦૦ નો પોલીસ કાફલો ખડેપગે રહેશે. પોલીસ દ્વારા મેચ જોવા આવતા પ્રેક્ષકો માટે માર્ગદર્શક સુચના જાહેર કરાઇ છે જેમાં પ્રેક્ષકો સ્ટેડીયમને અંદર બેગ, ટીફીન, ખાવાની વસ્તુ, પાણીની બોટલ, માચીસ, લાઈટર, લાકડી, હથીયાર જેવી કોઈ પણ વસ્તુ અંદર લઈ જઈ શકશે નહી. સ્ટેડીયમમાં એક વાર પ્રવેશ કર્યા બાદ પ્રેક્ષક બહાર નીકળશે તો તે ફરીથી પ્રવેશી શકશે નહિ. કોઈ પણ પ્રેક્ષક ગાઉન્ડમાં પદાર્થ ફેંકતા પકડાશે તો તેની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે.

તેમજ તાજેતરમાં મોટર વ્હીકલ એકટના કાયદાના સુધારા મુજબ ટુ વ્હીલર વાહન ચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરવાનો કાયદો અમલમાં હોય જે મુજબ ટુ વ્હીલર વાહન ચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરવાનો રહેશે. પરંતુ ક્રિકેટ સ્ટેડીયમમાં હેલ્મેટ અંદર લઈ જવા પર પ્રતિબંધ છે. ગેઈટ બહાર હેલ્મેટ રાખવાની કોઈ વ્યવસ્થા નથી. જેથી મેચ જોવા આવતા ટુ વ્હીલર ચાલકોએ પોતાના હેલ્મેટ પોતાના વાહન સાથે સુરક્ષીત રીતે લોક કરવાના રહેશે.

સ્ટેડીયમની અંદર કોઈ શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો તેને અડવું નહિ અને તાત્કાલીક નજીકના પોલીસ ઓફીસરોને જાણ કરવી. સ્ટેડીયમ બહાર આડેધડ પાર્ક કરેલા વાહનો ટોઈંગ કરી લેવામાં આવશે. વાહનો ફકત નિયત પાર્કીંગ સ્થળે જ પાર્કીગ કરવાના રહેશે. પ્રેક્ષકોએ વાહનો રોડની ડાબી તરફ રાખેલ પાર્કીગ સ્થળે જ પાર્ક કરવાના રહેશે. ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ક્રિકેટ મેચના કારણે ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે તેમાં તા. ૨૮ ના ૪ વાગ્યાથી તા. ૨૯ના રાત્રીના ૧ વાગ્યા સુધી જામનગરથી રાજકોટ તરફ આવતા મોટા વાહનો પડધરી-મોવીયા સર્કલથી ડાઈવર્ઝન આપી ટંકારા થઈ રાજકોટ તરફ આવશે. અથવા પડધરી-નેકનામ-મિતાણા થઈ રાજકોટ તરફ આવશે.

# ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહેભેર ઉજવણી

## સ્કૂલોમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો નાટકો કરાયા રજુ : રાજ્ય સહિત શહેરભરમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉમંગ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી,

રાજકોટ, તા.૨૭

રાજ્ય સહિત શહેરભરમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉમંગ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી, સામાજિક, રાજકીય સંસ્થાઓ, બેંકોમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ સ્થાનિક શાળાઓમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ ગીતો પર દેશભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમો, રાસ ગરબા સહિતની કૃતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓની અનેકવિધ રંગારંગ પ્રસ્તૃતિઓ નાગરિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કોંગ્રેસ કાર્યાલય પ્રજાના પ્રશ્નોને વાંચા આપી તંત્ર સામે લડાઈ લડવા કોંગ્રેસ પ્રમુખ અપીલ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ ૨૬ જાન્યુઆરી, ૭૬ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ૪૧, જાગનાથ પ્લોટ ખાતે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે દબદબાભેર કરવામાં આવી હતી. શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખે આન,બાન,શાન સાથે કોંગ્રેસ કાર્યાલય ખાતે તિરંગો લહેરાવી વીર જવાનોને તેમની બહાદુરીને યાદ કર્યા હતા. શહેર ભાજપ પ્રજાસતાક દિન નિમિતે શહેર ભાજપ 'કમલમ' કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની અધ્યક્ષતામાં અને રાજકોટ વિધાનસભા-૬૯ના ધારાસભ્ય દર્શિતાબેન શાહના વરદ હસ્તે શહેર ભાજપ 'કમલમ' કાર્યાલય ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો ત્યારબાદ શહેર ભાજપ દ્વારા તીરંગાને આન,બાન અને શાનથી સલામી આપી રાષ્ટ્રગાન કરાયુ હતુ.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ડો. ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, નરેન્દ્રસિંહ જાડેજા, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, મનીષ રાડીયા, લીલુબેન જાદવ, ડો.પ્રદિપ ડવ, વિક્રમ પુજારા, સહીતના શહેર અગ્રણીઓ, શહેર સંગઠનના હોદેદારો હાજર રહ્યા હતા. નાગરિક બેંકની તમામ શાખાઓમાં યોજાયું ધ્વજવંદન, ભારત માતાનું પૂજન કરાયું હતું.



# કરમસદનું નામ ભૂંસી નાખવાનો રાજ્ય સરકારનો નિર્ણય અયોગ્ય : શંકરસિંહ વાઘેલા

## કરમસદને મનપામાં સમાવેશ નહિ કરવાના વિરોધમાં જરૂર પડ્યે આંદોલનકારીઓને સમર્થ આપવા બાપુની તૈયારી

રાજકોટ મિરર, તા.૨૭

સરદાર સન્માન સંકલ્પ ગુજરાત સમિતિના નેજા હેઠળ કરમસદ વાસીઓ સરદાર પટેલની કર્મભૂમિને કરમસદને મનપામાં નહીં સમાવવા માટે લડત ચલાવી રહ્યા છે. આ માટે ઉપવાસ આંદોલન સહિત આવેદપત્રો આપીને સરકારને રજૂઆત કરી હતી. પરંતુ તેમની મહેનત પર પાણી ફરી વળ્યું છે. કરમસદનો મનપા સમાવેશ ફાઈનલ થઈ ગયો હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે. બીજીબાજુ સરદાર સન્માન સંકલ્પ ગુજરાત સમિતિના નેજા હેઠળ આંદોલન ચલાવતા આગેવાનોને પ્રજાશક્તિ ડેમોક્રેટીક પાર્ટીના સર્વેસર્વા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને રૂબરૂ મળ્યા હતા.



આ તકે વાઘેલાબાપુએ આંદોલનકારીઓને જણાવ્યું હતું કે, કરમસદનું નામ ભૂંસી નાખવામાં ગુજરાત સરકારે જે નિર્ણય કર્યો છે તેનો પોતે પણ સખત વિરોધ નોંધાવે છે. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે તેઓએ અગાઉ સરકારમાં અનેક વખત રજુઆતો કરી ચૂક્યા છે કે, શહેરોને મોટા કરવાને બદલે ૧૦ લાખથી વધુ સંખ્યાવાળાને પાલિકા-કોર્પોરેશનનો દરજ્જો આપવો જોઈએ. ગુજરાત સરકારના બહેરા કાને આ વિરોધ અથડાય અને પ્રશ્ન આગળ વધે તે પહેલા કરમસદવાસીઓની લાગણી અને માંગણીએ સરકારે સ્વીકારે તે જરૂરી છે. જો આમ નહિ થાય તો પોતાની પાર્ટી પણ આંદોલનમાં જોડાશે અને ઘરના સહિતના કાર્યક્રમોમાં જોડાશે તે નક્કી છે.

શંકરસિંહ વાઘેલાએ આંદોલનકરીઓને રૂબરૂ મળ્યા બદલ પાડ માની એવું પણ જણાવ્યું હતું કે, કરમસદ એ કોઈ શબ્દ નથી, સરદાર પટેલનું નામ જોડાયેલું છે. હવે સરદાર પટેલના વતન એવા કરમસદનું નામ ભૂંસી નાખવા સરકાર પ્રયાસ કરે તો તેઓ પણ આ વાતના વિરોધી બનતા રહેશે.


# ગાંધી નિર્વાણ દિને પૂ. બાપુને શ્રધ્ધાંજલી અપર્ણ કરાશે

રાજકોટ તા.૨૭

પૂ. મહાત્મા ગાંધીજીની ૩૦મી જાન્યુઆરી-૨૦૨૫નાં રોજ ૭૭મી પુણ્યતિથિ નિમિત્તે ગાંધીજીના બાલ્યકાળના નિવાસસ્થાન કબા ગાંધીના ડેલામાં પૂ. મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાંજલી અર્પવા દર વર્ષે આ દિવસે વિદ્વાન વકતાનું પ્રવચન રાખવામાં આવે છે.

આ વખતે ભાવનગર સ્થિત મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો ભૂતપૂર્વ કુલપતિ, સમાજશાસ્ત્રી, કટારલેખક અને સંશોધક ડો. વિધુતભાઈ જોશી ''૨૧મી સદીમાં યુવાપેઢી માટેની ગાંધીશૈલી'' વિષય ઉપર મુખ્ય પ્રવચન પોતાનું વકતવ્ય આપી શબ્દાંજલિ અર્પલ કરશે. સાથે 'કબા ગાંધીનો ડેલો' કે જે ગાંધીપ્રણીત જીવનઘડતર સમો છે. ત્યાં 'ગાંધીવિચાર દર્શન'નો યુવા પેઢી માટે અભ્યાસ વર્ગનો શુભારંભ પણ થનાર છે. સાંજે ૫ થી ૬-૧૫ દરમિયાન આ કાર્યક્રમો યોજાશે.

સાથોસાય મહાત્મા ગાંધીજીને અત્યંત પ્રિય એવા રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અનુસાર રકતપિત્ત મુક્ત દર્દીઓનું સમાજમાં પુનઃ સ્થાપન કરવા માટે તેઓને સ્વરોજગારીનાં સાધનો પુરા પાડી સ્વતંત્ર રીતે પોતાના પગ પર ઊભા કરવાનો છેલ્લા ૨૩ વર્ષથી મહાલક્ષ્મી ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા હરસુખભાઈ સંઘાણી મેમોરીયલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે પણ પાંચ રકતપિત્ત રોગમુકત દર્દીઓના પુનઃવસન માટે સ્વરોજગારીના સાધનોના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાનું ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, રાજકોટના ડો. અલ્પના ત્રિવેદીએ જણાવ્યું હતું.




પ્રાર્થનાસભા અને શબ્દાંજલિ કાર્યક્રમ રાખેલ છે. કબા ગાંધીના ડેલામાં 'ગાંધીવિચાર દર્શન'નો યુવા પેઢી માટે અભ્યાસ વર્ગનો શુભારંભ પણ થનાર છે. આ પ્રસંગે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ કુલપતિશ્રી, સમાજશાસ્ત્રી, કટારલેખક અને સંશોધક ડો. વિધુતભાઈ જોશી ''૨૧મી સદીમાં યુવાપેઢી માટેની ગાંધીશૈલી'' વિષય ઉપર મુખ્ય પ્રવચન આપશે.

મહાત્મા ગાંધીજીને અત્યંત પ્રિય એવા રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અનુસાર રક્તપિત્ત મુકત દર્દીઓનું સમાજમાં પુનઃ સ્થાપન કરવા માટે તેઓને સ્વરોજગારીનાં સાધનો પુરા પાડી સ્વતંત્ર રીતે પોતાના પગ પર ઊભા કરવાનો છેલ્લા ૨૩ વર્ષથી મહાલક્ષ્મી ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટ તથા હરસુખભાઈ સંઘાણી મેમોરીયલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે પણ ૫ (પાંચ) રક્તપિત્ત રોગમુકત દર્દીઓનાં પુનઃવસન માટે સ્વરોજગારીના સાધનોના વિતરણનો કાર્યક્રમ યોજાશે.

# રામનાથપરામાં રાહિલ આણી મંડળીનો આતંક કોણ દુર કરાવશે ?

## મૂંગામોઢે શાંત પ્રજાનો પ્રશ્ન : પોલીસ ચોપડે અનેક વખત ચડી ગયેલી ટોળકીને ઝેર કરવા પોલીસ આક્રમક બનશે ?









શહેરના રામનાથ પરામાં રાહિલ આણી મંડળી દ્વારા હાલતા ચાલતા કરવામાં આવતા બખેડા, તોફાનના આતંકથી શાંત પ્રજા ત્રાસી ગઈ છે. કહેવાય છે કે આ ટોળકીના તત્વો અનેક વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે પણ પોલીસની ઢીલી નીતિએ કારણે આ ટોળકી વખતો વખત ફાવી જઈને આતંક મચાવતી રહેતી હોવાના આક્ષેપો હવે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તપાસવા જેવા હોવાનું કહેવું અનુચિત નથી.

જાણકારો કહે છે કે, આ વિસ્તારમાં ગમે તેના રહેણાક મકાનો પાસે પહોચીને ગાળો બોલી, અસભ્ય વર્તન કરીને બખેડો કરવા ટેવાયેલી રાહિલ આણી મંડળીનો ત્રાસ દિવસે દિવસે અસહ્ય થતો જતો હોવાની બૂમરાણ ઉઠી છે.

બે દિવસ પહેલા જ ઘર પાસે ગાળો બોલવાની નાં પડતા આ ટોળકીના કુખ્યાતોએ રામનાથપરામાં કારડિયા રાજપુત સમાજના ઉપપ્રમુખ ભરતભાઇ ડોડીયા, જયરાજ પ્લોટ શેરી નંબર- ૯,'' ચામુંડા '' મકાન પર પથ્થર મારો કરી અને કારના કાચ તોડી આતંક મચાવ્યો હતો. શહેરના પોલીસ કમિશ્નર આવા તત્વોને ઝડપીને આકરી સજા કરાવશે કે ગંભીર કલમો હેઠળ કાર્યવાહી કરશે ? શું આ ટોળકીના દરેક શખ્શોને દબોચીને વરઘોડો કાઢશે ? તેવો કોંગી અગ્રણી મહેશભાઈ રાજપૂતએ ઉઠાવ્યો છે.

અત્રે એ નોંધનીય છે કે, હાલતા ચાલતા બખેડો કરી આતંક ફેલાવવા ટેવાયેલા રાહિલ આણી મંડળીના જાણકારો કહે છે કે, આ ટોળકી દારુ, ચરસના ખૌફનાક માદક પદાર્થના સેવન, વેંચાણ સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. આ ટોળકીના ગણાવાતા રાહિલ, માયો, ઈરફાન ઉર્ફે જાંબુ અને બીલાલ સહિતના તત્વોએ કહેવાય છે કે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના મોટાબાપુના પુત્ર ગૌતમભાઈના ઘર પાસે પત્થરમારો કરીને આતંક મચાવ્યો હતો.

ટોળકીના ત્રાસથી ભયભીત લત્તાવાસીઓના મૂંગા મોઢે એવા પણ સવાલો ઉઠ્યા છે કે શહેરની કાયદો અને વ્યવસ્થા દિનબદીન કથળતી જાય છે. અહી લુંટ, ચોરી, ચપાટી, દુષ્કર્મ, હત્યાના ગંભીર બનાવો ઉપરાંત ખૂની હુમલાના બનાવો તો સમયાંતરે બનતા જ રહે છે. આટલામાં અધૂરું હોય તેમ રાહિલ આળી મંડળીના કાળાકેરથી હવે રહેવું-જીવવું મુશ્કેલ થઇ ગયું છે.

એક બાજુ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી ગંભીર ગુન્હાના ગુનેગારોનો નિયમિત વરઘોડો કાઢવા પોલીસને સલાહ, આદેશ આપે છે ત્યારે સ્થાનિક પોલીસ આ ટોળકી સામે કેમ લાચાર બની ગઈ છે તે હવે ખુદ ગૃહમંત્રીએ તપાસવું જોઈએ તેવી જાગૃત લોકોમાં પ્રબળ માંગ થઇ રહી છે.

જાણકારોએ છેક ગાંધીનગર સુધી કહેવાતી કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે રાહિલ સુમરાની ટોળકીમાં ભગવતી પરાનો માયરો, હુશેની ચોકનો ઈરફાન ઉર્ફે જાંબુ રામનાથ પરાનો બીલાલ સહિતની ટોળકીને પકડીને પોલીસે કુકડા બનાવવા જોઈએ. અન્યથા આ વિસ્તારની બહેન, દીકરીઓ અને મહિલા વર્ગને પોતપોતાના ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બની જશે. ત્યારે સમય જ બતાવશે કે પોલીસ આ બાબતે શું પગલાં ભરશે ? રાહિલ આણી મંડળીને પકડવામાં સફળ બનશે કે શું ? વિગેરે પ્રશ્નો શાંત પ્રજામાં ચર્ચાના ચકડોળે ચડ્યા છે.